गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૬૨૫૪ वर्गांक

पुस्तकनुं नाम ભજનપદ હારેળ

विषय [illegible]

ભજનપદ દોહન.

ભાગ ૧ લો.

સંગ્રહ કર્તા-શા. શિવજી દેવસિંહ મઠડા.

પ્રકાશક.-શા. મેઘજી હીરજી બુકસેલર્સ.
પાયધુની મુંબાઈ. નં.-૩.

તૃતીયા વૃત્તિ. પ્રત. ૧૦૦૦

સંવત ૧૯૭૨ સને ૧૯૧૬.

મુલ્ય પાંચ આના.

અમદાવાદ-શ્રી સત્યવિજય પ્રિન્ટીગ પ્રેસમાં
શા. શાંકલચંદ હરિલાલે છાપ્યું.-પાંચકુવા.

ગુજરાતી પ્રસિદ્ધ પુરૂષોનાં જીવન

ચરિત્રો.

1. ૧ શ્રીમહાવીર જીવનવિસ્તાર સચિત્ર, ૧-૮-૦
2. ૨ શ્રીકૃષ્ણ ચરિત્ર................૧-૮-૦
3. ૩ શ્રીબુદ્ધ ચરિત્ર................૦-૮-૦
4. ૪ શ્રીમહાવીર ભક્તમણી ભદ્ર સચિત્ર ૧-૦-૦

લખો—

મેઘજી હીરજી બુકસેલર્સ

પાયધુની—મુંબઈ.

ગુજરાત ... ગ્રંથ ... ૯૬૨૫૪

સમાજસેવક.



ગ્રામજનના શિવજી દેવશી.

પ્રેરણા.

અસ્ફુટ સ્વરે જાણે અમારા કાનમાં કોઇ અદૃશ્યપણે કહી રહ્યું હોય કે પૂજ્યપાદ મહારાજ **શ્રીમાણેકચંદ્રજી સ્વામી** કે જેઓ જ્ઞાનવૃદ્ધિને માટે નિરંતર પયત્નો કરી રહ્યા છે. સદાચાર અને સંપની વૃદ્ધિમાં સર્વદા રસ લઇ રહ્યા છે, અને જેમનો વિવેક વૈરાગ્ય વિશ્વવિખ્યાત છે તેમને આ

"પરોવેલી ભજનમાળા, પહેરાવી પ્રીતે હેજે"

અમારી એ આંતરિક પ્રેરણા સફળ હો! ભજનોની આ રસિકમાળા મુનિશ્રી માણેકચંદ્રજીને અર્પિત હો!

પ્રકાશક.

સુજ્ઞ મહાશય,

આપનો જ્યારે ઉદય થવા સમય આવશે, અગર આપ જાતે આપનો ઉદય કરવા શ્રમ લેશો ત્યારે આપને ઉત્તમોત્તમ પુસ્તકો વાંચવાની ઇચ્છાઓ જાગૃત થશે તે વખતે આપ અમને સારાં પુસ્તકોનાં નામ દર્શાવવા કહેશો, ત્યારે અમો આપને નિચે જણાવેલ **જૈન કોમના મહાન્ સેવક પંડિત ફતેહચંદ્ર કર્પૂરચંદ્ર લાલનસાહેબ**નાં બનાવેલાં ઉત્તમોત્તમ પુસ્તકો વાંચવા ભલામણ કરીશું.

૧	લાલન આત્મવાટિકા ...	૦-૧૨-૦
૨	પરમજ્યોતિ પંચવિંશતી ...	૦-૮-૦
૩	નય કર્ણિકા.	૦-૬-૦
૪	સદ્વક્તા	૦-૧૨-૦
૫	જૈનમાર્ગ પ્રવેશીકા ભાગ ૧ ૨-૩...	૦-૯-૦
૬	જૈનમાર્ગ પ્રારંભ પોથી ભાગ ૧-૨...	૦-૨-૬

લખો—

મેઘજી હીરજી બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ

પાયધુની— મુંબઇ.

પ્રસ્તાવના.

આપણા જૈન સમાજમાં પરમત-સહિષ્ણુતાની બહુ ખામી જોવાય છે. તેથી જૈનેતર ભક્ત કવિઓના રસિક કાવ્યોનો સપ્રેમ સ્વીકાર થવામાં કંઇક કાળની અપેક્ષા રહે છે. જાણે કે જૈન સિવાયના ગ્રંથકારોના વાચનથી કિંવા તેઓના કાવ્યોના અભ્યાસ માત્રથી મિથ્યાત્વ લાગી જતું હોય તેવી માનીનતા ઘણા સ્થિતિચુસ્ત ગૃહસ્થો તેમજ મુનિઓમાં જડ ઘાલી બેઠી છે. પાશ્ચાત્ય કેળવણીના સંસ્કારોને લીધે ગુણાનુરાગવૃત્તિ સદ્‌ભાગ્યે નવશિક્ષિત જૈન યુવકોમાં આદર

પામતી જાય છે, તેવા સમયે આ 'ભજન પદ દોહન' રસિક વાચકોને ઉપયોગી થઈ પડશે, એમ અમે માનીએ છીએ. અમારો આ સંગૃહ માત્ર તેઓ માટે જ છે કે જેઓ રસના પીપાસુઓ હોય અને કેવળ નામ ભેદથી ગરમ ન થઇ જતા હોય !

જૈનેતર કવિઓના પદોનો જૈનોએ લાભ લેવો યોગ્ય છે કે નહીં, એ પ્રશ્નનો ઉત્તર બહુ મુશ્કેલ નથી. સંસ્કૃત અભ્યાસને માટે જ્યારે મહાકવિ કાલીદાસ કે ભવભૂતીનો આશ્રય જૈન મુનિઓ તરફથી નિઃસંકોચપણે લેવામાં આવે છે તો પછી ગુજરાતી સાહિત્યમાં જ આવી આભડછેટ કેમ લાગતી હશે,

એનો જવાબ સ્થિતિચુસ્ત શ્રાવકો કે મુનિઓ કેવી રીતે આપે છે તે જાણવા જોગ થઇ પડશે. અમે તો એમ દ્રઢ રીતે માનીએ છીએ કે શ્રી દેવાધિદેવ પ્રત્યે- ની ભક્તિનો સાગર ઉલ્લસાવવા માટે અમુક સમાજના જ લેખકો કે કવિ- ઓનું સાહિત્ય ભાગ્યે જ બસ લેખી શકાય. અમારામાં જ સર્વસ્વ છે, અ- મારૂં સાહિત્ય જ સર્વ પ્રકારે સમૃદ્ધ છે, અને તેથી બીજા સાહિત્યને સ્પર્શ કરવાથી ભવાગ્નિનદીપણું પ્રાપ્ત થાય છે, એમ માનવું અને કહેવું એ તો મિથ્યા અભિમાન જ કહેવાય. એક ક્ષણભરને માટે એમ માની લેવામાં આવે કે આ- પણું સાહિત્ય સર્વાંગપૂર્ણ છે, છતાં અમે

કહીએ છીએ કે અન્ય દર્શનીય કવિઓના ભક્તિરસ પરિપૂર્ણ પદ્યો ગાવામાં કે વાંચવામાં જૈનોને ખોવાપણું શું છે, તે અમે સમજી શકતા નથી. અલબત્ત, જૈનેતર કાવ્યોમાં શ્રી વીર કે પાર્શ્વનાથ પ્રભુના નામોને બદલે તેઓના ઈષ્ટ દેવોના નામો જોવાય છે, પરન્તુ આપણું અંતઃકરણ કૃષ્ણ કે હરિ જેવા શબ્દોમાં પણ શ્રીવીરનું દર્શન કેમ ન કરે? જેઓની ભક્તિવૃત્તિ શ્રી વીતરાગ પ્રભુ પ્રત્યે અખંડિતપણે વહ્યા કરે છે, તેઓ ગમે તેના નામના ગુણાનુવાદમાં શ્રી વીરપ્રભુના કે અરિહંત ભગવાનના સ્તવનનો જ ધ્વની સાંભળશે. જેઓ કેવળ નામ ભેદથી ભડકી ઉઠે છે અને રાતા

પીળા થઇ જાય છે, તેઓ હજી ભક્તિ ભાવને સમજી શકયા નથી, એટલા માટે તેઓનો સંકુચિત વૃત્તિનો બોધ કેટલો વજનદાર છે તે દરેક બુદ્ધિમાને પોતાની બુદ્ધિથીજ વિચારી કાઢવું જોઇએ.

अति दर्पे हता लंका એ કથન અભિમાન દોષનું પરિણામ સૂચવે છે. અભિમાનથી મનુષ્યની કે સમાજની પડતી થાય છે, એમ શાસ્ત્રકારો એક અવાજે કહે છે. વિચાર કરતાં તેમાં મૂળ કારણ એ જણાય છે કે અભિમાનને લીધે મનુષ્ય અથવા સમાજ અંધ બની જાય છે, અને પોતાની આસપાસ કેવી ઉચ્ચ-રસપૂર્ણ અને ઉપયોગી પરિસ્થિતિઓ પસાર થાય છે, તેનું ભાન તેને રહેતું નથી. આપણો

જૈન સમાજ પોતાની યોગ્યતાના પ્રમાણ-
માં આત્માભિમાન રાખે, એમાં કાંઇ દૂષણ
જેવું નથી. પરન્તુ પોતાની પાસે જે ન
હોય તેમાં પણ અભિમાન રાખી આવશ્યક
તત્ત્વોથી વિમુખ રહેવું, એ તો ખુલ્લી
મૂર્ખતા છે. આવા મિથ્યા અભિમાનથી
અનેક રાષ્ટ્રોએ–અનેક સમાજોએ બહુ
હાનીઓ સહન કરી છે. સારાંશ એ છે કે
આપણે જાગૃત રહી ખૂટતા અંશો ગૃહણ
કરવા અને યોગ્ય સાહિત્યનો અભ્યાસ
કરવા તત્પર રહેવું જોઇએ. વિશાળ
વૃત્તિની ઉપયોગિતા પણ તેજ છે.

અમે જાણીએ છીએ કે આ નાના
પુસ્તકની શરૂઆતમાં જ–નામ સંસ્કાર-
માંજ ભજન શબ્દ સાંભળી અમારા કે

ટલાએક જૈન બન્ધુઓને નખથી શિખા પર્યંત ક્રોધાગ્નિ વ્યાપી જશે. ભજન-સ્તવન-સ્તોત્ર-કે સ્તુતિ એ સઘળા એક જ ભાવના સૂચક શબ્દો છે, એટલો વિચાર કરવાને પણ તેઓ થોભે તો તેઓનો ક્રોધ શાંત થાય. આ પુસ્તકમાં જેનો ભજન શબ્દથી વ્યવહાર થાય છે એવા પદ્યો, કે જેનો શ્રીયુત શિવજીભાઇ અનેક વાર ગાવામાં ઉપયોગ કરે છે તેવા પદ્યો અમે પ્રકટ કર્યા છે. સમસ્ત ભજનોમાંથી સંગૃહ તૈયાર કર્યો છે, એવો દાવો અમે રાખતા નથી. આશા છે કે ગુણગ્રાહી જૈન બન્ધુઓ તેમજ અન્ય બન્ધુઓ તેને આદર આપી, મિથ્યા ભેદભાવને દૂર કરવા પ્રયત્ન કરશે.

प्रकाशक.

અનુક્રમણિકા.

શ્રી ભજન પદ દોહન.

ભાગ ૧ લો.

અભેદ દૃષ્ટિ.

રાગ ઝિંઝોટી તાલ પંજાબી ઠેકો.

રામ કહો રહીમાન કહો,
કોઉ કાન કહો મહાદેવરી;
પારસનાથ કહો કોઉ બ્રહ્મા,
સકલ બ્રહ્મ સ્વયમેવરી. રામ. ૧
ભાજન ભેદ કહાવત નાના,
એક મૃત્તિકા રૂપરી;
તૈસે ખંડ કલ્પના રોપિત,
આપ અખંડ સ્વરૂપરી. રામ. ૨

નિજપદ રમે રામ સો કહીએ,
રહીમ કહે રહેમાનરી;
કરષે કરમ કાન સો કહીએ,
મહાદેવ નિર્વાણુરી. રામ. ૩
પરસે રૂપ પારસ સો કહીએ,
બ્રહ્મ ચિન્હે સો બ્રહ્મરી;
ઇહ વિધ સાધો આપ આનંદઘન,
ચેતનમય નિઃકર્મરી. રામ. ૪

શ્રી આનંદઘનજી.

૨

વિશ્વવ્યાપક પ્રેમભાવ.

રાગ પીલુ–તાલ લાવણી.

(દાસ પરે દયા લાવોરે) એ દેશી.

પ્રભુ ભક્તિ નિત્ય કરીયેરે,
ભાવ ધરીને પ્રભુ ભક્તિ નિત્ય કરીયે;

નાત જાતનાં ભેદ તજીને.
ગુણમૂર્તિ જગનાથ ભજીને;
ભક્તિ નાવેં બેશી ભવજળ તરીયેરે-
ભાવ ધરીને. ૧

હોય ભલે કો આર્યસમાજી,
ભલે હોય કો બ્રહ્મ સમાજી;
ભાવે ભેટી પ્રભુ ગુણ ગાઇ ઠરીયેરે-ભા. ૨

બુદ્ધ દેવને ભલે કો માને,
પ્રભુ રૂપે કો ઇશુ જાણે;
ભિન્ન નામથી શાને મનમાં ડરીયેરે-ભા.૩

રામ કાનમાં ધરે કો પ્રીતિ,
શિવ નામે શી ધરવી ભીતિ ?
રામ કાન ને શિવમાં પ્રભુગુણ સ્મરીયેરે-૪

જળ વોટર ને વારી પાણી,
એકજ વસ્તુ માને નાણી;
નામભેદે કલેશ કરી શીદ મરીયેરે-ભા.૫

ગુણદૃષ્ટિથી સદ્‌ગુણ લઇએ,
આત્માર્થીને સુબોધ દઇએ;
ભ્રમરપરે નિત્યગુણ લેવાને ફરીયેરે-ભા.૬
રોષ ધરીને ભલે કો નિંદે,
પ્રેમ ધરીને ભલે કો વંદે;
નિંદક વંદકમાં સમવૃત્તિ ધરીયેરે–ભા. ૭
મહત્ પુરૂષને પગલે ચાલી,
ભાવેં ગુરૂની આજ્ઞા પાળી;
શિવ સુંદરીને ઝટપટ પ્રીતેં વરીયેરે-ભા.૮

શિવ.

૩

ભક્તોના સ્થાનની સમાનતા.

રાગ દેસ. તાલ લાવણી.

(પંથીડા પ્યારા મુસાફર ખાનું ન તારૂં) એ દેશી.

સુભક્તો ભાવેં, પ્રભુ ભક્તિ રસ ચાખો;
લોકની ભીતિ, મનમાં લેશ ન રાખો–સુભ૦

ઘાંચી મોચી દરજી સોની, તેલી ને તંબોળી;
સાથે બેસી ભક્તિ કરજો, અંતર પટને
ખોલી—સુભકતો. ૧
કોળી માળી ભણુશાળી ને, હજામ ને પીંજારા
ભક્તિ સુધારસ પાન કરીને, બનો જગતથી
ન્યારા—સુભકતો. ૨
મુસલમાન ઇસાઇ પારસી, ખોજા વોરા ભંગી;
ભ્રાતૃભાવ ધરી અંતરમાં, બનો ખરા સ-
ત્સંગી—સુભકતો. ૩
વણીક લુવાણા અનેભાટીયા, વણુકરને કંદોઈ;
અભેદ ભાવ ધરોને ચિત્તમાં, લોક લાજને
ખોઇ—સુભકતો. ૪
બ્રાહ્મણ ક્ષત્રીવૈશ્યશુદ્રમાં, અભેદ વૃત્તિધરજો;
એક પિતાના બાળક સમજી, ગુણગણ અં-
તર ભરજો—સુભકતો. ૫
નાના મોટા રંક ને રાણા, જ્ઞાનીને અજ્ઞાની,

ભજનાનંદ લેવાને પ્રીતે, બનો ખરેખર;
તાની-સુભકતો. ૬

કુંવારીબાળા વિધવા સધવા, યુવા વૃદ્ધાનારી
પુત્રી ભગિની માતા સમજી, કરો ભક્તિ
સુખકારી-સુભકતો. ૭

વિકારવૃત્તિદુર કરીને, બનો શુદ્ધ બ્રહ્મચારી;
મલીન વાસના દૂર કરોને, જે છે અતિ
દુઃખકારી-સુભકતો. ૮

દુનિયારૂપી બજારમાંથી, ઉત્તમ વસ્તુ લેજો;
સુપાત્ર નિરખી વહાલ ધરીને, સુખકર
શિક્ષા દેજો-સુભકતો. ૯

ભજનરંગમાંવિઘ્નઆવેતો, પ્રેમધરીને સહેજો;
શિવપદ અર્થે મસ્તક દેવા, સજ્જ થઇને
રહેજો-સુભકતો. ૧૦

શિવ.

૪

નમસ્મરણથી ભવસાર્થકય.

રાગ દેસ. તાલ લાવણી.

મળ્યો મનુષ્યજનમ અવતાર, માંડ કરીને;
એમાં ભજ્યા નહિ ભગવાન,
હેત ધરીને;
એ તો ખાશે જમના માર,
પેટ ભરીને;
માટે રામ નામ સંભાર— મળ્યો.
ગઈ પળ પાછી ફેર ન આવેજી,
મૂરખ મૂઢ ગમાર;
ભવસાગરની ભૂલવણીમાં,
વીતી ગયા યુગ ચાર;
ફેરા ખાઇને. મળ્યો. ૧
જઠરાગ્નિમાં તને યુગતે રાખ્યોજી,
નવે માસ નિરધાર;

અરજ કરી જ્યારે અલખેલાની,
બહાર ધર્યો અવતાર;
મોહ્યો રે માયામાં. મળ્યો. ૨
કળયુગ કુડો અને રંગે રૂડોજી,
એમાં કોઇ ન પામે પાર;
જપ તપ યોગ બને નવ કાંઇ,
એક નામ આધાર;
કૃષ્ણ કરીને. મળ્યો. ૩
ગુરૂગમ ચાહ્યા તે મનમાં પામ્યાજી,
સુખકર ભક્તિ જાજ;
ગંગારામને જ્ઞાન બતાવ્યો,
લાલદાસ મહારાજ;
દયા રે કરીને. મળ્યો. ૪

ગંગારામ.

૫

વૈભવોની ક્ષણભંગુરતા.

રાગ માઢ--તાલ લાવણી.

(કાનુડો ન જાણે મોરી પ્રીત.) એ દેશી.

જીવડા હજી જરા તો ચેત,
બાજી આ છે છેલી રે. જીવડા.
નિંદા કરવામાં શૂરો,
પાપ પાખંડે પૂરો;
લોભી સ્વારથમાં તૈયાર,
પરમાં માની મારૂં રે. જીવડા. ૧
મોજ મજા મન લાગી મીઠી,
પરનારી પ્રેમે દીઠી;
મનમાં તૃષ્ણાનો નહિ પાર,
માની મારૂં મારૂં રે. જીવડા. ૨

વિકથાની વાતો પ્યારી,
કીધી તેં ચોરી જારી;
પર પરિણુતિમાં રહી મશગુલ,
આખી ઉમ્મર હારીરે. જીવડા ૩
લક્ષ્મીની લાલચ લાગી,
બહિરાતમ પદનો રાગી;
મૂરખ લજવી જનની કૂખ,
ફોકટ ભારે મારીરે. જીવડા. ૩
મળીયું છે ઉત્તમ ટાણું,
પરખી લે નયણે નાણું;
નાવે સાથે કંઇ તલભાર,
શાને મોહ ધરે છે રે. જીવડા. ૫
અર્ક તણાં આકુલાં જેવાં,
તન ધન જોબન છે તેવાં;
બાજીગરની બાજી ફોક,
અંતે વિણશી જાશેરે. જીવડા ૬

નરનારી મૂરખ જન ડાહ્યા,
સાચી માનીને માયા;
ભવમાં ભટકયા વારંવાર
જન્મ જરા દુઃખ પામીરે. જીવડા. ૭
સાચી શિખામણ માની,
થાતું આતમનો ધ્યાની;
બુદ્ધિસાગર સાચી શેવ,
પ્રભુની અંતર ધારીરે. જીવડા. ૮

મુનિ બુદ્ધિસાગર.

૬

ભક્તિરહિતોને ઉપાલંભ.

રાગ ઝિંઝોટી તાલ પંજાબી ઠેકો.

જિન મુખસેં પ્રભુ નામ ન સમર્યો,
તિન મુખમેં તેરે ધુલ પરીરે જિન.

ધિઃક તેરો જન્મ જીવીત ધિકઃ તેરો,
ધિઃક માનુષકી દેહ ધરીરે;
જીવીત તાત મુવો નહિ તેરો,
કયોં જનસ્યો તું પાપ કરીરે. જિન, ૧
પ્રભુ નામ બીન રસના કૈસી,
કરો ઇનકી ટુકડા ટુકડી રે;
જિન નેનનસેં નાથ ન નિરખત,
તિન નેનનમેં લુણ ભરીરે. જિન. ૨
રતન પદારથ જનમ માનખો,
આવત નહિ સો ફેર ફરીરે;
અબ તેરો દાવ બન્યો હય મૂરખ,
કરના હોય સો લેને કરીરે. જિન. ૩
હાથ પસાર કીયો નહિ સુકૃત્ય,
તિરથ સન્મુખ દગ ન ભરીરે;
ખીમ કહે તું ભૂલો આયો.
તેરી ખાલી ખેપ પરીરે. જિન. ૪

ખીમો ભગત.

૭

ગોવિંદનું મૂલ્ય—અમૂલ્ય.

રાગ ભૈરવી—તાલ ખેમટો.

માઇ મેને ગોવિંદ લીનો મોલ. માઇ.
કોઇ કહે હલકા કોઇ કહે ભારી,
લીયો તરાજુ તોલ. માઇ. ૧
કોઇ કહે સસ્તા કોઈ કહે મેંઘા,
કોઇ કહે અનમોલ. માઇ. ૨
બીંદરાબનકી કુંજ ગલીનમેં,
લીયો બજાકે ઢોલ. માઇ. ૩
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર,
પૂર્વ જન્મ કે બોલ. માઇ. ૪

મીરાંબાઇ.

૮

સદ્‌ગુરૂની દુકાનનું સ્વરૂપ.

રાગ ભીમપલાસી--તાલ લાવણી.

દેખો સંતો અજબ તમાશા,
ફેર બખત નહિ આનેકા;
પ્રભુ નામકા લેના દેના,
હાટ ભર્યાં સબ સંતોકા. દેખો. ૧
સદ્‌ગુરૂ મેરા મોદી પૂરાના,
ભર્યાં કીરાના જ્ઞાનોકા;
સોદા કરલ્યો રોકડ યારો,
નહિ નહિ કામ ઉધારોકા. દેખો. ૨
ભક્તિ જ્ઞાન વૈરાગ ઉઘાડા,
થૈલા જીવન મુક્તિકા;
ખોલ દીયા કોઇ લેલો યારો,
એ સોદા નહિ મીલનેકા. દેખો. ૩

પ્રેમ તરાજુ તોલો સંતો,
ભરા પારડા ભક્તિકા;
મન ભર તોલે પૂરા સાંઇ.
સચ્ચા તોલ ગુરૂ ઘરકા. દેખો. ૪
મેરા નરહર નાથ ગુસાંઇ,
બનીયા સાહેબ નીર્ગુનકા;
હમાલ મહીપતિ ખડા પસારે,
પલ્લા થારો લેનેકા દેખો. ૫

મહિપતિ.

૯

અગ્નિરથ સાથે દેહની સમાનતા.

રાગ દેસ. તાલ લાવણી.

એ કાયાકી રેલ, રેલસેં
અજબ નીરાલી હય. એ.

પાપ પુન્યકી બનાઇ નાલી,
અકલ સડક હય જીસમે નીકાલી;
મનકા કાંટા લગા,
ઇધર ચઃહે ઉધર ગુમાલી હય. એ. ૧
દયા ધર્મ દો પઇડે બનાકે,
સત્યકા લક્ડા ખુબ ચડાકે;
જ્ઞાન કમાની ખેંચ,
ધ્યાનકી સંકલ ડાલી હય. એ. ૨
શ્વાસ ધુત્રા મુંહસેં હય જારી,
વિવેક ચાવી બની હીતકારી;
તનકા ઇંધન બના,
જઠરમેં અગ્નિ બાલી હય. એ. ૩
નબસ્કા ઘંટા હરદમ હીલતા,
જીસકા ટેમ રેલસેં મીલતા;
હાશકા સાગનલ ગીરા,
રેલ અબ આનેવાલી હય. એ. ૪

અરે મુસાફ્રર કયોં દ્રુ.ખ પાતા,
પ્રભુ નામકી ટીકીટ ન લેતા;
કફ્કી સીટી બજી,
રેલ અબ જાનેવાલી હય. એ. ૫
તાર ખબર હીચકી અબ આઈ,
કાલ બદરીયાં શીર પર છાઇ;
રેલ ભંવર ગઇ છોડ,
પડા ઇસ્ટેશન ખાલી હય. એ. ૬

અજ્ઞાત.

૧૦

દેવ દૂર્લભ ઘેલછા.

રાગ દેસ. તાલ લાવણી.

અમે ઘેલાં થયાં બાઇ રે
ઘેલાંમાં ગુણ છે લાધ્યું; અમે.

આગે તો અમે કાંઇ નવ જાણતાં,
મન માયામાં બાંધ્યું;
ભવસાગરમાં ભૂલા પડીયાં,
મારગે મળીયા સાધુરે-ઘેલાંમાં ગુણુછે.૧
ઘેલાં તો અમે પ્રભુનાં ઘેલાં,
દુરજનીયાં શું જાણે?
જે રસ દેવ દેવીને દુર્લભ,
તે રસ ઘેલાં માણે રે- ઘેલાં. ૨
ઘેલાં તો અમને પ્રભુએ કીધાં,
નિરમલ કીધાં નાથે:
પૂર્વ જન્મની પ્રીતડીરે,
પ્રભુએ ઝાલ્યાં હાથેરે— ઘેલાં. ૩
ઘેલાં ઘેલાં તમે શું કહો,
ઘેલાં ઘેલાંનું કરશે;
સુખનું કેતાં દુઃખજ લાગે,
તે નર કયાંથી તરશેરે- ઘેલાં. ૪

ઘેલાં તો અમે કાંઇ નવ જાણુતાં,
સાધુ શરણુા લીધાં
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણુ,
સમજે કારજ સીધાંરે-- ઘેલાં. ૫

મીરાંબાઇ.

૧૧

મૃત્યુંજય.

રાગ આસાવરી—તાલ ત્રિતાલ.

અબ હમ અમર ભયે ન મરેંગે-અબ.
યા કારન મિથ્યાત દીયો તજ,
કયોં કર દેહ ધરેગે— અબ. ૧
રાગ દોષ જગ બંધ કરતહુય,
ઈનકા નાશ કરેંગે;
મર્યો અનંત કાલ તેં પ્રાની,
સો હમ કાલ હરેંગે;— અબ. ૨

દેહુ બીનાશી હું અવીનાશી,
અપની ગતિ પકરેંગે;
નાસી જાશી હમ થીરવાસી,
ચોખે વ્હૈ નીખરેંગે;— અબ. ૩
મર્યો અનંતબાર બીન સમજયો,
અબ સુખ દુઃખ બીસરેંગે;
આનંદઘન પ્રભુ નીકટ અક્ષર દો,
નહિ સમરે સો મરેંગે;— અબ. ૪

શ્રીઆનંદઘનજી.

૧૨

ભ્રમથી આત્મઘાત.

રાગ કાફી. તાલ દીપચંદી.

જીઆ તોકુ સમજ ન આઇ
મૂરખ તેં ઉમર ગમાઇ— જીઆ.

માત પિતા સુત કુટુંબ કબીલે,
ધન જોબન ઠકુરાઇ;
કોઇ નહિ તેરો તું ન કીસીકો,
સંગ રહ્યા લલચાઇ;
ઉમરમેં તેં ધુલ ઉડાઇ— જીઆ. ૧
રાગ દ્વેષ તું કીનસેં કરત હય,
એક બ્રહ્મ રહ્યા છાંઇ;
જૈસે શ્વાન રહે કાચ ભુવનમેં,
ભુંક ભુંક મરજાઇ;
ખબર અપની નહિ પાઇ— જીઆ. ૨
લોભ લાલચ બીચ તું લટકત હય,
ભટક રહ્યા ભરમાઇ;
તૃષા ન જાયગી મૃગજલ પીવત,
અપનો ભરમ ગમાઇ
પ્રભુકો જાન લે ભાઇ— જીઆ. ૩

અગમ અગોચર અકલ અરૂપી,
ઘટ ઘટ રહત સમાઇ;
સુરશ્યામ કહે પ્રભુકે ભજન બીનુ,
કબહુ ન રૂપ દીખાઇ,
જાન લે શ્યામ સદાઇ— જીઆ. ૪

સુરશ્યામ.

૧૩

શરીર રૂપ ચરખો.

રાગ ભૈરવી તાલ લાવણી.

ચરખલા ચલતા નાંહિ બે,
ચરખલા ભયારે પુરાના— ચરખલા.
નયા ચરખા રંગા ચંગા,
સબકા ચિત્ત ચુરાવે;

પલટયો બરન ગયે દીન અગલે,
અબ દેખા નહિ ભાવે—ચરખલા ૧
પગ ખુંટી દો હાલન લાગી,
બીચ મુદરા દુકરાની;
પાંચ પાંખડી પડ ગઇ ઢીલી,
ચલે નહિ મનમાની—ચરખલા· ૨
રસના તકલીને બલ ખાયા,
અબ કૈસે કર છુટે;
શબ્દ તાર સુધા નહિ નીકસે,
ઘરી ઘરી પલ તુટે—ચરખલા. ૩
છોટેપનમેં કાતલે પ્રાની,
કર અપના સુર જેરા;
કહત કબીર સમજ લે સાધુ,
અજહું ચેતો સવેરા—ચરખલા. ૪

કબીર સાહેબ.

૧૪

જોડા-તોડા-ઘોડા શું કામના?

રાગ દેસ-તાલ લાવણી.

એમ કરી લે મનરે વિચાર,
જીવન થોડા;
તારા હરિકથાની માંય,
કાન છે બોડા;
અંતે જાશો જમપુરી માંય,
તો જડશે જોડા;
માટે રામ નામ સંભાર—
પગડી બાંધે પેચ સમારેજી,
દર્પણ કર મોજાર,
વેઢ વીંટીઓ હાર ગલામાં,
દોલતનો નહિ પાર;
પગમાં તોડા—એમ. ૧

હસ્તિ ઘોડા માલ ખજાનાજી,
ઘરે સુકુળવતી નાર;
ઉંટ મીઆના અને પાલખી,
કેતાં નાવે પાર,
ચડવાને ઘોડા—એમ. ૨
દયા ધર્મમાં સમજે નાંહિજી,
બાંધે કર્મ પરિવાર;
ચિત્ત નિર્મલ કરી કદિ ન નાહ્યો,
તિરથ વૃત્તિની માંય;
પગ છે ખોડા—એમ. ૩
ભવસાગરથી પાર ઉતરવુંજી,
સર્વ સમાધિ સાથ;
ગંગારામને જ્ઞાન બતાવ્યો,
લાલદાસ મહારાજ.
કરાને નિવેડા—એમ. ૪

ગંગારામ

૧૫

મુક્તિ માર્ગનો પરિચય.

રાગ આસાવરી-તાલ ત્રિતાલ.

સુજ્ઞો મુક્તિ નગરે પધારો,
ગણી જગ વૈભવ ખારો—સુજ્ઞો
ભક્તિ રૂપી ભાતું લેજો,
મારગમાં નવ મળશે.
સથવારો સંતોનો સારો,
વિપદા દુરે ટળશે—સુજ્ઞો. ૧
આશા પિશાચી આવશે વચમાં,
સાવધાન નિત્ય રહેજો,
તૃષ્ણા રાક્ષસીનો વધ કરવા,
સંતોષ અસિને લેજો—સુજ્ઞો. ૨
મોહ ચોરનો ભય ચિત્ત ધરજો,
સદ્‌ગુણ ધનને હરશે;

ક્રોધ ચંડાલ ને માયા ડાકણ,
પળ પળ હેરાન કરશે--સુજ્ઞો 3
લોભ સાગરમાં ડુબી મરશો,
માન શિલા જો લેશો;
ગુરૂ આણા વિણુ ભૂલા પડશો,
કોને પછી ત્યાં કેશો?—સુજ્ઞો ૪
વિપદ વિનાશક જ્ઞાન પ્રકાશક,
ગુરૂવર છે હિતકારી;
શિવપદ કારણુ ગુરૂવર સેવો,
ભક્તિ અંતર ધારી—સુજ્ઞો ૫
શિવ.

૧૬

રામ રમકડું.

રાગ ભૈરવી તાલ ખેમટો.

રામ રમકડું જડીઉં. રાણાજી મને
રામ રમકડું જડીઉં—

રૂમ ઝુમ કરતું મારે મંદિરે પધાર્યું,
નહિં કોઇને હાથે ઘડીઉં. રાણા-૧
મોટા મોટા મુનિજન મથી મથી થાકયા,
કોઇ એક વીરાને હાથે ચડીઉં-રાણાજી.૨
શુન શિખરનાં ઘાટની ઉપર,
અગમ અગોચર નામ પડીઉં-રાણાજી. ૩
મીરાં કહે પ્રભુ ગીરિધર નાગર,
મારૂં મન શામળીઆશું જડીઉં-રાણાજી.૪

મીરાંબાઈ.

૧૭

ભક્ત જીવન.

રાગ ઝીંઝોટી તાલ લાવણી.

પ્રભુ પ્રભુ ભજના,
ભવસાગર ઝટપટ તરના-પ્રભુ.

કોઉ કછુ કહે સો કહે,
નિંદા સ્તુતિ સબહીં સહે;
નિસદિન પ્રભુ ભજનમેં રહે,
કછુ નહિ કરના— ભવ. ૧

જૂઠા જાનો સબ સંસાર,
તાસેં કરલો પરઉપકાર;
ત્યાગો લોભ મોહ મહુમાર,
ફીર નહિ ફીરના— ભવ. ૨

મત કર દુષ્ટનકો તું સંગ,
જાસેં હોત ભજનમેં ભંગ;
રહેના આપ રૂપમેં ધંગ,
અબ નહિ ડરના— ભવ. ૩

સંગત સંતનકી હય ભલી,
જાતેં ભગત જ્ઞાનકી ગલી;

નીકી પ્રભુ પદી ઘર મીલી,
અબ નહિં મરના. ભવ. ૪

નીકીબાઈ.

૧૮

ભક્તિ રસની પ્રબળતા

રાગ દેસ તાલ લાવણી.

એવારે અમે એવા
તમે કહો છો વળી તેવા. એવારે.
ભક્તિ કરતાં ભ્રષ્ટ ભલે કહો ?
કરીએ પ્રભુની સેવા— એવારે ૧
મારૂં મન પ્રભુ સાથે બંધાણું,
પહેલાં હતું ઘર રાતું;
હવે થયું છે ભક્તિરસ માતું
ઘર ઘર હીંડે ગાતું— એવારે. ૨
સઘળાં સાથમાં હું એક ભુંડો;
ભુંડામાં વળી ભુંડો;

શિવવિનોદ ભાગ પ્રથમ-આ પુસ્તકમાં ભક્તિનું, નીતિનું અને અધ્યાત્મનું જે મધુર સંગીત ઉછળે છે, તેથી વાંચનારના આત્મામાં સ્વાભાવિક આનંદની ઉર્મિઓ ઉછળ્યા વિના રહેતી નથી. વૈરાગ્યના, જ્ઞાનના, અને મહાપુરૂષોના યશોગાનના અન્ય કાવ્યો વાંચતાં હૃદયમાં અપૂર્વ ભક્તિભાવ તથા શાંતભાવના જાગૃત થાય છે વિદ્વાનોએ આ ગ્રંથ વાંચી છેવટે જણાવ્યું છે કે એક એક પદ્ય સોનાના મૂલ્યથી પણ અધિક કીંમતી છે. ૧૨૦ પાનાનું પુસ્તક હોવા છતાં કીંમત માત્ર ૦-૧૨-૦

શિવવિનોદ ભાગ ૨ જો-આ ભાગનાં કાવ્યો જેણે એકવાર વાંચ્યા છે તેઓ પૂછે છે કે આ પુસ્તકની ભાવનાઓ અવલોક્યા પછી એવું કયું કઠિન હૃદય છે કે જ્યાં આધ્યાત્મિક મસ્તી પ્રગટ થયા વિના રહે? મતલબ કે આ ભાગના પ્રત્યેક પદ્યમાં વૈરાગ્ય અને અધ્યાત્મની ઉગ્ર ભાવ

ના બહાર નીકળી આવે છે. ગમે તે ધર્મ કે સં-
પ્રદાયના વાચકો તેનો છુટથી અભ્યાસ કરી શકે
તેવા નિર્દોષ અને આડંબર રહિત પદ્યો છે, એ
આ પદ્યોની ખાસ વિશેષતા છે. રાગ–રાગણીઓ-
નો તો કાંઇ પારજ નથી. કીંમત ૦–૧૨–૦

શિવવિનોદ ભાગ ૩ જો–આ ભાગમાં
એક ઉછળતા અને મસ્ત હ્રદયના સંગીતે પ્રબળ
રૂપ લીધું છે. અને જાણે કે તે પદ્યના શબ્દો વા-
ચકોના હ્રદયને હલાવતા હોય તેવો અનેકોને અ-
નુભવ થાય છે. આ ભાગના દરેક કાવ્યમાં હ્રદ-
દયનો રસ રેડાયો છે, તેથી તેમાં કાંઇક અદ્ભુત
ખુમારી આવવા પામી છે. કોઇ કોઇ કાવ્યોમાં
સામાજીક તથા ધાર્મિક વહેમો ઉપર સખ્ત પ્ર-
હારો કર્યા છે, તે પણ ઘણાં ઉપદેશકારક હોઇ
વિદ્વાનોમાં આદર પામ્યાં છે. કીમત ૦–૧૨–૦

મળવાનું ઠેકાણું.

મેઘજી હીરજી બુકસેલર પાયધુની.

મુંબઈ.

તમારે મન માને તે કેજો,
સ્નેહ લાગ્યો મને ઉંડો—એવારે. ૩
કર્મ ધર્મની વાત છે જેટલી,
તે મુજને નાહ ભાવે;
સઘળા પદારથ જેથી આવે,
પ્રભુની તોલે નાવે,— એવારે. ૪
હળવા કર્મનો હું નરસૈયો,
મુજને ભકતો વહાલાં;
સંતોથી જે અંતર ગણશે,
તેના ફોકટ ફેરા ઠાલા— એવારે. ૫
નરસિંહ મેતો.

૧૯.

બેફીકરી ફકીરી.

રાગ પીલુ તાલ-પીસ્તો.

લીયા ફકીરી તો ડરના કયારે,
આશા તજી તબ કરના કયારે-લીયા.

પડા રહેગા સબ એહી જગમેં,
તો ફીર દ્રવ્યકું હરના કયારે. લીયા.૧
કર્માધીન મૂઢ લોકસેં,
મૂરખતાસેં લરના કયારે. લીયા.૨
મોહ ગયા જબ અંતરમેંસેં,
તબ જીના કે મરના કયારે. લીયા.૩
બીતરાગ ત્રિશલા સુત તજકે,
ઔરકે સરનકુ ધરના કયારે. લીયા.૪
શિવાનંદ પદ પૂરણ ઘટમેં,
પુદ્‌ગલસેં ફીર ભરના કયારે. લીયા.૫

૨૦ શિવ.

અનિત્ય ભાવના.

રાગ માઢ તાલ. લાવણી.

(હવે મને હરિનામ શું નેહ લાગ્યો)એ દેશી

ચેતનજી ચેતા કોઈ ન દુનિયામાં તારૂં,
મિથ્યા માને છે મારૂં મારૂં રે.–ચેતનજી.

લાખ ચોરાશીમાં વાર અનંતી,
દેહ ધર્યા દુઃખ પામી;
મળીઓ માનવ ભવ હાર ન આતમ,
ઉદ્યમમાં રાખ નહિ ખામીરે-ચેતનજી. ૧
કાયા રે બંગલો મુસાફર જીવડો,
જોજે તું આંખને ઉઘાડી;
ઉચાળો અણુધાર્યો ભરવોરે પડશે,
પડયા રહેશે ગાડી વાડીરે—ચેતનજી. ૨
રામ રાવણ ને પાંડવ કૌરવ,
મુકી ચાલ્યા સહુ માયા;
બણી ઠણી શું ફુલી ફરે છે,
પડી રહેશે તારી કાયારે—ચેતનજી. ૩
માયા મમતા ને આળસ છાંડી,
ધ્યાન ધરો સુખકારી;
બુદ્ધિસાગર સદ્ગુરૂ પ્રતાપે,
પામે જીવ ભવ પારીરે—ચેતનજી. ૪

મુનિ બુદ્ધિસાગર.

૨૧

સંસારીઓને ચેતવણી.

રાગ સોરઠ તાલ લાવણી.

જમ દે નિત્ય ઝપાટારે;
કોઇ ચેતનહારા ચેતો. જમ દે.
ઠીઠી ઠીઠી દાંત કાઢે શું ?
પળમાં બગડે પીઠી;
દીઠી દીઠી ઘણાની બગડી,
ચડપ આવી ગઇ ચીઠી. જમ દે. ૧
માતપિતા જાણે સુત મારો,
થાએ દિન દિન મોટો;
પકડે આવી મોત પલકમાં,
ખેલ થશે ભાઇ ખોટો. જમ દે. ૨
બંધુ જાણે બંધવ મારો,
જીવે જુગ જુગ જોડી;

કાલ અચાનક આવી પકડશે,
તરત નાખશે તોડી. જમ દે ૩
સોળ અંગ શણુગાર સજીને,
રોબડશા શું રીઝો;
એકદી લાલ વેરાગણુ બનવું,
વેશ બદલવો બીજો. જમ દે. ૪
દર્પણુ લઇ શું મનમાં રાચો,
સમજો જમની સે'માં;
એકદી કરશે કાગ કુલાહલ,
ચડપ સુવાડે ચે'માં. જમ દે. ૫
દારા સુત પરિવાર તજીને,
જાવું માયા મેલી;
ઋષીરાજ રઘુનાથ વિના નથી,
કોઇ બરાબર બેલી. જમ દે. ૬
ઋષીરાજ.

૨૨

દયામય દ્રષ્ટિપાત.

રાગ ધનાશ્રી--તાલ લાવણી.

અંતરના કાચા કેમ રહ્યા છે કુટી,
કેમ રહ્યા છે કુટી,હૈયાના ફુટયા. કેમ.
ઉત્તમ અવસર આ માનવ તન,
ક્ષણમાં જાય વછુટી. અંતરના. ૧
ખાતાં પીતાં ને વાવરતાં,
ખરચી જાશે ખુટી;
પુન્ય કર્મને કાજે દમડી,
છેડેથી નહિ છુટી. અંતરના. ૨
કામ ક્રોધ મદ લોભ લુંટારા,
ધીરજ ધન લે લુંટી;
ભુંડા ભુંડે હાલે ભટકયો,
તોએ ન આશા ત્રુટી. અંતરના ૩

કાચા કુંભ સમાન કલેવર,
ફુલણુ જાશે ફુટી;
સમ દમ સાધન સંપ સરલતા,
ચોપ વડે લે ચુંટી   અતરના. ૪
બગડી બાજી બેશ બનાવા,
બીજી કયાં છે બુટી;
કેશવ કહે પ્રભુ નામ સુધારસ,
ઘેરા રસ લે ઘુંટી.   અંતરના. ૫
કેશવ.

૨૩

રામમય જીવન.

રાગ. ઝાંઝોટી. તાલ દાદરો.
(નજર કરો નાથ જરા ઓળખી લ્યો
નારી) એ દેશી.

અબતો મેરા રામ નામ,
દૂસરા ન કોઈ   અબ

માતા છોડી પિતા છોડે;
છોડે સગાં સાંઇ,
સાધુ સંગ બેઠ બેઠ,
લોક લાજ ખોઇ. અબ. ૧
સંત દેખી દોડ આઇ,
જગત્ દેખી રોઇ;
પ્રેમ આંસું ડાર ડાર,
અમર વેલ બોઇ. અબ તો. ૨
મારગમેં તારન મીલે,
સંત રામ દોઇ;
સંત સદા શીશ ઉપર,
રામ હૃદય હોઇ. અબ તો. ૩
અંતમેંસેં તંત કાઢયો,
પીછે રહી સોઇ;
રાણે મેલ્યા વીખલા પ્યાલા,
પીને મસ્ત હોઇ. અબ તો. ૪

અબતો બાત ફેલ ગઈ,
જાને સબ કોઇ;
દાસ મીરાં લાલ ગીરધર,
હોની તી સો હોઇ. અબ તો. ૫

મીરાંબાઈ.

૨૪

સર્વભયવિહારક જડીબુટ્ટી.

રાગ ભૈરવી-તાલ ત્રિતાલ.

હમારે ગુરૂને દીની એક જડી-હમારે.
કહા કહું કછુ કહુત ન આવત,
અમૃત રસકી ભરી;
યાકો મરમ સંતજન જાનત,
લે કર શીશ ધરી. હમારે. ૧
મન ભુજંગ અરૂ પંચ નાગીની,
સુંઘત તુરત મરી;
ડાકની એક ખાત સબ જગકું,
સો ભી દેખી ડરી. હમારે. ૨

નિશી બાસર નહિ તાહી બીસારત,
પલ છીન આધી ઘરી;
સુંદરદાસ ભયો તન નીરબીખ,
સબહીં વ્યાધ ટરી. હમારે. ૩

સુંદરદાસ.

૨૫

મસ્તાનના ઉસ્તાદોના મનોભાવ.

રાગ ભૈરવી, ગઝલ.

જીગરનો યાર જુદો તો,
બધો સંસાર જુદો છે;
બધા સંસારથી એ યાર,
બેદરકાર જુદો છે. જીગર. ૧

ગણું ના રાવ રાયાને,
ગણું ના આખી દુનીયાને;
પરંતુ જાન આ પર પ્યારીનો,
અખત્યાર જુદો છે. જીગર. ૨

હજારો બોધ મંદિરાં,
મહીં નિત્યે ભલે થાજો;
અમો મસ્તાનના ઉસ્તાદ-
નો દરબાર જુદો છે. જીગર. ૩
બધા પરકાર તુફાને,
થઇ ચંચલ ચુકે નિશાન;
હમારા ચિત્તનો ચારૂ,
અચલ પરકાર જુદો છે જીગર.૪
ઘડી ભર બેસ બતલાવું,
શીખાવું પ્રેમનો જાદુ;
અમો જાદુગરોનો યાર-
નો બાઝાર જુદો છે. જીગર ૫
શીખે જો પ્રેમ પૂરો તોજ,
અચલ અભેદ પામે તું;
નથી જયાં પ્રેમ છે ત્યાં ભેદ,
એ વ્યવહાર જુદો છે. જીગર. ૬

ભલે ને માહારા પંથે,
બધાં યે દુઃખને દેખે;
મને તો સુખ સાગર લ્હેરી.
નો કંઇ બહાર જુદો છે. જીગર. ૭
થયો જે પ્રેમમાં પૂરો.
થયો છે મુક્ત સરવેથી;
મહા મસ્તાન જ્ઞાનીના,
મગજનો તાર જુદો છે. જીગર. ૮

મસ્ત કવિ બાલ.

૨૬

અદ્‌ભૂત સમસ્યા.

રાગ ભૈરવી—તાલ ત્રિતાલ.

રે કોઇ અજબ તમાશા દેખા,
જહાં રૂપ રંગ નહિ રેખા–રે કોઇ.
અજબ ગેબી એક મ્હેલ બન્યા હય,
સબ દુનિયાસેં ન્યારા;

ચંદ્ર સૂર્યકી કીરન ન પોંચે,
અખંડ જ્યોતિ ઉજીઆરા. રે કોઈ. ૧
અધર સરોવર અમૃત ભરિયા,
તા પર બેઠા હંસા;
મુક્તા ફલકો ચુંગ ચુંગ ખાવે,
વાકો લોહ ન મંસા. રે કોઇ. ૨
બાનન વાલા બાન ચલાવે,
અધર નિસાન ઉડાવે;
મારે સો તો જુગ જુગ જીવે,
ચૂકે સો મરજાવે. રે કોઇ. ૩
બીના બાદરે મેહ મંડાણુા,
ધરતી પડે ન પાની;
જાનન હારા ભેદ બિચારે,
એહી પ્રવીન નિસાની. રે કોઇ. ૪

અજ્ઞાત.

૨૭

વ્યર્થ દેહાભિમાન.

રાગ ભીમપલાસી—તાલ દાદરા.

ગોરે ગોરે મુખકો,
ગુમાન છાંડ બાવરે;
રંગ તો પતંગ તેરો,
કાલહી ઉડ જાયગો. ગોરે.
ધુવા જૈસી દેહ તેરી,
જાતહું ન લાગે દેરી;
નદીકે કીનારે રૂખ,
કાલ બહે જાયગો. ગોરે. ૧
મમતાકો છાંડ મન,
ધર લે પ્રભુજીકો ધ્યાન;
જુવાનીકો માંસ તેરો,
શ્વાનહિ ન ખાયગો. ગોરે. ૨

કહેત ગુની તાનસેન,
સુનો શાહ અકબર;
બાંધી મુઠી આયો ઐસો,
હાથ પસારે જાયગો. ગોરે. ૩

તાનસેન.

૨૮

વ્યર્થ બલાભિમાન.

રાગ પહાડી-તાલ લાવણી.

બચ્ચા મત કરના અભિમાન,
એક દિન નીકલ જાયગા પ્રાન-બચ્ચા.
રાવણકી તો સંપત્ દેખો,
ફીરત લંકમે ઢુંઢી;
રામચંદ્રકા લગા ઝપાટા,
ઘુસડ ગઇ દસ મુંઢી. બચ્ચા. ૧
દુર્યોધનકા બલ કયા દેખો,
બાર હજારા હથી;

ભીમસેનકી લગી ગદા જબ,
તનકી હો ગઈ મટ્ટી. બચ્ચા. ૨
સાત બાલ કંસને મારકે,
મસ્ત હુવા મથુરામેં;
સપડ ગયા જબ બાલકૃષ્ણુસોં,
મીલા રાજ ધૂલનમેં. બચ્ચા. ૩
અજ્ઞાત.

૨૯

સ્વાર્થના વૈવિધ્યો.

(કાનુડો ન જાણે મોરી પ્રીત)એ દેશી
રાગ માઢ—તાલ લાવણી.

ચેતન સ્વારથીઓ સંસાર,
સગપણ સર્વે ખોટાંરે—ચેતન.
જૂઠી છે કાયા વાડી,
ન્યારી છે ગાડી લાડી;
ફોકટ શાને મન ફુલાય,
અંતે સર્વે જાશેરે. ચેતન. ૧

હાંકે ધરણી ધ્રુજાવે,
ભય તો દિલમાં નહિ લાવે;
ચાલ્યા રાવણ સરીખા રાય,
પાંડવ કૈરવ યોદ્ધારે. ચેતન. ૨

સ્વારથથી જૂઠું બોલે,
સ્વારથથી જૂઠું તોલે;
સ્વારથ માટે યુદ્ધો થાય,
લડતા રંક ને રાણારે. ચેતન. ૩

સ્વારથથી નીતિ ત્યાગે,
સ્વારથથી પાયે લાગે;
સ્વારથ કપટ કળાનું મૂળ,
પાપ અનેક કરાવેરે. ચેતન. ૪

સ્વારથમાં સર્વે ડુલ્યાં,
ભણુતર ભણીને ભૂલ્યાં;
સ્વારથ આગળ સત્ય હણાય,
અંધા નર ને નારીરે. ચેતન. ૫

સ્વારથથી મસ્તક કાપે,
સ્વારથથી પદવી આપે;
સ્વારથ આગળ શાનો ન્યાય,
બહેરા આગળ ગાણું રે. ચેતન. ૬
સ્વારથથી વિરલા છુટયા,
સ્વારથમાં સર્વે ખુચ્યા;
જગમાં સ્વાર્થતણો પરપંચ,
ન્યાય ચુકાદા ભેળોરે—ચેતન૦ ૭
ધર્મી સ્વારથને ત્યાગે,
દિલમાં આતમના રાગે;
તમ રવિ કીરણે સ્વારથ નાશ,
હોવે આતમ જ્ઞાનેરે. ચેતન૦ ૮
પરમારથ પ્રીતિ ધારી,
સેવો સદ્‌ગુરૂ ઉપકારી;
બુદ્ધિસાગર ધરજો ધર્મ,
દુનિયા સર્વ વિસારીરે. ચેતન૦ ૯

મુનિ બુદ્ધિસાગર.

૩૦

ભાવી-સૂચન.

રાગ દેશ-તાલ લાવણી.

ચેતે તો ચેતાવું તુનેરે,
ચેતે તો.
પામર પ્રાણી.
તારે હાથે વપરાશે,
તેટલુંજ તારૂં થાશે;
બીજું તો બીજાને જાશે રે. પામર૦ ૧
સજી ઘરબાર સારૂં,
તું કહે છે મારૂં મારૂં;
તેમાં નથી કશું તારૂંરે. પામર૦ ૨
માખીએ મધપૂડું કીધું,
ન ખાધું ન ખાવા દીધું;
લુંટનારે લુંટી લીધુંરે. પામર૦ ૩
ખંખેરીને હાથ ખાલી,

ઓચીંતુ જાવું છે ચાલી;
કરે માથાફોડ ઠાલીરે. પામર૦ ૪
સહુકારમાં સવાયો,
લખપતિમાં લેખાયો;
કહો સાચું શું કમાયો રે. પામર૦ ૫
કમાયો તું માલ કેવો,
આવે તારી સાથે એવો;
અવેજ તપાસ તેવોરે. પામર૦ ૬
હજી હાથમાં છે બાજી,
કર તું પ્રભુને રાજી;
મુડી તારી થાશે તાજીરે. પામર૦ ૭
હાથમાંથી બાજી જાશે,
પછીથી પસ્તાવો થાશે;
કશું ન કરી શકાશે રે. પામર૦ ૮
હાથમાંથી ધન ખોયું.
ધુળથી કપાળ ધોયું;
જાણુપણું તારૂં જોયું રે. પામર ૯

મનનો વિચાર તારો,
મનમાં રહી જનારો;
વળતી ન આવે વારો રે. પામર૦ ૧૦
નિકળ્યો શરીરમાંથી,
પછી તું માલીક નથી,
કહે દલપત કથીરે. પામર૦ ૧૧

દલપત.

૩૧

અંતરાવલોકન

(વાલા વેગે આવોરે) એ દેશી

ભક્તિ અમૃત પીધું રે, અંતર પાવન કીધું રે,
સંતતણા સદ્દબોધથી હોજી,
લોભ અગ્નિને પાસે ન રાખું કદાય. ભક્તિ
વીતરાગ જિનરાજની, ભક્તિ છે સુખકાર;
નૌકા સમ મનમાં ગણું, લઇ આગમનોસાર.

નિર્મળ વૃત્તિ ઝટ બને, એથી ભવનો પાર,
ચંચળ ચિત્તને વિંધ્યું રે. સંત૦ ૧
લોભ અરિના સંગથી, પામ્યો દુ:ખ અનંત;
વિત્ત વિષે મમતા ધરી, ભજ્યા નહિ ભગવંત.
પ્રભુ ગુણ મહીમા નિરખીને, હવે કરૂં ભવઅંત
મનડું ભવથી બીધું રે. સંત૦ ૨
લોભ પાપનું મૂળ છે, એમ કહે જિનરાજ,
લક્ષણ બગડે લોભથી, સૂજે એથી અકાજ.
લોભી જીવો જગતમાં, કરે ન આતમ કાજ
એવું જ્ઞાન મેં લીધું રે. સતં૦ ૩
સંતોષે જગમાં રહી, કરવું આતમ ધ્યાન;
એ નિશ્ચય મનમાં થયો, આવ્યું અંતરભાન.
શિવપદ પ્રાપ્તિ કારણે, ઉત્તમ માનું દાન;
ચિતડું કીધું સીધું રે. સંત૦ ૪

શિવ.

૩૨

ત્યાગ.

રાગ ભૈરવી ગજલ.

હુ જાઉંછું હું જાઉછું,
ત્યાં આવશો કોઇ નહીં;
સો સો દિવાલો બાંધતાં,
ત્યાં ફાવશો કોઇ નહિ. ૧

ના આંસુથી ના જુલ્મથી,
ના વસ્લથી ના બંધથી;
દીલ જે ઉઠયું રોકાય ના,
એ વાત છાડો કેદની. ૨

સૌ ખુશ રહો જેમાં ખુશી,
હું જ્યાં ખુશી તે હું કરૂં;
શું એ હતું શું આ થયું,
એ પૂછશો કોઇ નહિ. ૩

કૈં છે ખુશી કૈં છે નહિ,
દીલ જાણતું જે છે તે છે;
જ્યાં જ્યાં ઠરી દીલની ખુશી,
ત્યાં ત્યાં ખુશી દિલ છે નકી. ૪
પેદા કર્યો તો ઇશ્ક ત્યાં,
ના કોઇને પૂછયું હતું;
એ ભુંસવા જો છે ખુશી,
તો પૂછવું એ કંઇ નથી. ૫
છે ઇશ્ક જોયો ખૂબ તો,
જોવું હવે જે ના દીઠું;
કીસ્મત બતાવે ખેલ તે,
આનંદથી જોવા સહી. ૬
આ ચસ્મ બુરજે છે ચડયું,
આલમ બધી નીહાળવા;
તે ચસ્મ પર પાટો તમે,
વીંટી હવે શકશો નહિ. ૭

મારી કબર બાંધી અહિં,
ત્યાં કોઇને સુવાડજો;
હું જ્યાં દટાઉં ત્યાં પુલોને,
વેરશો કોઈ નહિ. ૮

છે શું કુસ્નોને ઇશ્ક શું,
રે સૌ તમે જાનારને;
આ માછલું દરીયા તણું,
તે ઉર્મીઓ ગણતું નહિ. ૯

મુજ ઉર્મીએ તમ વારીથી,
તમ વારીથી મુજ ઉર્મી છે.
જે હીકમતે આ છે બન્યું,
તે જાણશો કોઇ નહિ. ૧૦

શું પૂછવું શું બોલવું,
ખુશ છો અને રહેજો ખુશી;
વ્યર્થ આંસુ ખેરશો તો,
લૂંછશે કોઈ નહિ. ૧૧

કલાપી.

૩૩

વિપથગામી જીવનનાવ

કવ્વાલી

ડુબા મેં જા રહા હું,
કર પાર નૈયાં મેરી—ડુબા.
ભવ સિંધુ હય અપારા,
જીસ્કા ન પાર પાયા;
હેરત મેં આ રહા હું. કર. ૧

મદ ક્રોધ લોભ માયા,
તોફાન શિરપે આયા;
ચક્કર મેં ખા રહા હું. કર. ૨

મિથ્યાત્ અંધેર છાયા,
રાસ્તા મેરા ભૂલાયા;
ઉલટા મેં જા રહા હું. કર. ૩

પરમાદ ચોર આયા,
પુરૂષાર્થ ધન ચુરાયા;

આલસમેં આ રહા હું. કર. ૪
તારન તરન તુંહી હો.
ભવ દુ:ખ હરન તું હી હો;
નિશ્ચે મેં લા રહા હું, કર. ૫
ન્યાયત હય મઝેદારા,
ટુક દીજીઓ સહારા;
મેં શિર ઝૂકા રહા હું, કર. ૬
ન્યાયત.

૩૪

આતિથ્ય સત્કાર

રાગ કાફી-તાલ દીપચંદી.

અમે તો આજ તમારા,
બે દિનના મેમાન;
સફળ કરો આ સહજ સમાગમ,
સુખનું એજ નિદાન. અમે. ૧

આવ્યા જેમ જશું તે રીતે,
સર્વે એમ સમાન;
પાછા કોઇ દિને નહિ મળીએ,
ક્યાં કરશો સન્માન. અમે. ૨
સાચવજો સંબંધ પરસ્પર,
ધર્મે રાખી ધ્યાન;
સંપી સદ્‌ગુણ લેજો દેજો,
દૂર કરી અભિમાન. અમે. ૩
લેશ નથી અમને અંતરમાં,
માન અને અપમાન;
હોય કશી કડવાસ અમારી,
તો પ્રિય કરજો પાન અમે. ૪
કેશવ હરિએ કરૂણા કીધી,
મળમો ભૂલી ભાન;
તત્વે તાન રહે છે જેને,
હોય ન જરીએ જાન. અમે. ૫
કેશાવ.

૩૫

નિષ્ફળ જન્મ.

રાગ. ધનાશ્રી–તાલ લાવણી.

બાતે બીતગયો, જનમ સબ,
બાતે બીતયો. બાતે.
બાર બરસ ગયે લડકાઈ,
બીશે જોબન ભયો;
ત્રીશ બરસ માયાકે કારન,
દેશ બીદેશ ગયો. જનમ૦ ૧
ચાલીસ અંદર ધનકું પાયો,
બઢે લોભ નીત નયો;
સુખ સંપત માયા કે કારન,
ઐસે ચલત ગયો. જનમ૦ ૨
સુકી ત્વચા કમર ભઇ ઢીલી,
એ સબ ઠાઠ ભયો;
બહુ બેટા તેરો કહ્યા ન માને,
પરબશ દુઃખમેં પર્યો. જનમ૦ ૩

ના પ્રભુ ભજન ના ગુરૂ સેવા,
ના કછુ દાન દીયો;
સૂરશ્યામ મિથ્યા તન ખોવત.
જમને ઘેર લીયો. જનમ૦ ૪

સૂરશ્યામ.

૩૬

ચાદર-રક્ષણ.

રાગ. સોરઠ-તાલ લાવણી.

ચાદર ઝીણી રામ ઝીણી,
સદા રામ રસ ભીની, ચાદર.

અષ્ટ કમલ દલ ચરખા ચલતા,
પાંચ તત્વ કર પીંદી રામ;
નવ દસ માસ બણુનમેં લાગા,
મૂરખ મેલી કીની ચાદર૦ ૧
જબ મેરી ચાદર બનકર આઇ,
ઘર ધોબીકું દીની રામ;

શિવવિનોદ ભાગ ૪ થો–એક વિદ્વાન, જેને શિવસુખાભિલાષી હૃદય કહે છે, તે હૃદયનુ આ ચતુર્થ ઝરણું ઘણું નિર્મળ અને ગંભિર છે. આ ભાગમાં ભક્ત કવિએ ભક્ત–નીતિ સાથે જાહેર કર્ત્તવ્યોની પણ સૂચના આપી છે અને જૈન શાસનની સ્થિતિ સુધારવાના નિર્વિવાદિત ઉપાયો સૂચવ્યા છે. આ પદ્યોના પઠનથી આત્માની દશા ઉચ્ચભાવને પામે છે અને સાંસારિક પ્રપંચોમાંથી ઝટ છુટકારો મેળવે છે. કીંમત **કેવળ ૮ આના**

શિવબોધ–ભાગ–૧ લો...આ પુસ્તકમાં ભક્તકવિ શ્રીયુત **શીવજી**ભાઇના કેટલાએક ઉપયોગી પત્રો પ્રકટ કરવામાં આવ્યા છે, તે વાંચવાથી ખાત્રી થશે કે પત્રોની હકીકત આપણા રોજના સાંસારિક પત્રોમાં લખાતી હકીકતના જેવી નથી. પણ જાણે કે એ પત્રો વાંચતી વખતે કોઇના વિશુદ્ધ હૃદયનો આપણે એકલાજ સાક્ષાત્કાર કરતા હોઇએ અને કોઇની આત્મોન્નતીની ખાનગી વિગતો જાણે આપણે

એકલાંજ વાંચતા હોઇએ તેવો ભાસ થયા વિના રહેતો નથી. પત્રોની ભાષા પ્રૌઢ ને વિચારો યુક્તિપ્રદ છે-કિંમત ૦-૧૨-૦

શિવબોધ ભાગ ૨ જો. આ ભાગમાં પ્રકટ થયેલા પત્રોમાં જે ઊચ્ચ ભાવનાઓ અને ઉપદેશોની સુગંધી વહે છે તેથી જાણે કે નંદનવનની ટોચે રહેલી સ્વર્ગની સુરભી આપણા માટે સંસારમાં કેમ ઉતરી આવતી ન હોય તેવો ક્ષણવાર ભાસ થયા વિના રહેતો નથી. આ ભાગનો ઉપદેશ ઘણોજ અસરકારક, દિવ્ય અને મધુર છે હજારો પુસ્તકોના વાંચનથી જેટલો ભાવોલ્લાસ ન થાય તેથી સેંકડો ગણી અધિક આત્માની ઉજવળતા આ પુસ્તકના વાંચન વખતે થવા યોગ્ય છે. કિંમત-માત્ર ૦-૧૨-૦

મળવાનું ઠેકાણું.

મેઘજી હીરજી બુકસેલર પાયધુની.

મુંબઇ.

મોહ સીલા પર પટક પછાડી,
ઘેરી કુંદી કીની. ચાદર૦ ૨
જબ મેરી ચાદર ધુપકર આઈ;
ગુરૂરાજકુ દીની રામ;
પ્રભુ ભકિત કો રંગ લગાકે,
ઘેરી રંગત કીની. ચાદર૦ ૩
ધ્રુવ પ્રહ્લાદ બીભીષણુ ઓઢી,
શુકદેવ નિર્મલ કીની રામ
દાસ કબીરે ઓઢી ચુગતસેં,
જયું કી ત્યું ધર દીની. ચાદર૦ ૪

કબીર સાહેબ.

૩૭

યૌવનગતિ.

રાગ કાફી—તાલ લાવણી.

જાય છે જુવાની તારી, પ્રભુના ભજન વિના
જાય છે જુવાની. જાય છે.

તરૂવર દેખીને લીધો વીસામો,
ચેતન થઇ ગયો રાજી;
હરદમ હંસો હાલવા લાગ્યો,
પ્રાણી પરદેશી તું તો પંખીરે.જાય છે૦૧
જુવાની જાતાં તેં નવી જાણી,
ઘડપણ આવ્યું છાનું છાનું;
કાળાં હતાં તે ધોળાં થયાં કેશ તારાં
આવી માથે મોતની નીશાનીરે. જાયછે૦ ૨
માત પિતા સુત કુટુંબ કબીલો,
નહિ આવે સાથે ઘરની નારી;
બંધવ ઉભા બારણે તારે,
કરશે કાઢવાની તૈયારીરે. જાય છે૦ ૩
કેશરવર્ણી કાયા કામ ન આવે,
કુંકુંમવર્ણી નારી નાની;
મુવા પછી તને સળગાવી દેશે,
ઉડી જાશે તે વાની રે. જાય છે. ૪

માથે આવે જ્યારે કાળ કારીમો,
થશે આંસુડાની હેલી હેલી;
ગુરૂ પ્રતાપે ભણે ભવાની દાસ,
રંગડો જાશે તારો રેલીરે. જાય છે. ૫

ભવાનીદાસ.

૩૮

ખોટા હકનો દાવો

રાગ દેશ—તાલ લાવણી.

પંથીડા પ્યારા મુસાફર ખાનું ન તારૂં;
ઉચાળા ભરશો અણુધાર્યું નીરધારૂં.

પંથીડા૦

વાદળ ગોટો જલ પરપોટો,
ખેલ જગતનો ખોટો;
કાયા કાચો કુંભ પકડશે,
કાળ કંઠનો ટોટો. પંથીડા૦ ૧

પર્ણ કુટીમાં રહ્યો મુસાફર,
કાયમનો હક માગી;
પવન પ્રચંડે પડે કુટી તવ,
જાય મુસાફર ભાગી. પંથીડા૦ ૨
અવશ્યે જીર્ણ જરૂખો પડશે,
નિશ્ચય હંસા જાણો;
નવિન મ્હેલ પણ વાવાઝરણે,
પડે અચિંત્ય અજાણ્યો. પંથીડા૦ ૩
એક દિન જીવ વિના કાયાની,
તાણી બાંધશે ઝોળી;
સ્વજન સંબંધી ફુંકી બાળશે,
જેમ ફાગુનની હોળી. પંથીડા૦ ૪
પંથીડા પરદેશ જવાનો,
એક દિન નિશ્ચય જાણો;
સાંકલચંદ કહે સત્સંગે,
જગનો નાથ પીછાણો. પંથીડા. ૫
સાંકળચંદ.

૩૯

અંતરની પ્રેરણા.

રાગ આશાવરી-તાલ ત્રીતાલ.

હું તો ભવમાં નહિ ભમવાનો,
જિન ગુણમાં રમવાનો—હું તો
સત્સંગતમાં નિવાસ કરીને,
બોધ લહ્યો ગુણકારી;
વિરકત ચિત થયું હવે ભવથી,
લાગે જગ દુઃખકારી. હું તો ૧
જ્ઞાન સુધારસ પાન કરીને,
મસ્ત થયોછું મનમાં;
મોહ રીપુનો દાસ થઈને,
લુબ્ધ બનું નહિ ધનમાં. હું તો. ૨
માત તાત બંધુ સુત નારી,
સ્વાર્થી અંતર ધારી;

નિઃસ્વાર્થી લાગે એક જીનવર;
સર્વ જીવ સુખકારી. હું તો. ૩
ખાન પાનમાં રહી ન પ્રીતિ,
અલંકાર નહિ ભાવે;
વિષયાસકત બનું નહિ કોહિ,
જિન ભકિત લોભાવે. હું તો. ૪
જગ વૈભવ નશ્વર સવી લાગે,
સંત ગમે હિતકારી;
થઇ અવિચલ શિવપદમાં પ્રીતિ,
રહી ન વૃત્તિ વિકારી. હું તો. ૫
શિવ.

૪૦

અપકાર સામે ઉપકાર.

રાગ બિહાગ-ગઝલ.

બંદગી ના ભૂલ બંદે,
બંદગી ના ભૂલ—બંદગી.

જો કોઈ તુજકું શૂલ બોવે,
તું બો ઉસકુ પુલ;
તુઝકો પુલકા ફુલ મીલેગા,
ઉસકું શૂલ કા શૂલ. બંદગી. ૧
કયા લેકે તું આયા બંદા,
કયા લે જાયગા મૂલ;
કર સમરન સાહેબ નામકા,
પાપ જલેગા તૂર. બંદગી. ૨
એક ઘડી અલમસ્ત રહેના,
સૂન શીખામન મૂલ;
કહે દરદદાસ સાહેબકા,
નામ કરો કબૂલ. બંદગી. ૩

૪૧ દર્દદાસ.

મીરાંનો બળાપો.

રાગ માઢ-તાલ લાવણી.

મારૂં મનડું વિંધાણું રાણા,
ચિતડું ચોરાણું, રાણા શું રે કરૂં;

શું રે કરૂં રે વિષ પીધે ના મરૂં,
હો રાણા શું રે કરૂં—મારૂં.
નિંદા કરે છે તારી,
નગરીના લોક રાણા;
તારી શીખામણ રાણા,
મારે મન ફોક–રાણા....શું રે કરૂં. ૧
ભરી બજારમાંથી,
હાથીડો હાલ્યો જાયે;
શ્વાન ભસે છે તેમાં,
મારૂં તે શું જાય–રાણા....શું રે કરૂં ૨
ભૂલી રે ભૂલી હું તો,
ઘરનાં રે કામ રાણા;
ભોજન ના ભાવે,
નયણે નિંદ હરામ–રાણા....શું રે કરૂં ૩
બાઇ મીરાં કહે પ્રભુ,
ગીરધર નાગર વાલા;

પ્રભુને ભજીને હું તો,
થઇ ગઇ નીહાલ–રાણા...શું રે કરૂં. ૪
મીરાંબાઇ.

૪૨

ભાંગનો પ્યાલો.

રાગ ભૈરવી–તાલ ખેમટો.

સદ્‌ગુરૂને ભાંગ પીલાઇ,
મોરી અખીયામેં આ ગઇ લાલી–સદ્‌ગુરૂ.
કીરીયાકી કુંડી જ્ઞાનકા સોટા,
શીયલકી સાફી બનાઇ. સદ્‌ગુરૂ. ૧
ભાવકી ભાંગ મરમકી મીરચી,
ઘુંટન વાલે મેરે શાંઇ. સદ્‌ગુરૂ. ૨
સદ્‌ગુરૂ કહે મેલો મન મમતા,
મોક્ષ મહાનિધિ પાઇ. સદ્‌ગુરૂ. ૩
એસી ભાંગ પીએ જો સુઘડ નર,
અજર અમર હો જોઇ. સદ્‌ગુરૂ. ૪
અજ્ઞાત

૪૩

કર્માનુસારી બુદ્ધિ.

રાગ ઝીંઝોટી–તાલ ખેમટો.

અજ્ઞાની જરા જોને, ઝીણી આંખ ખોલી,
કેમ માયામાં રહ્યો ડોલી. અજ્ઞાની
સીતા હરી જયારે રાવણે ગઇ કયાં,
રામની શક્તિ અતોલી;
એજ રાવણુ બળ કયાં ગયું જયારે,
રામે લંકા રોલી. અજ્ઞાની ૧
દશા ફરે ત્યારે બુદ્ધિ ફરે,
જાયે ચુલે ચઢી ચતુરાઇ;
હાથ કેરાં હથીઆર રહે હાથમાં,
એમનાં એમ કટાઇ. અજ્ઞાનિ ૨

અજ્ઞાત.

૪૪

ભાવી દર્શન.

રાગ પહાડી-તાલ લાવણી.

ચેત રે ચેતન જગસેં એક દિન,
હાથ પસારે જાના;
આખીર મટ્ટીમેં મીલ જાના-ચેત રે.
નર દેહ દુર્લભ બિષય સુખમેં,
બ્રથા ગુમાવે મૂઢ;
કાલ રીપુકે મુખમેં બેઠા,
સમજે મર્મ ન મૂઢ. આખીર. ૧
દુઃખ જ્વાલાસેં વ્યાપ્ત જગત હય,
મર્મ ન જાને ચિત્તમેં;
મૃગ તૃષ્ણા સમ ભ્રમસેં ભટકે,
કરતા મમતા વિત્તમે. આખીર. ૨
લોક સંગમેં ખેદ ન માને,
જાને ન નશ્વર દેહ;

ઠાલા અરિકું દુર જ દેખે,
ધરે નારી મેં નેહ; આખીર. ૩
સંપત્તિમેં હુર્ષ ધરત હય.
બિપદામેં ચિત શોક;
બિષય સુખાંકે કારન નિસદિન,
યત્ન કરે સહુ કોક. આખીર. ૪
સ્વપ્ન સમાન હય દોલત દુનીયા,
કયા ચાહે ચિત્ત ભોગ;
શિવાનંદ પ્રભુ કૈસે પાવે,
વિપરીત હય સંયોગ. આખીર. ૫
શિવ.

૪૫

જીવની ભ્રમદશા.

રાગ માઢ-તાલ લાવણી.

(હવે મને હરી નામથી નેહ લાગ્યો) એ દેશી.

ચેતનજી સમજો જુઠી આ દુનીયાની બાજી
રહ્યા શું તેમાં રાચી માચીરે, ચેતનજી.

અજ્ઞાને અંધ થઇ જોયું ન જીવડા,
આત્મસ્વરૂપ જેહ સાચું;
હસતાં હું હું કરતાં રે માનવી,
ફાટી જાશે તારૂં, ડાચું રે–ચેતનજી. ૧
મહેલ ચણાવ્યા બાગ બનાવ્યા,
લક્ષ્મીના લોભમાં તણાયો;
એક દિન અણધાર્યો ઉઠીશ દેહથી,
કોઇ ન જાણે કયાં જાયો રે–ચેતન. ૨
મનમાં આવે તેવું માની લે માનવી,
અંતે તો કાંઇ નથી તારૂં;
ચેતન ચાલે ગંદીરે કાયા,
મિથ્યા માને છે મારૂં મારૂં રે–ચેતન. ૩
ચેતન પણ જડ જેવો બનીને,
કાંઇ ન મનમાં વિચાર્યું;
ગણકાર્યું નહિ ગુરૂનું બોલવું,
મોહે આયુષ્ય સહુ હાર્યું રે–ચેતન. ૪

સમજ સમજ દિલમાંહીરે જીવડા,
ધર્મ ઉદ્યમ ચિત્ત ધારો;
બુદ્ધિસાગર સદ્‌ગુરૂજીના શરણે,
રહી આતમ ઝટ તારોરે-ચેતનજી. ૫

મુનિ બુદ્ધિસાગર.

૪૬

અનિવાર્ય દશા.

રાગ જીલ્લા-તાલ દાદરો,

કયા કરતા હય ગુમાન તું,
જાના જરૂર હય.
રખ દિલમેં તેરે ભાન,
જાના જરૂર હય—કયા.
ચાર દિનકી ચાંદનીમેં,
કયા બને મગરૂર;
દોલત દુનિયા છોડકે,
જાના જરૂર હય— કયા. ૧

ફરમાન તું પ્રભુકા,
પ્રેમસેં ઉઠાલે શિર;
કર રહેમ તું ગરીબો પર,
જાના જરૂર હય— કયા. ૨
અમીરીકે ફકીરીમેં,
દિલ રાખ તું સમાન;
છબીલી જોરૂ છોડકે,
જાના જરૂર હય. કયા. ૩
લછમન રહા ન રામ ન,
રાવન રહા ન ભીમ;
કાલ લે ગયા સભી,
જાના જરૂર હય. કયા. ૪
નિરધન અરૂ ધનવંત,
ગુણવંત કે ગમાર;
જમકે સાથ ચલે ગયે,
જાના જરૂર હય. કયા. ૫

રહા ન કોઇ મંત્રસે,
ન કોઇ તંત્રસે;
સબ હાથ પસારે ચલે,
જાના જરૂર હય. કયા. ૬
ભલા ભલાઇ કર ગયે,
બેઠે પ્રભુ કે પાસ;
તુંભી કર ભલાઇકો,
જાના જરૂર હય. કયા. ૭
કર તેરે દિલકો સફા,
મોકા અછા મીલા;
જિન ભક્તિસે શિવ પાયગા,
જાના જરૂર હય. કયા. ૮

શિવ.

૪૭

પાપાત્માઓની ભયંકરતા.

રાગ ધનાશ્રી-તાલ લાવણી,

પ્રભુ વિમુખનકો સંગ,
તજોરે મન પ્રભુ વિમુખનકો સંગ-પ્રભુ.
જાકી સંગતસેં કુમત ઉપજત હય,
પડત ભજનમેં ભંગ. તજોરે, ૧
કહા હોત પય પાન કરનસેં,
બીષ નહિ તજત ભુજંગ તજોરે. ૨
કાગાકું કહા કપુર ચુગાવત,
શ્વાન નહાવત ગંગ. તજોરે. ૩
ખરકું કહા અગરજા બીલેપન,
મર્કટ ભૂષણુ અંગ. તજોરે. ૪
સૂરશ્યામ પ્રભુ કાલી કામલીયાં,
ચઢે ન દુજો રંગ. તજોરે, ૫

સૂરશ્યામ,

૪૮

ભક્તિ માર્ગનો કંટક.

રાગ સોરઠ-તાલ લાવણી,

માયા ડાકણ દૂરેં ભાગી,
જિનગુણમાં લય લાગી—માયા.
સંત સમાગમ કરીને હું તો,
થયો ખરો વૈરાગીરે;
ભવ વૃદ્ધિની કારણ માયા,
સમજી મનથી ત્યાગી. માયા. ૧
અનંત કાલથી સાથે રહીને,
દુઃખ આપે છે નાગીરે;
સંત વચનથી દુઃખકર જાણી,
કીધી મેં તો આધી. માયા. ૨
અજ્ઞાને ભવ વનમાં ભમતાં,
થયો મોહનો રાગીરે;

શિવ પદ કારણુ સરળપણું છે,
જોયું હવે મેં જાગી. માયા. ૩
શિવ,

૪૯

બ્રહ્મકાંતિ.

રાગ ઝીંઝોટી–તાલ દાદરો
(આજ આ સમાજ વિષે વિજયવંત
થઈ વિદ્યા એ દેશી.)

બ્રહ્મજ્ઞાન–કાંતિ દેખ,
આનંદ અંગ પઇયાં—બ્રહ્મ.
ભવ્ય જન સંશય ટાલ,
તિન લોક પ્રતિપાલ;
કર્મ વર્ગ રહીત હોય,
સાશ્વત ગુણુ લઇયાં. બ્રહ્મ. ૧
સહજ નિજ પદ પહિચાન,
શુભ અશુભ ભાવ જાણુ;

સકલ પર જન વિભાવ,
દૂર સેં તજૈયાં   પ્રભુ ૨.
સ્ફુટિક સમ સ્વચ્છ માન,
વિમલ ગુણુ ગણુ નિધાન;
પરમ નિધિ ચારિત્ર રૂપ,
જ્ઞાનાનંદ લહિયાં.   પ્રભુ. ૩

શ્રી જ્ઞાનવિજયજી,

૫૦

પવિત્ર નીશાપાન,

રાગ સોરઠ-તાલ લાવણી,

[ચાદર ઝીણી રામ ઝીણી] એ દેશી.

મસ્તાની આઇ ઘટમેં રે,
નીશા પાનકી નિશાની રે—મસ્તાની.
પ્રભુ ભજનકી ભાંગ બનાઈ,
સદ્ગુણુ મીરચી ડાલીરે;

સમતા રસકે જલમેં ઘુંટી,
જો હુય ધર્મકી નાલી રે. મસ્તાની. ૧
પ્રેમકી કુંડી નામકા સોટા,
શ્રદ્ધા ઘુંટન વાલીરે;
ગુન દ્રષ્ટિકી સાફી બનાઇ,
આઇ આંખમેં લાલીરે. મસ્તાની૦ ૨
સન્મારગકી કુંચી સંતો,
સદ્ગુરુસેં હુમ જાનીરે;
સમભાવી શિવ સુખકો પાવે,
જિનવરકી એ બાનીરે. મસ્તાની૦ ૩

શિવ

૫૧

દેહમંદિરનું સ્વામિત્વ.

રાગ માઢ-તાલ લાવણી

(હવે મને હરિ નામથી નેહ લાગ્યો) એ દેશી.

મુસાફર જીવડા કાયાનો મે'લ નથી તારો.
માને શું મોહે મારો મારો રે. મુસાફર.

લાખ ચોરાશીમાં દેહ ધર્યાં બહુ,
જન્મ જરા દુઃખ પામી;
માનવ ભવ એળે ચુક ન જીવડા,
ભજી લેને અંતરયામીરે—મુસાફર ૧
કાયા મહેલનો કાંઇ ન ભરૂંસો,
જલમાં ઉઠેલ પરપોટો;
અમૂલ્ય શ્વાસોશ્વાસ વહે છે,
મૂરખ વાળ નહિ ગોટોરે—મુસાફર ૨
કળા કરો કાયા માટે કરોડ પણ,
તારી ન થાય કોઇ કાળે;
ચેતો ચેતનજી સમજી સ્વરૂપ નિજ,
પડ નહિ મોહની જંજાળે રે-મુસા, ૩
આ રે જગતમાં જન્મીને જીવડા શું,
ધર્મ સાધન તેં તો સાધ્યું;
ક્ષણુ ક્ષણુમાં ભૂલ્યો ભાન પોતાનું,
મનડું તો મોહ માંહિ બાંધ્યુંરે. મુસા.૪

વિષય વાસનાના અવળા જે ઘાટે,
ઓળંગી ચાલજેરે વાટે;
બુદ્ધિસાગર ખેલ નથી બાળકનો,
શિવસુખ છે શિર સાટે રે. મુસા૦ ૫

મુનિ બુદ્ધિસાગર

પર

મરણ પછી મોહીઓની દશા.

રાગ ભૈરવી-ત્રીતાલ

કાયારે કૈસે રોઈ, તજ દીનો પ્રાણુ-કાયા.
તજત પ્રાણુ કાયા કયું રોઇ,
નીકસ ચલે નિર્મોહી રામા;
મેં જાન્યું કાયા સંગ ચલેગી,
ઉસ કારન કાયા મલમલ ધોઇ.તજ૦ ૧
બેઠ દ્દશરાને માતા રોવે,
બેઠ પંગાતે ગોરી રામા;
ભુજા પકડકર ભાઈ રોવે,
બીછુડ ગઇ સારી સ્વાંગકી જોડી.તજ૦૨

ઘરમેં નાર અપછરા છોડી;
દો પુતનકી જોડી રામા;
છોડ દીયા સબ માલ ખજાના,
સાથ રહી નહિ એકુબી કોડી તજ૦ ૩
આઠ કાષ્ટકી બની જંગળી,
બની કાષ્ઠકી ઘોડી રામા;
નહિ કીનારે જાય ઉતારી,
ફુંક દીની ફાગુન જૈસી હોલી તજ૦ ૪

અજ્ઞાત

૫૩

અવશ્યંભાવી ભાવ.

રાગ ભૈરવી-તાલ લાવણી

નકી મરી જાવું છે માયા મેલી—નકી
આ રે કાયા તારી કંચનવર્ણીરે,
માંહે તો વાવેલી વિષ વેલી. નકી. ૧
કોઇ બનાવે બાગ બગીચારે,
કોઈ બનાવે હવેલી. નકી. ૨

કોડી કોડી કરી એકઠું કીધું તેં,
સાથે ન આવે અધેલી. નકી. ૩
નરભેરામના નાથને શેવો,
પાળ તો બંધાવે પૂર પે'લી. નકી. ૪

૫૪ નરભેરામ.

અભીમાનીની અવદશા.

રાગ સોરઠ–ગઝલ.

નહિ કર ગુમાન દિલમેં તેરે,
રાવન સરીખે મર ગયે.
ગુમાનસેં જો હુકુમ ચલાતે,
વોભિ આખીર મર ગયે. નહિ. ૧
આદત બુરી નાદાન બનકે,
કયોં રખે દીલમેં તેરે,
ફીરતે થે મગરૂર બનકે,
વોભી આખીર મર ગયે– નહિ. ૨
યાદકર માલીક નિસદિન,
સાફ રખ દિલકો સદા;

મતલબકી મસલત કરતે થે,
વોભી આખીર મર ગયે—નહિ ૩
ઉલટી સમજ તજ દિલસેં તેરે,
એ ફીકર મત સો કભી.
જો બડી તકલીફ ઉઠાત,
વો ભી આખીર મર ગયે.—નહિ. ૪
અંધેર નહિ ઇસ જગતમેં,
શિવ પર જરૂર બિસવાસ કર;
ખુશીસેં જો બદકામ કરતે,
વોભી આખીર મર ગયે. નહિ. ૫
શિવ.

૫૫

પ્રભુની પધરામણી.

રાગ પીલુ-તાલ લાવણી,
(દાસપરે દયા લાવોરે)--એ દેશી.

ઘટ મંદિરમાં આવોરે, નાથ કૃપાળુ—
ઘટ મંદીરમાં આવો—ઘટ.

મિથ્યા વ્યવહાર લાગે,
મલીન વાસના ભાગે;
એવી વૃત્તિ અંતરમાં ઉપજાવોરે–નાથ.૧
ગુણ–દૃષ્ટિ ઝટ જેથી પ્રગટે,
દોષદૃષ્ટિની ટેવ વિઘટે;
મનોભૂમિમાં એવાં બીજો વાવોરે,નાથ.૨
ઇર્ષ્યા મત્સર નિકટ ન આવે,
પ્રમોદભાવ અંતરમાં ભાવે;
એવી સ્થિતિમાં અમને ઝુલાવોરે.નાથ.૩
આશા તૃષ્ણા અળગી કરવા,
મમતા માયાને પરિહરવા;
શકિત એવી સત્વરપ્રભુપ્રગટાવોરે,નાથ.૪
પુદ્‌ગલભાવ ગમે નવ ચિત્તમાં,
લુબ્ધવૃત્તિ નવ થાયે વિત્તમાં;
એવી સ્થિતિમાં સુદૃઢ પ્રીતિ જમાવોરે,
નાથ. ૫

તુમ ગુણ વિણ શાંતિ નવ થાયે,
વિકારવૃત્તિ દૂરજ જાયે;
એવી દશામાં સત્વર અમને લાવોરે.નાથ.૬
ભકિત સુધારસ પાને પ્રીતિ,
મોહજાલમાં લાગે ભીતિ;
એવી શિવકર ભાવનામાં રમાવોરે.નાથ.૭
શિવ

૫૬

અમરતા પ્રાપ્તિનો ઉપાય.

રાગ ભીમપલાસી-તાલ લાવણી.

અમર કરી લે ને માનવ દેહ ધરી,
પ્રેમથી ભજો હરિ રસ ભરી—અમર
નાહક આ તક અમૂલખ જાશે,
સમજ તું જરી સમજ તું જરી-અ૦

સાખી.

કાચા સુતરને તાંતણે,
જો બાંધી આ જીંદગાની છે;

દરિયા તણા મોજાં સમી તું,
જુઠી જાણ જુવાની છે;
અણુધારી એ અજ્ઞાની જો,
આ આંખ બંધ થવાની છે;
અંતરતણી સહુ આશ,
અંતરમાં સમાઇ જવાની છે,
માટે ભજ હરિ હરિરસ ભરી,
પ્રેમથી ભજો હરિ રસ ભરી—અ૦

અજ્ઞાત

૫૭

અંતરની ફર્યાદ.

રાગ દેશ-તાલ લાવણી.

કોઇ સાચા સંતો આવોરે,
અમને ધીરજ દેવા;
નથી એકે ઠેકાણું એવુંરે,
અંતરપીડા કહેવા—કોઇ.

સ્યાદવાદિ સંતો,
ભક્તિ રતિ રીસાઇ ગઇ છે;
સ્યાદવાદિ સંતો,
પ્રીતિ મૂર્તિ ઝાંખી થઇ છે;
હવે અંધ શ્રદ્ધા બાકી રહી છે રે,
સાચા પાઠ પઢાવો;—કોઇ. ૧
સ્યાદવાદિ સંતો,
આતમ તત્ત્વ ઓળખાવો;
સ્યાદવાદિ સંતો,
યોગ વચનામૃત પાવો;
શીદ આશ્રીતને ટળવાવોરે,
આત્મભાવ પ્રગટાવો—કોઇ. ૨
સ્યાદવાદિ સંતો,
વિશ્વધર્મના મર્મ ખોલો;
સ્યાદવાદિ સંતો,
ત્રયરત્ન ગૂઢ તત્ત્વ તોલો;

શિવવિલાસ–આ ગ્રંથમાં ભક્ત મહાત્મા શ્રી શિવજીભાઇની વિવિધ મનોદશાઓ અ-થવા સ્ફુરણાઓનું આલેખન છે.એ મનોદશાઓની નિર્મળતા તથા ઉચ્ચતા વાંચનારાઓને આ-નંદની સાથે ઉત્તમ ઉપદેશ પણ આપી શકે છે. જૈન પત્રના અધિપતિએ કહ્યું છે તેમ " પોતાની નાની ઉમર છતાં ગ્રંથકર્તાના વિચારો કેવા ઉત્તમ છે, તે જાણવા માટે આ પુસ્તક બહુ ઉપયોગી છે. કિં૦ માત્ર ૦–૧૨–૦.

શિવવિનોદ ભાગ ૫ મો –આ પુસ્તકમાં ઉચ્ચ ભાવનાઓવાળા વિવિધ પદ્યો છે. ભાષાની સરળતા, ભાવની રસાળતા તથા રાગ રાગણી-ઓની વિષયાનુકૂળ પસંદગી એ તત્વોથી આ ભાગ ઘણો તાત્વિક થઈ પડે તેવો છે. ભક્-તાત્મા શ્રી શિવજી ભાઇનો ભાવના–પ્રવાહ સ-તત્ પણે કેવી નિર્મળતાથી વહ્યા કરે છે, તે જાણવાનું આથી સરળ સાધન બીજું મળવું મુશ્કેલ છે કિં૦ માત્ર ૦–૮–૦

રાગબોધ –પશુઓ અને યોગીઓ સિવાય સંગીતનો અભ્યાસ કરવાની કોને ઇચ્છા નહીં

થઈ હોય? આ પુસ્તક વિવિધ રાગ-રાગણીઓની સમજણ આપવા માટે એક ભોમીયો સમાન છે. તેમાં મુખ્ય મુખ્ય રાગોના સ્વરોની સમજણ સાથે ભજનથી પૂર્ણ પદ્યો પણ આપ્યાં છે કે જેથી સંગીત સ્વરો સાથે પ્રભુના સ્તવનનો હેતુ પણ સચવાય છે. જૈન સાહિત્યમાં આ પ્રથમજ પુસ્તક છે, એમ અમો છાતી ઠોકીને કહી શકીએ છીએ. રૂા. ૦-૫-૦ માત્ર.

શિવપ્રબોધ—આ પુસ્તકમાં જુદા જુદા વિષયો ઉપર સ્વતંત્ર વિચારો પ્રકટ કરવામાં આવ્યા છે. જેવો કે સત્પુરૂષાર્થ, મિતાહાર, કરકસર, કન્યાવિક્રયની ક્રૂરતા વિગેરે. જેઓની બુદ્ધિ બહુ ભારે વિષયોને પચાવવાને શક્તિમાન ન હોય તેઓને માટે આ પુસ્તક એક આશિર્વાદરૂપ છે. કારણ કે ગ્રંથકારે જેમ બને તેમ તેમાં ભાષાની સરળતા તથા વિચારોની ઉચ્ચતા દાખલ કરવાની કોશેષો કરી છે. મૂલ્ય માત્ર ૦-૮-૦

મળવાનું ઠેકાણું.

મેઘજી હીરજી બુકસેલર, પાયધુની.

મુંબઇ.

વીર વાણી મોરલીએ ડોલોરે,
જ્ઞાન વિમળ પ્રસરાવો—કોઇ. ૩
સ્યાદવાદિ સંતો,
એકત્વ ભાવે સેવા કરશું;
સ્યાદવાદ સંતો,
એકાગ્ર ચિત્તે તાને ફરશું;
હવે વેશ યોગણનો ધરશું રે,
વિનય વરને વરવા;
નહિ દુર્જનીયાથી ડરશું રે,
વિનય વરને વરતાં—કોઇ. ૪

વિનયચંદ્ર.

૫૮

અદ્‌ભૂત પુત્રપ્રાપ્તિ.

રાગ આસાવરી-તાલ ત્રિતાલ.

અબધુ વૈરાગ બેટા જાયા,
યાને ખોજ કુટુંબ સબ ખાયા-અબધુ.

જીને માયા મમતા ખાઇ,
સુખ દુઃખ દોનું ભાઈ;
કામ ક્રોધ દોનુકું ખાયા,
ખાઇ તૃષ્ણા બાઇ— અબધુ. ૧
દુરમતિ દાદી મત્સર દાદો,
મુખ દેખતહી મુવા;
મંગલ રૂપી બધાઇ બાચી,
જબ એ બેટા હુવા— અબધુ. ૨
પુન્ય પાપ પાડોશી ખાયે,
માન કામ દોયે મામા;
મોહ નગરકા રાજા ખાયા,
પીછે પ્રેમ તે ગામા— અબધુ. ૩
ભાવ નામ ધર્યો બેટા કો,
મહીમા વર્ણ્યો ન જાઇ;
આનંદઘન કહે ભાવ પ્રગટ કરો,
ઘટઘટ રહ્યો રે સમાઈ- અબધુ. ૪

શ્રી આનંદઘનજી.

૫૯

સંસારીઓની મૂર્ખતા.

રાગ દેશ-તાલ ખેમરો.

તું લેશે લેલેને લાવો, ફરી નહિ મળે;
ફરી નહિ મળે રે મૂર્ખ, જોતાં નહિ જડે, તું.
માયાએ તને ઘેરી લીધો, ગોળ જેમ ગળે;
હાવે ભાવે કરીને, વેશ્યા જેમ છળે. તું. ૧
કસ્તુરી ને કેવડો લઈ, તેલમાં તળે;
બાવળીયાનું બીજ વાવી, આંબો કેમ ફળે.
તું. ૨
મોતી સરખા કણ તો મૂર્ખ, ઘંટીમાં દળે;
માંડ કરીને માનખો પામ્યો, ભૂતોમાં ભળે.
તું. ૩
સમજુ હોય તો સમજી લે, પેટ મારૂં બળે;
નરભેરામ કહે ખરામાં તો, ખોટું નહિ ભળે
તું. ૪

નરભેરામ.

૬૦

સંત સ્વરૂપ.

રાગ દેશ–તાલ ખેમટો.

શાંતિ પમાડે તેને તે સંત કહીએ,
તેના દાસના દાસ થઇ રહીયે;
હાંરે તેના ભક્તને આધીન થઇ રહીયે.
શાંતિ.
વિદ્યાનું મૂળ નવી પુરૂં જાણ્યું ત્યારે,
પંડયાનો માર શીદ ખાઇયે, શાંતિ. ૧
ખાધી ગોળી અને રોગ જ્યારે ઉભો;
તેની ગોળી તે શીદ ખાઇયે. શાંતિ. ૨
લીધો વોળાવો ને ચોર જયારે લૂટે,
તેની સંગાથે શીદ જઇયે. શાંતિ. ૩
કલ્પવૃક્ષ સેવ્યું ને દારીદ્ર ઉભું,
તેની છાંયામાં શીદ રહીયે. શાંતિ. ૪

રાજાની નોકરી ને ભૂખ નવિ ભાગે,
તેનો તે ભાર શીદ વહીયે શાંતિ. ૫
કીધા ગુરૂ અને દુઃખ નવી જાયે,
તેના ચેલા તે શીદ થઇયે— શાંતિ. ૬
નામ અનામ મારા ગુરૂએ બતાવ્યું;
તે તો રાખ્યું છે મારે હૈયે. શાંતિ ૭

અજ્ઞાત.

૬૧

સંત પ્રતાપ.

રાગ યમન તાલ લાવણી.

સંતનકે સંગ લાગરે તેરી,
આછી બનેગી. સંતનકે.
હંસનકી ગત હંસહી જાને,
કોઉ ન જાને કાગરે— તેરી ૧
સંતનકે સંગ પૂર્ણ કમાઇ,
હોત બડો તેરો ભાગરે— તેરી. ૨

ધ્રુકી બની પ્રલ્હાદકી બન ગઇ,
પ્રભુ સમરનમેં લાગરે.— તેરી. ૩
કહુત કબીર સમજલે સાધુ,
ધર સતસંગમેં રાગરે— તેરી. ૪
કબીર સાહેબ.

૬૨

નિર્દોષ જીવન.

રાગ ભીમપલાસી-તાલ લાવણી.

(દેખો સંતો અજબ તમાસા) એ દેશી.

કર ગુજરાન ગરીબીમેં,
મગરૂરી કીસપર કરતારે;
નાશવંત બસ્તુ હય જગમેં
મમતા કયા તું ધરતારે, કર૦ ૧
મટ્ટી ચુનચુન મેલ બનાયા,
ગંવાર કહે ઘર મેરારે;
ના ઘર તેરા ના ઘર મેરા;
ચીરીયા રેન બશેરારે. કર૦ ૨

ઇસ દુનિયામેં કોઇ નહિ અપના,
અપના અપના કહેતારે
કચ્ચી મટ્ટીકા બના તું પુતલા,
ઘડી પલકમેં ઢલતારે. કર૦ ૩
ઇસ દુનિયાકે નાટક ચેટક,
દેખ ભટકતા ફીરતારે;
કહેત કબીર સમજ લે મૂરખ,
પ્રભુ નામ નહિ સ્મરતારે. કર૦ ૪
કબીર સાહેબ.

૬૩

સ્વાવલંબન.

રાગ આશાવરી-તાલ ત્રીતાલ.

આશા ઓરનકી ક્યા કીજે,
જ્ઞાન સુધારસ પીજે. આશા.

ભટકે દ્વાર દ્વાર લોકનકે,
કુકર આશા ધારી;
આતમ અનુભવ રસકે રસીયા,
ઉતરે ન કબહું ખુમારી— આશા· ૧
આશા દાસીકે જે જાયે,
તે જન જગકે દાસા;
આશા દાસી કરે જે નાયક,
લાયક અનુભવ પ્યાસા. આશા૦ ૨
મનસા પ્યાલા પ્રેમ મસાલા,
બ્રહ્મ અગ્નિ પર જાલી;
તન ભાઠી અવટાઇ પીએ કસ,
જાગે અનુભવ લાલી. આશા૦ ૩
અગમ પીયાલા પીયો મતવાલા,
ચિન્હી અધ્યાતમ વાસા;
આનંદઘન ચેતન વહી ખેલે,
દેખે લોક તમાસા. આશા૦ ૪

શ્રી આનંદઘનજી.

૬૪

આત્મવંચક જીવો.

રાગ ભૈરવી—તાલ ખેમટો.

તજી મસુરકી હાલ, કથા સુની;
તજી મસુરકી હાલ.
કામ ન બીસરે ક્રોધ ન બીસરે;
ન બીસરે મોહ જંજાલ. કથા. ૧
અભ્યાગત કોઉ આંગન આવે,
તાકું બતાવત કાલ. કથા. ૨
ઘરમેં આય બડાઇ કરત હય,
કૈસે દીયે હય નીકાલ. કથા. ૩
સૂરશ્યામ ઐસે કપટીકો,
કૈસે મીલેંગે દયાલ.

સૂરશ્યામ.

૬૫

મુક્તિ માર્ગે શૌર્યનો ઉપયોગ.

રાગ માઢ-તાલ લાવણી.

(હવે મને હરિનામ શું નેહ લાગ્યો.) એ દેશી.

મુક્તિના પંથે શૂરવીર ચાલશેરે જાગી;
કાયર તો જાયે ત્યાંથી ભાગીરે. મુક્તિ.
સુભટનો વેશ પહેરી પવઇયા રણમાં,
ચાલેછે સહુની રે આગે;
ખરાખરીનો જયારે ખેલ આવે ત્યારે,
મુઠી વાળીને ભીરૂ ભાગેરે. મુક્તિ. ૧
સતીનો ડોળ ભલે રાખે સહુ નારીયો,
પતિની સાથ સતી બળશે;
ભક્તિયું તેલ માગે ખરા ભક્તની,
ભાક્ત તે ભાવમાંહી ભળશેરે. મુક્તિ. ૨
દીક્ષા લેઇને સાધુ કહાવે સહુ,
વિરલા સંયમથી વિચરતા;

કરી કેશરીયા મોહ હઠાવી,
જય લક્ષ્મી કેઇ વરતા રે. મુક્તિ. ૩
લીધો વેશ તેને ભજવે છે શૂરજન,
બોલેછે બોલ તેવું પાળે;
બુદ્ધિસાગર શુરવીર સાધુઓ,
શિવપુર સન્મુખ ચાલેરે. મુક્તિ. ૪

મુનિ બુદ્ધિસાગર.

૬૬

જીવની પરવશતા.

રાગ ભૈરવી-તાલ લાવણી

આપ સ્વભાવમેંરે અબધુ,
સદા મગનમેં રહેના.
જગત જીવ સબ કર્માધીના,
અચરજ કછુઅ ન લીના— આપ.
તું નહિ કેરા કોઈ નહિ તેરા,
કયા કરે મેરા મેરા;

તેરા હુય સો તેરી સાથ,
અવર સબે અનેરા— આપ. ૧
વપુ વિનાશી તું અવિનાશી,
અબ હુય ઇનકો બીલાશી;
વપુ સંગ જબ દૂર નીકાશી,
તબ તુમ શિવકા વાશી— આપ. ૨
રાગ ને રીસા દોય ખવીસા,
એ હુય તુમ દુઃખ દીસા.
ઇનકું જબ તુમ દૂર કરીસા
તબ તુમ જગકા ઇસા— આપ. ૩
કબહીંક કાજી કબહીંક પાજી.
કબહીંક હુવા આપ ભ્રાજી;
કબહીંક જગમેં કીર્તિ ગાજી,
સબ પુદ્‌ગલકી બાજી— આપ. ૪
શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી,
જ્ઞાન ધ્યાન મનોહારી;

કર્મ કલંકકુ દૂર નીવારી;
જીવ વરે શિવનારી— આપ. ૫

અજ્ઞાત.

૬૭

સંસાર-સ્વપ્ન.

રાગ ભૈરવી-તાલ ત્રિતાલ.

મસ્ત ભયા તન ધનમેં,
મુસાફર મસ્ત ભયો તન ધનમેં;
ઉઠ જાના એક ક્ષણુમેં—મુસાફર.

ઇસ તન ડેરા છોડ ચલેગા,
હુંસા પરભવ વનમેં;
મટ્ટીકા મડ પુંક દીએગા,
મનકી રહેગી મનમેં મુસાફર. ૧
અક્કડ ફક્કડ મૂછ મરોડત,
ત્રાસ પડાવત જનમેં;
પર્ણકુટી જાલવતાં આખીર;
ગીર પડેગી પવનમે મુસાફર. ૨

તન ધન વૈભવ સ્વપ્ના જૈસા,
સંધ્યા રંગ ગગનમેં;
પલકી ખબર નહિ પ્રાણીકો,
રાવ રંક હોય ક્ષણમેં. મુસાફર. ૩
કયા અભિમાન કરે મન મર્કટ,
સાકલચંદ સ્વજનમેં;
તન ધન અર્પન કર પરમાર્થે,
મન ધર પ્રભુ કે ભજનમેં. મુસાફર. ૪

સાંકળચંદ.

૯૮

યથાર્થ ત્યાગદશા.

રાગ ઝીંઝોટી-તાલ લાવણી.

ત્યાગ કરે તો ઐસો કીજે,
ભેખ કાયકું લીજેરે—ત્યાગ.
સ્ત્રી પુત્ર ધન સુખદાઈ,
ઉનકું ધ્યાન ન દીજેરે;

કામ ક્રોધને મોહ દુઃખદાઇ,
ઉનકું ત્યાગી દીજેરે. ત્યાગ. ૧
આશા તૃષ્ણા કુમતિ ત્યાગ કર,
સુમતિ સંતોષ દયા લીજેરે;
હું મમતા અભિમાન ત્યાગ કર,
જ્ઞાનનું સાધન સાધી લીજેરે. ત્યાગ. ૨
માન અપમાન હર્ષ શોક ત્યાગ કર,
હરિ ગુરૂ સંત સેવીજે રે,
સુરતિ સમરતિ દૂર કરીને,
અદ્વૈત ઉપાસના કીજેરે. ત્યાગ. ૩
પાંચ પચીશકું વશકર લીજે,
ચેતનમેં ચિત દીજેરે;
ભક્ત કલુ કહે મનવશ કીજે,
તો સુખે રામ રસ પીજેરે. ત્યાગ. ૪

કલુ ભગત.

૬૯

શ્રેયસ્કર શ્રદ્ધા.

રાગ સોરઠ-તાલ ખેમટો.

સંત ઉદ્ધારણ સામળો મીઠી મોરલીવાળો,
રે મધુરી મોરલી વાળો;
કલયુગમાં કાચબી કુડી,
રામૈયાની રીત છે રૂડી રે. સંત.
કાચબો કાચબી રહેતાં સમુદ્રમાં,
લેતાં હરિનું નામ;
દરસણ કારણ બહાર નીસરીયાં,
રાખીને વિશ્વાસ;
આવંતા નજરે ભાળ્યા,
રે ઝાલીને બાંધીને માર્યા. સંત. ૧
કાચબી કહેછે કાચબાને સ્વામી,
આવ્યો આપણો અંત;

ચૌમુખે સળગાવી દીધા,
ઓર્યા વચ્ચોવચ્ચ;
આમાંથી જો ઉગરીયે,
પાણી બારો પગ ન ભરીયે. સંત. ૨
કાચબો કહેછે કાચબીને તું,
ધારણા રાખને ધીર;
અંત વેળાના આવશે નિશ્ચે,
જુગતે જાદવરાય;
ચિંતા મેલી ચરણે આવો,
મરવાને નહિ દે માવો. સંત. ૩
કાચબી કહેછે કાચબાને સ્વામી
જાતો રહ્યો જગદીશ;
તુને તો ઇતબાર ઘણેરો,
મારે નહિ વિશ્વાસ;
મુઆ ટાણે મત મુંઝાણી,
તુટયા પછી જાળમાં તાણી. સંત. ૪
બળતી હોય તો આવને ઓરી,

પીઠપર રાખું પ્રાણ;
નીંદા ન કર મારા નાથની ભુંડી,
રોમે રોમે વાગે બાણ;
વાલાની આવશે વારૂ,
આપણને ઉગારવા સારૂ. સંત. ૫
ત્રીકમજી ત્રીલોકમાં મારી,
સામળા લેને સાર,
પત જાશે પ્રભુ તમ તણીને,
નિંદા અમારી થાય;
છોગાળા વાત છે છેલી,
થજો બળતાના બેલી. સંત ૬
કેશવરાયે કરૂણા કીધી,
મુકયા મેઘ મલાર;
આમાંથી ઉગારશે વાલો,
કાચબાને કીરતાર;
ભોજો કહે ભરૂંસો જેને,
ત્રીકમજી તારશે તેને. સંત. ૭

ભોજો ભગત.

૭૦

નિરૂપયોગી સંપત્તિ.

રાગ ઝાંઝોટી-તાલ હોંચ.

મૂરખો રળી રળી કમાણો રે,
માથે મેલશે મોટો પાણો. મૂરખો.
ધુતી ધુતીને ધન ભેળું કીધું,
કોટીધ્વજ કહેવાણો;
પુન્યને નામે પા જૈ ન વાર્યો,
અધવચથી લુંટાણોરે. મૂરખો. ૧
ભર્યા કોઠાર તારા ધર્યા રહેશે,
નહિ આવે સાથે એક દાણો;
મશાણની રાખમાં રોળાઇ ગયા કેઇક,
કોણ રંક ને કોણ રાણોરે મૂરખો. ૨
મંદિર માળીયાં મેલી કરીને,
નીચે જઇ ઠેરાણો;

ભોજો ભગત કહે મુઆ પુંઠે જીવ,
ઘણો ઘણો પસ્તાણોરે. મૂરખો. ૩

ભોજોભગત.

૭૧

ગુરૂનું યશોગાન

રાગ માઢ-તાલ લાવણી.

અમારા તે અવગુણરે,
ગુરૂના ગુણ ઘણારે જી;
અમારા તે અવગુણ સામું,
મત જોય— અમારા તે.
ગુરૂ મારા દીવોરે, ગુરૂ મારા દેવતારેજી;
ગુરૂજી મારા પારસમણીનેરે તોલ. અ. ૧
ગુરૂ મારા ગંગારે, ગુરૂ મારા ગોમતીરેજી
ગુરૂજી મારા કાશી અને કેદાર. અમારા૨
ગુરૂ મારા ત્રાપારે, ગુરૂ મારા તુંબડારેજી;
એ તુંબડે ઉતરીયે ભવપાર. અમારા. ૩

જાલીડા મેલાવોરે ગુરૂગમ જ્ઞાનનાંરેજી,
એ જાલીડા જરણીરે માંહેલા જામ.અ.૪
ગુરૂના પ્રતાપેરે, જેઠીરામ બોલીયારેજી;
દેજો અમને સંત ચરણુમાંરે વાસ.અ. ૫

જેઠીરામ.

૭૨

પ્રેમથી પ્રભુપ્રાપ્તિ.

રાગ કાલીંગડો. તાલ લાવણી.

જે કોઈ પ્રેમ અંશ અવતરે,
પ્રેમરસ તેના ઉરમાં ઠરે. જે.
સીંહણુ કેરૂં દુધ હોય તે,
સીંહણુ સુતને જરે;
કનક પાત્ર પાખે સહુ ધાતુ,
ફોડીને નીસરે— પ્રેમ.૧
સકરખોરનું સાકર જીવન,
ખરના પ્રાણુજ હરે;

ક્ષાર સીંધુનું માછલડું જેમ,
મીઠા જલમાં મરે. પ્રેમ.૨
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે,
તદપિ અર્થ ના સરે;
મત્સ્ય ભોગી બગલો મુક્તાફલ,
દેખી ચંચુ ના ભરે. પ્રેમ.૩
એમ કોટી સાધને પ્રેમ વિના,
પુરૂષોતમ પુંઠ ના ફરે;
દયા પ્રીતમ શ્રી નાથ નિરંજન,
પ્રેમ ભક્તિએ વરે. પ્રેમ,૪

દયારામ

૭૩

ભક્તો–ખરા શ્રીમંતો.

રાગ માઢ-તાલ હીંચ

મારે ધનરે શ્રીમાલ હરિનામ છેરે,
વાલો નોધારાનો આધાર છેરે. મારે.

જેને આગુની ઓળખાણુ છેરે;
તેના ઘરરે હીરાની ખાણુ છેરે. મારે.૧
કોટીધ્વજરે હરિના સંત છેરે;
બીજા સર્વે ચોરાશીના ફંદ છેરે. મારે.૨
વેપારી વેપાર કરીને જાય છે રે;
તને લાભે ઉદ્યમ ઘણો થાય છેરે. મારે.૩
નરભેરામના સ્વામીને જે મળેરે;
તેના આવાગમનના ફેરા ટળેરે. મારે.૪

નરભેરામ

૭૪

અખંડ સૌભાગ્ય.

રાગ માઢ-તાલ હીંચ.

સહીયર શાદને વોળાવો મુને સાસરેરે;
હુંતો આવીરે અલબેલા વરને આશરેરે.સ.
મારો ચાંડલો ને ચુડલો અભંગ છેરે;
શારદામા સદા સતસંગ છેરે—સહીયર.૧

ગુરૂએ શબ્દ સુણાવ્યો મારા કાનમાંરે;
હુંતો સમજી સાધુજીના સાનમાંરે. સહી૦૨
હુંતો બાવરી ફરૂં છું મધ્ય બ્રહ્મમાંરે;
મારી સુરતા લાગીછે અનહદમાંરે.સહી૦૩
નરભેરામના સ્વામીના સાથમાંરે;
અમે છઇએ છોગાળાના હાથમાંરે.સહી૦૪

નરભેરામ.

૭૫

પ્રભુપ્રેરિત સિદ્ધિઓ.

રાગ માઢ–તાલ હીંચ.

પ્રભુની ભક્તિ કરે તો તેને ધન્ય છેરે;
મારે આજરે આનંદનો દિન છેરે, પ્રભુ.
વાલે પ્રલ્હાદની રક્ષા કરીરે,
વિકરાળ રૂપે નરસિંહજીનીદેહધરીરે.પ્રભુ.૧
વાલે નરસિંહ મેતાને હાર આપીયોરે;
વાલે ધ્રુવને પોતાનો કરી થાપીયોરે–પ્રભુ.૨

વિખડા પીધાં મીરાં બાઇનારે;
પણ રાખ્યા સિંહણ નાઇનારે—પ્રભુ. ૩
વાલે નામની છાપરી છાઇછેરે;
સુદામાની નારી સુખ પાઇછેરે-પ્રભુ. ૪
નરભેરામના સ્વામીને જે મળે રે;
તેના આવાગમનનાં ફેરા ટળેરે-પ્રભુ. ૫

નરભેરામ.

૭૬

અદ્‌ભૂત રસ-કટોરા.

રાગ માઢ-તાલ લાવણી.

પિયાલો અમને પાયો રે,
ગુરૂએ મારે પ્રેમે કરી;
એવા હૃદયમાં દરસાણારે,
ખરેખર આપ હરિ-- પિયાલો.
પેલો પિયાલો લછીરામે પાયો,
જુગતેં કરીને જોઇ;

કુંચી બતાવી કાયા તણી,
કળા ન બતાવી કોઇ;
ત્રીકુટી તાળા ખુલ ગયા,
સુનમેં દરસાણા સોઇ;
એવું નગર બધું જોયું રે,
જોયું મેં તો જરીએ જરી-પિયાલો૦૧
બીજે પીયાલે બુદ્ધિ આવી,
આવી સતોની સાન;
વ્યાકુલ રૂપે નિનવું,
જોતાં જમીં આસમાન;
સાચા દરસણ દેહી તણા,
સાચા સુંદર શ્યામ.
એવી લગની અમને લાગી રે,
બેઠો હું તો ધ્યાન ધરી--પિયાલો૦ ૨
ત્રીજે પીયાલે ત્રણ ગુણ ઉપના,
પાંચ તત્વ પ્રકાશ;

શુન મંદિરમાં શ્યામ બીરાજે,
અલખ તણે દરબાર;
ઝમમગ જોતા જાગીઉં,
કોટે દરસણા સોઇ;
એવી સુન્તી ધુનમેં લાગીરે.
કૃષ્ણ રાયે કીરપા કરી. પિયાલો૦ ૩
ચોથે પીયાલે સાન કરીને,
હરિએ ધર્યો છે હાથ;
એકવીશ બ્રહ્માંડ ઉપરે,
મારે વાલે બતાવી વાટ;
ઇ વાટોમાં લખ્યું છે,
નવે દરવાજે છે નાથ;
એવી અગમની ખબરૂરે,
વાલે મારી આલી ખરી,– પિયાલો૦ ૪
પાંચમે પીયાલે પૂર્ણ ભયા,
ભેટયા ભૂદરરાય.

રવે રવે વખાણીયે,
જોતાં રજની જાય;
અખંડધારા મેઘ વરસે,
ગેબી ગરજના થાય.
એવા સ્વાંતીના ઝરણાંરે,
ઝરમર ઝરમર મેઅલા ઝરે.—પીયાલો૦
છઠે પીયાલે પૂર્ણ થયા,
અવિચળ થયા લછીરામ.
એવું ઘણું દીલ ઇચ્છાથી કરીને,
ગુરૂએ બતાવ્યું મુક્તિનું ધામ;
રામદાસ ચરણે લછીરામ વિનવે,
પોતા છે પૂરણધામ;
એવા શરણુંમાં રાખજોરે,
ફોગટ ફેરા ઘણારે ફર્યા.—પિયાલો૦ ૬

લછીરામ.

૭૭

સામાયક નય.

રાગ માઢ—તાલ લાવણી.

ચતુર નર સામાયક નય ધારો;
લોક પ્રવાહુ છાંડકર અપની
પરિણુતી શુદ્ધ વિચારો–ચતુર નર. ૧
દ્રવ્યત અખય અભંગ આતમા,
સામાયક નિજ જાતેં;
શુદ્ધ રૂપ સમતામય કહીયે,
સંગ્રહુ નયકી બાતેં– ચતુર નર. ૨
અબ વ્યવહાર કહે યું સબ જન,
સામાયક હુઈ જાવે;
તાતેં આચરના સો માને,
અૈસા નૈગમ ગાવે– ચતુર. નર ૩
આચારના ઋજુસૂત્ર સિથીલકી,
બિનુ ઉપયોગ ન માને;

આચારી ઉપયોગી આતમા,
સો સામાયક જાને- ચતુર નર. ૪
શબ્દ કહે સંજત જો એસો,
સો સામાયક કહિયે;
ચે.થે ગુનઠાને આચરના,
ઉપયોગે ભિન્ન લહિયે—ચતુર નર. ૫
અપ્રમત્ત ઠાણે ઇર્યાકો.
સમભિરૂઢ નય સાખી;
કેવલ જ્ઞાન દસા થિતિ ઉનકી,
એવંભૂને ભાખી— ચતુર નર. ૬
સામાયક નય જોઉ ન જાને,
લોક કહે સો માને;
જ્ઞાનવતકી સંગતિ નાંહિ,
રહિયો પ્રથમ ગુનઠાને— ચતુર નર. ૭
સામાયક નર અંતર દૃષ્ટિ,
જો દિન દિન અભ્યાસે;

વિદ્યાચંદ્ર અને સુમતિ–આ નવલ કથાનો સમાજમાં જેટલો પ્રચાર થયો છે તેટલો પ્રચાર ભાગ્યેજ બીજા કોઇ પુસ્તકનો થયો હશે દશ–દશ હજાર પુસ્તકોનો એકદમ ઉઠાવ થઇ જવો, એ શું ગ્રંથની ઓછી ઉપયોગીતા સૂચવે છે ? પુસ્તકનો ઉદ્દેશ કન્યાવિક્રય તથા બાળલગ્ન વિગેરે કુરૂઢીઓ નાશ કરવાનો છે. પાત્રોના મુખની ભાષા એવી સરલ તથા અસરકારક છે કે દરેક અવલોકનકાર તેની એક અવાજે પ્રશંસા કરે છે. પુસ્તકમાં અપાયેલ ચિત્રો પણ વિષયને સહાયક તેમજ ઉપકારક છે.

મુલ્ય માત્ર ૧–૦–૦

શિવ વિનોદ ભાગ ૫ મો—આ પુસ્તકમાં ઉચ્ચ ભાવનાઓવાળાં વિવિધ પદ્યો છે. ભાષાની સરળતા, ભાવની રસાળતા તથા

રાગ રાગણીઓની વિષયાનુકૂળ પસંદગી એ તત્ત્વોથી આ ભાગ ઘણો તાત્ત્વિક થઇ પડે તેવો છે. ભક્તાત્મા શ્રી શિવજીભાઇનો ભાવના પ્રવાહ સતતપણે કેવી નિર્મળતાથી વહ્યા કરે છે. તે જાણવાનું આથી સરળ સાધન બીજું મળવું મુશ્કેલ છે.

રાગબોધ—પશુઓ અને યોગીઓ સિવાય સંગીતનો અભ્યાસ કરવાનો કોને ઇચ્છા નહીં થઇ હોય ? આ પુસ્તક વિવિધ રાગ-રાગણી-ઓની સમજણ આપવા માટે એક ભોમીયા સમાન છે. તેમાં મુખ્ય મુખ્ય રાગોના સ્વરોની સમજણ સાથે ભજનથી પૂર્ણ પદો પણ આ-પ્યાં છે કે જેથી સંગીત સ્વરો સાથે પ્રભુના સ્તવનનો હેતુ પણ સચવાય છે. જૈન સાહિ-ત્યમાં આ પ્રથમજ પુસ્તક છે. એમ અમો છાતી ઠોકીને કહી શકીએ છીએ.

રૂા. ૦-૫-૦ માત્ર.

મળવાનું ઠેકાણું.

મેઘજી હીરજી.

પાયધુની.

જગ જસવાદ લહે સો બેઠો,
જ્ઞાનવંત કે પાસે— ચતુર નર. ૮
શ્રી યશોવિજયજી.

૭૮

માયા સ્વરૂપ.

રાગ માઢ—તાલ લાવણી.

માયા કારમીરે,
માયા મ કરો ચતુર સુજાણ—માયા.
માયા વાયો જગત્ વલુધો,
દુઃખીયો થાય અજાન;
જે નર માયાયેં મોહિ રહ્યો તેને,
સુપને નહિ સુખ ઠામ. માયા. ૧
નાના મોટા નિરખી માયા,
નારીને અધીકેરી;

વલી વિશેષે અધીકી માયા,
ગરઢાને ઝાઝેરી. માયા. ૨

માયા કામણ માયા મોહન,
માયા જગ ધુતારી;
માયાથી મન સહુનું ચલીયું,
લોભીને બહુ પ્યારી. માયા. ૩

માયા કારણ દેશ દેશાંતર,
અટવી વનમાં જાય;
જહાજ બેશીને દ્વીપ દ્વિપાંતરે,
જઇ સાંયર ઝપલાય. માયા. ૪

માયા મેલી કરી બહુ ભેલી,
લોભે લક્ષણ જાય;
ભયથી ધન ધરતીમાં ગાઢે,
ઉપર વિષહર થાય. માયા. ૫

યોગી જતી તપસી સન્યાસી,
નગ્ન થઇ પરવરિયા;

ઉંધે મસ્તક અગ્નિ તાપે,
માયાથી ન ઉગરીયા. માયા. ૬
શિવભૂતિ સરીખો સત્યવાદિ,
સત્યઘોષ કહેવાય;
રત્ન દેખી તેનું મન ચલીયું.
મરીને દુર્ગતિ જાય. માયા. ૭
લોભ ધરત માયા મેં રહિયો,
પડિયો સમુદ્ર મોઝાર;
મુઠ માખનીયો થઇને મરિયો,
પોતે નરક મોઝાર. માયા. ૮
મન વચન કાયાનેં માયા,
મૂકી વનમાં જાય;
ધન ધન તે મુનિશ્વર રાયા,
દેવ ગાંધર્વ જસ ગાય. માયા. ૯
શ્રી યશોવિજયજી.

૭૯

સાચા સાધુઓની ઓળખ.

રાગ ખમાચ-તાલ પંજાબી ઠેકો.

સાધુ ભાઇ સોહે જનકા રાગી,
જાકી સુરત મૂલ ધુન લાગી-સાધુ.
સો સાધુ અષ્ટ કર્મસું જગડે;
સુન બાંધે ધર્મશાલા;
સોહં શબ્દકા ધાગા સાંધે,
જપે અજંપા માલા. સાધુ. ૧
ગંગા જમુના મધ્ય સરસ્વતિ,
અધર વહે જલધારા;
કરીય સ્નાન મગન હુઇ બેઠે,
તોડયા કર્મદલ ભારા. સાધુ. ૨
આપ અભ્યંતર જયોતિ બિરાજે,
બંકનાલ ગ્રહે મૂલા;

પછિમ દિશાકી ખડકી ખોલો,
બાજે અનહદ તૂરા. સાધુ. ૩
પંચભૂતકા ભરમ મિટાયા,
છઠે માંહિ સમાયા:
વિનય પ્રભુ સું જ્યોતિ મિલિ જબ,
ફિર સંસાર ન આયા. સાધુ. ૪
શ્રી વિનયવિજયજી.

૮૦

ધૂર્ત્ત માયા.

રાગ કાલીંગડો-તાલ ત્રીતાલ.

માયા મહા ઠગણી મેં જાની,-માયા
ત્રિગુન ફાંસા લેઇકર ડોરત;
બોલત અમૃત બાની— માયા. ૧
કેશવ ઘર કમલા હોઇ બેઠી.
શંભુ ઘર ભવાની,
બ્રહ્મા ઘર સાવિત્રિ હોઈ બેઠી,
ઇંદ્ર ઘર ઇંદ્રાણી— માયા. ૨

પંડિતકુ પોથી હોઇ બેઠી,
તિરથીયાકું પાની;
યોગી ઘર ભભુત હોઇ બેઠી,
રાજા કે ઘર રાની— માયા, ૩
કિને માયા હીરો કર લીનો,
કિને ગ્રહી કોરી જાની;
કહત વિનય સુનો અબ લોકો,
ઉનકે હાથ બિકાની— માયા. ૪

શ્રી વિનયવિજયજી.

૮૧

પૌદ્ગલિક લીલા.

રાગ માઢ–તાલ લાવણી.

બાલમિયારે, બિરથા જનમ ગમાયા–
બાલ.
પર સંગત કર દસ દિસ ભટકા,
પરસેં પ્રેમ લગાયા;

પરસેં જાયા પર રંગ ભાયા;
પરકું ભોગ લગાયારે— બિરથા૦ ૧
માટી ખાના માટી પીના,
માટી મેં મરજાના;
માટી ચીત્રર માટી ભૂખન;
માટી રંગસોં ભીનારે- બિરથા૦ ૨
પરદેશીસેં નાતરા કીના,
માયામે લપટાના;
નિધિ સંયમ જ્ઞાનાનંદ અનુભવ,
ગુરૂ બિન નાંહિ લહાનારે-બિરથા૦ ૩

શ્રી જ્ઞાનવિજયજી.

૮૮

યોગીઓની યારી.

રાગ કાફી-તાલ લાવણી.

જોગીયાસેં યારા કીના હા,
જ્ઞાન દિનંદા--જોગીયા.

જ્ઞાન દિનંદા ત્રિભુવન ચંદા;
તટની તટની વસંદા;
બરમ ભાવ કછોટ ધરંદા,
ધાતી ભસમ લિપંદા. જોગીયા. ૧
સાદિ સાંત દ્દઢ આસન ધારી,
નીજ સું પરિણુતિ ભાયી;
જ્ઞેય મશાલા પ્રેમકા પ્યાલા,
યોગ નિંદ લય લાયી. જોગીયા. ૨
તત્ત્વ બિચાર જટા વધારી,
અનહુદ ધુનિ ચિત્ત લાઈ;
નિધિ ચારિત્ર સુભ સેજે પ્યારી,
જ્ઞાનાનંદ મયાઈ. જોગીયા. ૩

શ્રી જ્ઞાનવિજયજી.

૮૩

અંતર પ્રકાશ.

રાગ આશાવરી-તાલ ત્રિતાલ.

જ્ઞાન કલા ઘટ ભાસી જાકું-જ્ઞાન.
તન ધન નેહ નહી રહ્યા તાકું,
છિનમેં ભયે ઉદાસી. જાકું. ૧
હું અવિનાશી, ભાવ જગત કે,
નિશ્ચે સકલ બિનાશી;
એહવી ધાર ધારણા ગુરૂગમ,
અનુભવ મારગ પાસી. જાકું. ૨
મેં મેરા એ મોહ જનિત સંગ,
ઐસી બુદ્ધિ પ્રકાશી;
તે નિઃસંગ પગ મોહ શીષ દે,
નિશ્ચે શિવપુર જાસી. જાકું. ૩

સુમતા ભઇ સુખી ઇમ સુનકે,
કુમતા ભઇ ઉદાસી.
ચિદાનંદ આનંદ લહ્યો ઇમ;
તોર કરમકો પાસી. જાકુ. ૪

શ્રી ચિદાનંદજી.

૮૪

યોગ કળા.

રાગ કાફી-તાલ દિપચંદી.

જૌલૌં અનુભવ જ્ઞાન,
ઘટમેં પ્રગટ ભયો નહિ. જૌલૌં.
તૌલૌં મન થિર હોત નહિ છિન,
જ્યોં પીપરકો પાન;
વેદ ભણ્યો પણ ભેદ ન જાણ્યો,
પોથી થોથી જાણરે ઘટમેં. ૧
રસ ભાજનમેં રહત દ્રવ્ય નિત,
નહિ તસ રસ પહિચાન;

તિમ શ્રુતપાઠી પંડિતકુ પણ,
પ્રવચન કહત અજ્ઞાન. ઘટમેં ૨
સાર લહ્યા બિન ભાર કહ્યા શ્રુત,
ખર દ્રષ્ટાંત પ્રમાણ;
ચિદાનંદ અધ્યાતમ શૈલી,
સમજ પરત એક તાનરે. ઘટમેં. ૩

શ્રી ચિદાનંદજી.

૮૫

ભક્તિસાગરની લહરી.

રાગ સારંગ-તાલ ત્રિતાલ.

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં
બિસર ગઇ દુવિધા તન મનકી,
અચિરાસુત ગુન જ્ઞાનમેં હમ ૧
હરિ હર બ્રહ્મ પુરંદરકી રૂધિ,
આવત નહિ કોઉ માનમે;
ચિદાનંદકી મોજ મચી હય,
સમતા રસકે પાનમેં હમ ૨

ઇતને દિન તું નાંહિ પીછાન્યો મેરો,
જન્મ ગમાયો અજાનમે;
અબ તો અધિકારી હુઈ બેઠે,
પ્રભુ ગુન અખય ખજાનમેં   હમ ૩

ગઇ દીનતા સબહિ હમારી,
પ્રભુ તુજ સમકિત દાનમેં;
પ્રભુ ગુણુ અનુભવકે રસ આગે,
આવત નાહ કોઉ માનમેં   હમ ૪

જિનહિ પાયા તિનહી છીપાયા,
ન કહે કોઉકે કાનમેં;
તાલી લાગી જબ અનુભવકી,
તબ જાને કોઉ શાનમેં   હમ ૫

પ્રભુ ગુન અનુભવ ચંદ્રહાસ્ય જયોં,
સોતો ન રહે મ્યાનમેં;
વાચકજશ કહે મોહ મહા અરિ,
જીત લીયો હય મેદાનમેં   હમ ૬

શ્રી યશોવિજયજી.

૮૬

એક મનોદશા.

ગઝલ.

મને કોઇ કહેતું જગત ખોટું,
તે તો મેં હવે જાણ્યું;
મને કોઈ કહેતું જગત સાચું,
તે પણ મેં હવે જાણ્યું. મને૦

કહિ ખોટું તો મારે શું,
કહિ સાચું તો મારે શું;
નથી થાતું નથી જાતું,
હુંમાં હું સમાયો છું;
અખંડ આ સ્થિર જ્યોતિમાં,
નથી થાતું નથી જાતું મને૦

પંડિત લાલન.

૮૭

યથારૂપે વિશ્વદર્શન.

ધનાશ્રી.

દેખું જુદું હું આજ જગત સૌ,
દેખું જુદુ હું આજ;
દેહ જુદો મુજ રૂપથકી છે,
આ સૌ દેહના સાજ. જગત૦ ૧
સ્ત્રી ધન માતા પિતા પુત્રને,
ઘર કુટુંબ પરિવાર;
એ પણ દેહના ધાર. જગત૦ ૨
હું નહિ જગમાં જગ નહિ મુજમાં,
જગ જડ હું જોનાર. જગત૦ ૩
જે કરતો ક્રિયા લાલનમાં
તેને પણ જોનાર જગત૦ ૪
એ જીવમાં જે શિવરૂપે છે,
તે તું હું એમ ધાર. જગત૦ ૫

નિશ્ચયથી શિવ વ્યવહારે જીવ,
ધ્યાન એક જણાય. જગત૦ ૬

ક્રોડ ભવે પણ ધ્યાન વિના જીવ,
ભમતાં શિવ નહિ થાય. જગત૦ ૭
ઓલખ ઓલખનારને ધ્યાને,
તો શિવ ક્ષણમાં થાય. જગત૦ ૮

પંડિત લાલન,

૮૮

वसुधैव कुटुंबकम्.

શાર્દુલ.

મોટી તે સહુ માતૃતુલ્ય ગણું હું,
છોટી ગણું પુત્રીઓ;
જે હોયે સમ વર્ષમાં મુજતણા,
તેને ગણું ભાગનીઓ;
મોટા તે સહુ પિતૃ તુલ્ય ગણું હું,
છોટા ગણું પુત્રકો;

જે હોયે સમ વર્ષમાં મુજ તણા,
તેને ગણું બંધુઓ;
એવી માનવ માત્રમાં મુજ થજો,
પ્રીતિ તણી વૃષ્ટિઓ;
આ કાળે મુજને પ્રભુ કરી કૃપા,
આશીષ એવી દીઓ—

પંડિત લાલન.

૮૯

જીવનનું સિંહાવલોકન

રાગ રામગ્રી-તાલ દીપચંદી

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું,
દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું
ભાજન છું કરૂણાળ. હે પ્રભુ. ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી,
નથી સર્વ તુજરૂપ;

નથી લઘુતા કે દીનતા,
શું કહું પરમ સ્વરૂપ. હે પ્રભુ. ૨
નથી આજ્ઞા ગુરૂ દેવની,
અચળ કરી ઉરમાંય;
આપ તણો વિશ્વાસ દ્રઢ,
ને પરમાદર નાંહિ. હે પ્રભુ. ૩
જોગ નથી સત્સંગનો
નથી સત્ સેવા યોગ્ય:
કેવળ અર્પણતા નથી,
નથી આશ્રય અનુયોગ. હે પ્રભુ. ૪
'હું પામર શું કરી શકું'
એવો નથી વીવેક;
ચરણ શરણ ધીરજ નથી,
મરણ સુધીની છેક. હે પ્રભુ. ૫
અચિંત્ય તુજ માહાત્મ્યનો,
નથી પ્રફુલ્લીત ભાવ

અંશ ન એકે સ્નેહનો
ન મળે પરમ પ્રભાવ. હે પ્રભુ. ૬
અચળ રૂપ આસક્તિ નહિ,
નહિં વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની;
નહિ તેનો પરિતાપ. હે પ્રભુ. ૭
ભક્તિ મારગ પ્રવેશ નહિ,
નહિ ભજન દૃઢ ભાન;
સમજ નહિ નિજ ધર્મની,
નહિ શુભ દેશે સ્થાન. હે પ્રભુ. ૮
કાળ દોષ કળીથી થયો,
નહીં મર્યાદા ધર્મ;
તોય નહીં વ્યાકૂળતા,
જુઓ પ્રભુ મુજ કર્મ. હે પ્રભુ. ૯
સેવાને પ્રતિકૂળ જે
તે બંધન નથી ત્યાગ;

દેહેંદ્રિય માને નહિ;
કરે બાહ્યપર રાગ. હે પ્રભુ, ૧૦
તુજ વિયોગ સ્ફુરતો નથી;
વચન નયન યમ નાંહિ,
નહિ ઉદાસ અન્ય ભક્તથી;
તેમ ગૃહાદિક માંહી. હે પ્રભુ, ૧૧
અહંભાવથી રહિત વહીં,
સ્વ ધર્મ સંચય નાંહિ;
નથી નિવૃત્તિ નિર્મળપણે,
અન્ય ધર્મની કાંઇ. હે પ્રભુ, ૧૨
એમ અનંત પ્રકારથી,
સાધન રહીત હુંય;
નહિ એક સદ્ગુણ પણ,
મુખ બતાવું શુંય? હે પ્રભુ. ૧૩
કેવળ કરૂણામુર્તિ છો,
દીનબંધુ દીનાનાથ;

પાપી પરમ અનાથ છું,
ગૃહો પ્રભુજી હાથ. હે પ્રભુ. ૧૪
અનંત કાળથી આથડયો,
વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરૂ સંતને,
મુકયું નહી અભિમાન. હે પ્રભુ. ૧૫
સંત ચરણ આશ્રય વિના,
સાધન કર્યા અનેક;
પાર ન તેથી પામીયો,
ઉગ્યો ન અંશ વીવેક. હે પ્રભુ, ૧૬
સહુ સાધન બંધન થયા,
રહ્યો ન કોઈ ઉપાય;
સત્સાધન સમજ્યો નહિ,
ત્યાં બંધન શું જાય? હે પ્રભુ. ૧૭
પ્રભુ પ્રભુ લય લાગી નહિ,
પડયો ન સદ્‌ગુરૂ પાય;

દીઠા નાહુ નિજ દોષ તો
તરિયે કોણુ ઉપાય. હે પ્રભુ. ૧૮

અધમાધમ અધિકો પતિત,
સકળ જગતમાં હુંય
એ નિશ્ચય આવ્યા વિના,
સાધન કરશે શુંય? હે પ્રભુ. ૧૯

પડી પડી તુજ પદ પંકજે,
ફરી ફરી માગુંછું એજ;
સદ્ ગુરૂસંત સ્વરૂપ તુજ,
એ દ્રઢતા કરી દેજ. હે પ્રભુ ૨૦

શ્રીમદ્ રાજચંદ્ર.

૯૦

અંતઃપ્રવેશ.

ભૈરવી ગઝલ.

અમારે ને જગત વચ્ચે,
હજારો કોસ અંતર છે.

*જહાંના ને અમારા રાહ,
ન્યારા એ સદંતર છે.
બની ઘેલુ જગત્ આખું,
ફનામાં જે ફસાયું છે;
અરે એ ફંદથી મારૂં,
જીગર ન્યારૂં એ નિરંતર છે.
કહી [1]ગુલ સર્વ જે ચુઓ,
અમો ત્યાં ભાળતા કાંટા.
તમારા શોખના સદનો,
અમોને ભૂતના ભડકા.
અરે આ દીલ ઘડાયું છે,
નિરાળા કોઈ તત્વોથી;
નથી કંઈ મેળ લેતુંએ,
તમારા શોખની સાથે.
ભરી વસ્તી તમારીમાં,

---

* જગત્. ૧ પુષ્પ.

ભમું છું હું પડી ભુલ્લો;
મને સૌ પૂતળાં ભાસે,
નિયમબળથી ધકેલાતા.
તમારા હાસ્યમાં ભળું,
ઉંડા કે શોકની છાયા;

કરૂણારસ નાટકો કંઇ કંઇ
પ્રતિપળ ૨ ચશ્મમાં ચડતાં,
વિલાસો વૈભવો જગના,
અમે જ્યાં ઝાલવા જઇએ;

ફરી બેસી ખરા રૂપે,
પૂરો ૩નિર્વેદ પ્રકટાવે.

તમારામાં અમે ભળીએ,
હવે એ આશા ખોટી છે,

અમોને જે ન રૂચ્યું તે,
ભલા કેવી રીતે ગ્રહીએ ?

---

૨ દ્રાષ્ટિએ. ૩ દુઃખ

પ્રભુના બાળ સૌ છીએ,
પ્રીતિ તમ સર્વમાં મારે;
પરંતુ જે ગમે તમને,
રૂચે અમને ન તે જરીએ,
પ્રીતિ તમને અમારામાં,
હશે તો આવીને મળજો;
ભલે દીન આજનો પ્યારો.
તમારી મસ્તીમાં રમજો.

સુશીલ.

૯૨

પ્રબંધ.

(રાગ ગુજરી—તાલ પ્રતિમઠ)

સિદ્ધારથ નૃપનંદન જગવંદન એ,
મુનિમન કુમુદ નિમોદન જયજીનચંદ્ર હરે.

સલીલ ૧ કલીલ મલગંજન,
બુધરંજન એ ભવભ્રમ ધુલી૨પ્રભંજન-જય.
પ્રતિપાલક પ્રણુતાશ્રય મહદાશય એ,
૩શ્રુતિમુખ સ્રવત સુધામય— જય.
સ્વાનુભૂતિ રમણીવર ભયભયહર એ,
ઉદિત અનંત ગુણાકર— જય.
તપ્ત કનક સમ ૪વરતન ગતઅંજન ૫એ,
તીર્થ ચતુર્વિધ મંડન— જય.
૬સંતિ કષ્ટ વિમોચન,
૭ચિતિનિષ્ઘન્ન ચોગીજન અવલંબન-જય.
૮જનિમૃતિ વિપદ દારક વિવતારક એ,
પરમ પ્રબોધ પ્રસારક— જય.

---

૧ કળીયુગ. ૨ વાયુ. ૩ વાણી. ૪શ્રેષ્ટવપુ. ૫ નિષ્કર્મ. ૬. સંસાર ૭ સ્વરૂપ પ્રાપ્ત ૮ જન્મ—મરણ.

વિકટ વિમોહ નિવારક ભ્રમટાળક એ,
લલીત સ્વરૂપ ગુણધારક- જય.
૯જનહિતકર યોગત્રય ચિરહો જય એ;
સતત **સુશીલ** ઉર આશ્રય. જય.

સુશીલ.

૯૨

રસમય જીવન.

(ઓધવજીના સંદેશાનો રાહ)

હેતભર્યું હૈયું અમીરસથી ઉછળે,
પણ નવ જાણું અર્પું કઇ આશિષ જો;
સહુ ઉર સરખા સુખદ વસંત છવાઇ રહી,
પમરે પદ્મપરાગ મધુર ચહુદિશ જો.

હેતભર્યું. ૧

---

૯ આ પંકિતમાં આવો આશય છેઃ-શ્રી તીર્થંકરોના મન-વચનાદિ યોગત્રયજ ભવી જીવને કલ્યાણકારી છે, તેથી તેનો વિજય હો!

શી મનહુર પુલવાડી આ ફાલી, રહી
કુંજ નિકુંજની મંજરીઓ મલકાય જો;
ગુંજે ભૃંગ અનંત બની મધુમસ્ત જયાં,
રમણીય છાઇ લીલી શીળી છાય જો.

હેતભર્યું ૨

સ્નેહ સમાધિ રસમાં સહુ ચકચૂર છે,
પદ્મ ચૂમે ચાહી મન નેહ મધુર જો
ભાસે વિશ્વ રમંતુ રસના અંકમાં
દસદિશ રસીલું રેલ્યું એ રસપૂરજો.

હેતભર્યું. ૩

એ અમીરસનો સહુને સરખો વારસો,
એજ તત્ત્વ વિલસે સહુ ઘટના પારજો;
સહુ સરખી જાતી ન અધિક કે ન્યૂનકો,
સહુમાં સરખો એ ચેતન સંચારજો.

હેતભર્યું.૪

જે હુંમાં તે સહુમાં સહુનું હું વિષે,
પ્રતિ આત્માનો એવો દિવ્ય અભેદ જો;

એ અનુભવમાં ઉંડું સુખ સમજાય છે,
સહજ થતો અંતર ગ્રન્થિનો છેદ જો.

હેતભર્યું. ૫

આ ઉર ઉછળતો રસ કયાં રેડું જઇ,
વિશ્વપાત્ર ન્હાકડું ત્યાં ન સમાયજો;
વિશ્વ થકી મમ સ્વરૂપ અનંત ઉદાર છે,
હું વિણુ અવર ન સ્થળમાં એ સ્થિરથાયજો.

હેતભર્યું. ૬

અથવા મુજ સાથે જે હૈયું મેળવે,
ત્યાં જઇ ઢોળું આ સાગરની ધારજો,
ગ્રાહક હો તો એ અમીઝરણું ઝીલજો,
એ ભાવે નિવસે આત્મીય સહચાર જો.

હેતભર્યું. ૭

સુશીલ

શા. મેઘજી હીરજીની કુંo—

શિવવિનોદ બીજો ભાગ વ ચી જોતાં તેમાં તેમના દર્શાવેલા વિચારો આત્માને ઘણાજ લાભકારી છે, અને તેજ વિચાર પ્રમાણે ચાલવાથી જન્મ મરણ રૂપી રાક્ષસો દૂર થશે અને બંધીખાનેથી છુટા થશે. માટે સર્વે, જેને આ દુ:ખરૂપ સંસાર પાંજરાથી છુટા પડી મોક્ષ સુખની ઇચ્છા હોય તે જીવોએ ઘણાજ સૂક્ષ્મ—બારીક વિચારથી શિવ વિનોદનો સાર વારંવાર લક્ષમાં રાખીને વાંચવો. ને એકાંતમાં શુદ્ધ મનથી બનતી કોશીષ કરી આ મનુષ્યભવની જીંદગાની સફળતા કરવા ઉમંગ રાખવો. એજ.

લીo જૈનસ્થાનકવાસી સાધુમાર્ગી દરીયાપરી ધર્મસિંહ મુનિના સંઘાડાના પૂજ્યશ્રીપુરૂષોત્તમજી સ્વામીના શિષ્ય શ્રી રવિચંદજી.

શિવવિનોદના માટે જૈન પત્ર-
ના અધિપતિ લખે છે કેઃ-શિવ
વિનોદ નામના પુસ્તકનાં કેટલાંક ફારમો
વાંચતાં ઘણોજ આનંદ થાય છે. આ-
ધુનિક સમયમાં જ્યારે બીજી કોમવા-
ળાનું વલણ નવીન પ્રકારના રાગ રાગ-
ણીમાં પરોવાયેલું જોવામાં આવે છે, તો
પછી જૈન કોમના યુવકોને આપણા પૂ-
ર્વાચાર્યોએ કરેલાં સ્તવનો વગેરે પર
અભાવ થાય તે સ્વભાવિક છે. આવા
યુવકોને વૈરાગ્ય અને ભક્તિના માર્ગ
પર દોરવા માટે ભાઈ શિવજીનો પ્રયા-
સ ધન્યવાદને પાત્ર છે.—આ ગ્રંથ એ-
કલા જૈનભાઇઓજ માટે નથી, પણ
જે કોઇ વાંચશે તેને તે ઉપયોગી થશે.

તેમાં આવેલું એક એક પદ સોનાના મુલ્ય કરતાં પણ અધિકછે.જેમકેકેટલાક છોકરાંઓ રસ્તે જતાં નાટકનાં ગાયનો ગાતાં જાય છે, તેમ આગળ જતાં આ ગ્રંથની બેતો રસ્તે સંભળાતી! આપણા ભાઇઓ જોશે.ભાઇશિવજીમાં કંઇ પર-માત્માનો અંશ છે, તે આ બેતોથી ક-હેતાં—ભજનોથી સાક્ષાત્ પુરવાર થાય છે. માત્ર કપડાં પહેરવાથીજ સાધુ કહે-વાય નહીં, પણ જેનું અંતર ભક્તિરૂ-પી રંગથી રંગાયું છે, તેજ સાધુ છે. આ બેતો વાંચતાં ભાઇ શિવજી એક સંત છે તેમ સાક્ષાત્ જણાઇ આવે છે.

જૈનપત્ર ઓફીસ.
મુંબઇ, તા. ૩-૮-૦૯.

સેવક,
ભગુફત્તેચંદ.

શિવપ્રબોધ ભાગ ૨ જો—આ પુસ્તકમાં ઘણાંજ ઉપયોગી વિષયો ઉપર છટાદાર વ્યાખ્યાનો આપવામાં આવ્યા છે. નિબંધો વાંચતી વખતે દરેક લોકના મનમાં એમજ થઇ આવે છે કે નીતિમય જ્ઞાન મેળવ્યા સિવાય સાંસારિક સુખ કે ધાર્મિક શાંતિ મેળવી મુશ્કેલ છે. વિષયો જેમ ઉપયોગી છે. તેમ ભાષા પણ જુસાદાર અને મર્મભેદક છે, અમે આ ગ્રંથ વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. કિંમત માત્ર આના આઠ.

મેસર્સ મેઘજી હીરજીના કુ૦

પાયધુની નં. ૫૬૬—મુંબઇ

૯૩

રાગ ભીમ પલાસ તાલ ત્રિતાલ.

અચંબો ઇન લોગનકો આવે.
છાંડ ગોપાલ અમિત રસ અમૃત,
માયા વિષ ફલ ભાવે— અચંબો. ૧
નિંદિત મૂઢ મલય ચંદનકો,
કપિકે અંગ લગાવે;
માનસરોવર છાંડ હંસ સર,
કાક સરોવર નહાવે. અચંબો. ૨
પગતર જરત ન જાનત મૂરખ,
પરઘર જાય બુઝાવે;
લખચોરાશી સ્વાંગ ધરે પર,
ફિર ફિર યમહિ હસાવે. અચંબો. ૩
મૃગ તૃષ્ણા સંસાર જગત સુખ,
તહાં તે મન ન ફુરાવે;

સૂરદાસ ભક્તનસો મિલકે,
હરિ યશ કાહે ન ગાવે. અચંબો. ૪

સૂરદાસ.

૯૪

રાગ ભૈરવી તાળ ત્રિતાલ.

રે મન માન કહ્યું તું મારૂં—રે મન.
મિથ્યા ધામ ધરા ધન જોબન,
શું કરે મારૂં મારૂં;
સાથ સંબંધી સગાવત કોના,
આ તન પણ પડનારૂં. રે મન. ૧
જનમ મરણનું ડાલ વગાડે,
પ્રતિદિન પ્રગટ નગારૂં;
નરભવ રત્ન સમજ લે શાણા,
ભવ સાગરનું બારૂં. રે મન. ૨
વિકટ વિષયના પંથ વિષે તું,

પરવરમાં પરમારૂં;
વિનય વિવેક વડે સમજી લે,
શું નરતું શું સારૂં. રે મન. ૩
સમદમ સાધન શ્રેષ્ટ સજી લે,
ઉતમ પદ દેનારૂં;
કેશવ કહે પ્રભુ પદ પંકજને,
પ્રાણ થકી કર પ્યારૂં. રે મન. ૪

કેશવકૃતિ.

૯૫

રાગ ભેરવી તાળ ગઝલ.

કભુ ગેહવાસી કભુ વનવાસી,
કભુ પૂર્ણઆસી કભુ વહે નીરાશી;
સભી કર્મકે જોગસેં સહેના,
રખે જયોં પ્રભુ ત્યોં ખુશીમેં રહેના. ૧
કભુ મિષ્ટ પાઈ કભુ શુષ્ક પાઇ,

કભુ દ્રવ્ય પાઇ કભુ સો ગમાઈ;
દિલે હર્ષ કે શોક કાહુ ન લેના,
રખે જ્યોં પ્રભુ ત્યોં ખુશીમેં રહેના. ૨
કભુ પાવ પ્યાદે ચલી પંથ જાના,
કભુ વાહન સુવિમાન સમાના;
કભુ દાન લેના કભુ દાન દેના,
રખે જ્યોં પ્રભુ ત્યોં ખુશીમેં રહેના. ૩
કભુ શ્રેષ્ટ ભુપાલ સન્માન દેવે,
કભુ કોપસેં ઘર લુંટી લેવે;
તઉ રાખીએ ચિતમેં સુખ ચેના,
રખે જ્યોં પ્રભુ ત્યોં ખુશીમેં રહેના. ૪
કભુ હય સંયોગી કભુ હય વિયોગી,
કભુ હોય રોગી કભુ હો નીરોગી;
મુખે બોલીએ ના બની ભીરૂ બીના,
રખે જ્યોં પ્રભુ ત્યોં ખુશીમેં રહેના. ૫

કભુ બ્યાવ ઓછવકો યોગ આવે,
કભુ શોક સિંધુ બિધાતા બનાવે;
નહિ રોયકે ડાલીએ નીર નેના,
રખે જયોં પ્રભુ ત્યોં ખુશીમેં રહેના. ૬

કભુ આપ રાજા બની રાજ કીજે,
કભુ નીચકી ચાકરી ચાહી લીજે;
ભલી બુરી હય યોં કછુ ન કહેના,
રખે જયોં પ્રભુ ત્યોં ખુશીમેં રહેના. ૭

કભુ હસ્તિની ફુલોંકી માલ ડાલે,
કભુ સસ્ત્રસેં આઇ શત્રુ સંહારે;
ધરે ધીર ધીરાઇ ધોકા રખેના,
રખે જયોં પ્રભુ ત્યોં ખુશીમેં રહેના. ૮

અજ્ઞાત.

૯૬

ગરબી.

હરિવશે હરિના જનમાં,

તમે શું કરશો જઇ વનમાંરે; હરિ.
ભેખ ધરીને તમે શીદ ભટકો છો,
નથી કાંઇ દેહ દમનમાંરે. હરિ. ૧
સાચુંરે બોલો ને સાચું ચાલો,
રહો નિત ભાવ ભજનમાંરે; હરિ. ૨
હરિજન શીળ સંતોષસું રાજી,
કપટ રહીત છે તનમાંરે. હરિ. ૩
એ હરિજનને હરિ કરી માનો;
ભ્રાંતિ ન આણશો મનમાંરે. હરિ. ૪
યાગ યગન તપ તિર્થકરોની,
દસવાર નાહો એક દિનમાંરે. હરિ. ૫
દાસ પ્રીતમનો સ્વામી પ્રેમશું રાજી,
નથી કાંઇ યાગ યગનમાંરે. હરિ. ૬

પ્રીતમ.

૯૭

રાગ ભૈરવી તાળ લાવણી.

પચરંગી પીંજરકે કફસમેં,
ફસા પડા એક તોતા હય;
ભૂલ ન ગાફીલ ચેત ચિત કયું,
ગફલતમેં તું સોતા હય;
ગર્ભબાસમેં સ્થુલ રહા જબ,
ઉલટે મસ્તક લટકાથા;
સંકટ સહેકે ગર્ભ બંધનકે,
બીચમેં તું અટકાથા.
ઇસી સંકટસેં છુટનેકા વો,
તેરે દિલમેં ખટકાથા;
ઉસ માલીકસેં આરજુ,
કરતાથા ભવ ભટકાથા.

શેર.

કરજોડ માલીકસેં કહાતુમ,

બેર બેર પુકાર કર,
છુડા દો સંકટસેં યે સંકટ,
કાટો મુજપે પ્યાર કર;
નિસદિન ભજન તેરા કરૂં,
મનકો રખુંગા માર કર,
તુમતો વહાંસે ઇસ તરહ,
આયે હો કે.લ કરાર કર.
જન્મ ધરા જબ સબી ભૂલ ગયે,
માયામેં કયું મોતા હય. ભૂલ. ૧
ધરા જન્મ જબ જોશી પંડીત,
દેખકે રાસ બુલાય કહી;
છે દિન બીતે નામ ધરાગે,
માતુ તો હરખાય રહી;
મતલબ તક તે માત પિતાકે,
મનમેં હર્ષ સમાય નહિ,

ભર જવાનીમેં કમાદે,
જો બાલાપન જાય બહી.

શેર.

ગમાઇ સબ એ લડકપન,
કુચ્છ ગમ નહિ બે કામકો;
ખીલા મસ્ત યૌવનયે,
કરને લગે એશ આરામકો;
કંઇ બનજ વ્યાપાર કરકે,
જમા કરલીયે કુછ દામકો;
મન ફસા માયાકે બીચમેં,
ભૂલ ગયે હરિ નામકો.
દેન લેનકે સબંધસેં પ્યારે,
અવતાર દુનિયામેં હોતાહય ભૂલન. ૨
ભરજવાની કે બીચમેં,
ના દીયા ન હરિકે લાલ હુવે,

લોભકે બશમેં પડે જયાદે,
ત્યોં ત્યોં જંજાલ હુવે,
તૃષ્ણા બડ ગઈ આઇ જરા,
ફીર શીરકે ધોલે બાલ હુવે.
તાકાદ રહી ના ચલને મેં,
થકે કદમ બે હાલ હુવે.

શેર.

લીની કરમેં જયેષ્ટીકા,
તન સારા યે થથરન લગે;
દાંતો હીલકે ગીર ગયે,
નયનોસેં નીર ઝરન લગે;
ન જાયે ખાયા પીયા ફીર,
દુઃખમેં વો મરણ લગે;
મીલકે સુત દારા કુટુંબ,
મતલબકી બાત કર ન લગે.

ધરા રહા ધન માલ કાલને,
ઘેર લીયા જબ રોતા હુય- ભૂલન. ૩
પડા રહા પીંજર સુનાવો,
પક્ષી જમકે દ્વાર ગયે;
ખાખમેં મીલ ગઇ ખાખ,
ફીર જીતી બાજી હાર ગયે;
સંતગુરૂ શીરદાર તરનકી,
રાહુ બતા કંઇ તાર ગયે;
સુશબ્દ સ્યાને બાન કંઇ;
જ્ઞાન બચનકે માર ગયે.

શેર.

સમજ કુછ સત્સંગ કર,
માયામેં મોહુ પ્રચંડ હુય;
ખેલ ત્રીગુન તત્વ પાંચો,
પીંડ સોહી બ્રહ્મન્ડ હુય;

સૂયશ હરિગુન ગાના,
ઓર ગાના તો પાખંડ હય.
હાને જગમેં ડરકે ચલના,
બુરા યમકા દંડ હય.
અમૃત પ્રભુકે ભજન બીના,
જનબૃથા જન્મજગ ખોતા હય ભૂલન.૪
અમૃત.

૯૮

ભજન.

ન સુખકે ન દુઃખ કાંઇ ધરવું મને,
વિવેકી હૃદયના અર્થી જને-હાંનસુખ.
પોઢયા કદિ સોના તણા,
છતરી પલંગે તોય શું;
સુતાં કદિ અડવાંણી ભોંય,
પથારી ઉપર તોય શું.—ન સુખકે ૧

ખાધા રસાળા ભોજનો,
મન ભાવતાં કદિ તોય શું ?
કદિ લુખું પાખું પેટ પૂરણુ,
ના મળ્યું કદિ તોય શું ? ન સુખકે ૨
પહેર્યાં કદિ પોષાક ઝગમગતા,
જરી ના તોય શું ?
કદિ ફાટી તુટી ગોદડી,
તન ઢાંકવા મળી તોયશું. ન સુખકે. ૩

અજ્ઞાત.

૯૯

ભજન.

ભાઇ નામ સમજીને બેશી રહીયે,
આત્મા ચિન્હી મનમાં;
મગન થઇ રહીયે—ભાઇ
રામ રહીમાન તમે,

એક કરી જાણજો;
કૃષ્ણ કરીમ એક કહીયે;
વિષ્ણુ બીસમીલામાં ભેદ નથી ભાઇયો,
અમે અલ્લા અલખ એક કહીયે-ભાઇ.૧
ગફુર ગોવિંદ તમે એક કરી જાણજો,
મોલા માધવ ગુણ ગાઇયે;
હરિ હુકતાળાનો ભેદ મેં જાણ્યો,
હવે ચોરાશી માર નવ સહીયે.ભાઇ૦ ૨
પરવર દિગાર પરમેશ્વર એક છે,
નબી નારાયણ ચોંટયા હઇયે;
ચોખા ચાવલ ને ડાંગર એક છે,
એવું સમજે તેના ચેલા થઈને રહીયે. ભાઇ
બાપુ સાહેબ નામ પાક ને બીજું નાપાક છે,
એવું તે કયાં જઇ કહીયે,
જે જે સાધન કરે તેમાં પડે છે સાંસાં;

અમે બ્રહ્મ જળમાં નિત્ય નાહીયે.ભાઇ૪

બાપુ સાહેબ.

૧૦૦

ભજન.

કાયા માયા કોઇકી નાહીં ભઇ,
સબ કહેતે અપની અપની;
સત્ય યુગમેં હરિશ્ચંદ ભયે રાજા,
સત્યકી સત્ય કહી;
એક સત્ય કે કારને,
ઉન્હે કાયા બેચ દહી. સબ કહેતે. ૧
ત્રેતામેં રાવન ભયો રાજા,
કંચન કોટ સહી;
એક લક્ષ પુત્ર સવા લખ જ્ઞાતિ,
વાંકો લકડી નાંહી મીલી. સબ. ૨
દ્વાપરમેં દુર્યોધન રાજા,

પંછીકુ છાય કરી;
એક પલક ભારતકે ભીતર,
ડોલી લાશ પડી. સબ. ૩
પ્રાનવાયુ જબ ઉડ ગયા તનસેં,
માયાભી મીટ ગઇ;
ઇસ દુનીયામેં વોહીનર ભૂલા,
જીને કાયા અપની કહી. સબ. ૪

વિરાટપર્વ.

૧૦૧

ભજન.

ગોવિંદના ગુણ ગાશુંરે રાણાજી અમે પ્યારા.
ગોવિંદના ગુણ ગાશું—ગોવિંદ.
ચરણારે મૃતનો અમારે રે નિમછેરે,
નિત્ય ઉઠી દરશન કરવા જાશુંરે. રાણાજી.૧
રાણોજી રીજશે તો ભવ દુઃખ ભાંગશેરે,

રામ રીઝે તો વૈકુંઠ જાશુંરે. રાણાજી. ૨
રાણોજી કોપશે તો હદ બહાર કાઢસેરે,
રામ કોપે તો મરી જાશુંરે. રાણાજી. ૩
રામને રામડી જાજ બીછાવેરે,
સંસાર સાગર તરી જાશુંરે. રાણાજી. ૪
બાઇ મીરાં કહેછે પ્રભુ ગીરધરના ગુણુંહાલ
ચરણ કમળ વશ રહેશુંરે. રાણાજી. ૫

મીરાંબાઈ.

૧૯૨

કવાલી.

જિન્હાં ઘર ઝુલતે હાથી,
હજારો લાખ થે સાથી;
ઉન્હીકો ખા ગઇ માટી,
તું ખુશ કર નિંદ કયોં સોયા. જિન્હાં. ૧
નકારહ કૂચકા બાજે,

કિ મારૂ મોતકા બાજે,
જયોં શ્રાવન મેધલા ગાજે,
તું ખુશ કર નિંદ કયોં સોયા. જિ૦ ૨
કહાં ગયે કહાં મદમાતે,
જી સૂરજ ચાંદસોં જાતે;
ન દેખે કહાં જીવા જાતે,
તું ખુશ કર નિંદ કયોં સોયા. જિ૦ ૩
જિન્હાં ઘર લાલ ઓર હીરે,
સદા મુખ પાનકે બીડે;
ઉન્હીંકો ખા ગયે કીડે,
તું ખુશ કર નિંદ કયોં સોયા. જિ૦ ૪
જિન્હાં ઘર પાલખી ઘોડે,
જરી જર વકત કે જોડે;
વહુ અબ મૌતને તોડે,
તું ખુશ કર નિંદ કયોં સોયા. જિ૦ ૫

જિન્હાં સંગ નેહ થા તેરા,
ઉન્હાં કીયા ખાકમેં ડેરા;
ન ફિર વહ કરનગે ફેરા,
તું ખુશ કર નિંદ કયોં સોયા. જિ૦ ૬

ખાલસ.

૧૦૩

ભજન.

(ધીરાના પદની ચાલ.)

કળીજુગ તો આવ્યોરે,
દુનિયામાંથી ઘટી દયા;
મોટા મોટા મહાજનરે,
લખપતિ લોભી થયા.
ધરતીમાંથી ધર્મ ગયોને,
પાપનું વાધ્યું પૂર;
પરજન્ય તો પંગુ થઈ વરસે,

મેદની થઇ ચકચૂર;
ધરણીએ રસ ચોર્યોરે,
વાવ્યા કણ વણસી ગયા. કળીજુગ. ૧
શૂરનું તો શૂર ગયુંને,
ગયું સતીનું સત;
વેદી ભેદી પંડિત પુરાણી,
સહુની મટી ગઇ મત;
કળીયુગનું એવું કારણરે,
લોભે જન લાગી રહ્યા. કળીજુગ. ૨
પૃથ્વીમાં પાંખડ પૃતયે,
વિપ્ર કરે વ્યાપાર;
સન્યાસી ધન સંચવા લાગ્યા,
પતિવ્રતા નહિ નાર;
સત્ય ન જડે શોધ્યુંરે,
અસત્યના ઓઘ થયા. કળીયુગ. ૩

છત્રપતિ તો વાંકા ચુંકા,
તે દુઃખ કોને કહેવાય;
કથા તો કુપાત્રની સુણશે,
પ્રશ્ન ગરોડાને પૂછાય;
દાસ ધીરો કહેછેરે,
જ્ઞાની તો માની થયા. કળીજુગ. ૪

ધીરો ભગત.

૧૦૪

પદ.

નાથ હું જેવો તેવો પણ તારો,
મને રંકને પાર ઉતારો— નાથ.
જોગ ધ્યાનને જપ તપ તિરથ,
નાથ નથીરે નિપજતાં;
મનડું પાપી મારે કુદકા,
ભગવત તુજને ભજતાં. નાથ. ૧

મધ્ય દરિએ જીવ મચ્છ મુંઝાણો,
તૃષ્ણાને નથી તજતો;
સામું ભાળે કાળ ખડો પણ,
નફ્ટ નથી કંઇ સજતો. નાથ. ૨
અંતરની દુગ્ધાને વારે,
તન મન વ્યાધિ ટાળે;
દેવ દયાનિધિ નવિન પાપીને,
આપ વિના કોણ તારે. નાથ. ૩

સાક્ષરશ્રી ડાહ્યાભાઈ.

૧૦૫

પદ.

ડા'પણ તારૂં જાણ્યું રે ડાહ્યા,
ડાહ્યા તું થામાં;
જ્ઞાન સુધારસ મુકી આખર,
માયા વિષ્ટા ચા'માં. ડહાપણ. ૧

રંગ રાગથી રીઝે ઘડીમાં,
ઘડી વૈરાગે ઝુઝે;
તાણુાતાણુથી પાપી ચેતન,
રઘવાયો તું થામં. ડહાપણુ. ૨
ચેતન જાણે ચડું ગગનમાં,
મન પકડી પટકે છે;
ધીરે ધીરે સાધન સાધના,
આખો લાડુ ખામાં. ડહાપણુ. ૩
નવીન બાપડા નાથ ચરણુ ધર,
આડો અવડો જામાં;
દીનબંધુમાં રાખ ભરૂંસો,
ખાલી ખાસડા ખામાં. ડહાપણુ. ૪
મનજી મિત્ર ઘડી માફ રાખને,
બાપ પગે પડી વિનવું;
છોડય નાડયને હવે અનાડી,

પાતક પારો પામાં—　　ડહાપણુ. ૫

ધાન્ય ધરાને ધનજન રમણી,
ભલા ભલાએ મુકી;
તારી ગતિને તું લે સુધારી;
જીવ બીજામાં પરોમાં—　ડહાપણુ. ૬

અલખ નિરંજન ચિદ્ ઘનસંગી,
ચેતન આતમ રામી;
પાપે ડુબી ગંગા મુકી,
વૈતરણીમાં ન્હામાં—　　ડહાપણુ. ૭

સાક્ષરશ્રી ડાહ્યાભાઇ.

૧૦૬

રાગ ભૈરવી તાલ ત્રિતાલ.

પામરકો સંગ ત્યાગ, રે મન!
પામરકો સંગ ત્યાગ—
સત સંગતિકો રંગ ન લાગત,

કરત વિષયમેં રાગ. રે મન. ૧

ક્ષુદ્ર બાતમે લડત ઝગડત,
ક્રોધ કરત જૈસે નાગ. રે મન. ૨

પામર પામરતા નહિ ત્યાગત,
સમઝત નહિ મંદ ભાગ. રે મન. ૩

કર્ત્તવ્ય ઔરતો પાંઉધરે ના,
ત્યજત નહિલકા દાગ. રે મન. ૪

સ્વદોષ દર્શન પર ગુન દર્શન,
કરત નહિ વે અભાગ. રે મન. ૫

નાથ કહકર થક ગયે હમ,
કુછ ઉપદેશ ન લાગ. રે મન. ૬

નાથ.

૧૦૭

પદ.

સાધો ! પરમારથ સહુ સાધો; (ટેક)

૧૮૬

પરમારથ સાધેલ મનુષ્ય,
નહિ જાય કાલનો ખાધો. સાધો. ૧
અંતર મેલ સાફ કર નિશદિન,
ઊપરથી તન માધો. સાધો. ૨
ધુમ્ર બાચકા જેવું જગતઆ,
કાં તેને જઈ બાધો. સાધો. ૩
મૃગ જલથી નહિ પ્યાસ છિપે,
નિત ઇશ ચરણુ આરાધો. સાધો. ૪
તત્વ વિચાર કરો તન મનથી,
ભૂમિકાઓ પર વાધો. સાધો. ૫
જે નરસિંહ સમાન થયો,
તેને સનમારગ લાધો. સાધો. ૬

નરસિંહ.

૧૮૮

કાફી.

હોરી ખેલ ન જાન ખિલારી,

ઉમર યોંહિ બીતી સારી. (ટેક)
ફીકો ગુલાબ રંગ અતિ ફીકો,
મૈલ ભરી પિચકારી;
રંગ રંગિલી મોરી પંચરંગ ચૂનર,
ખેલત ફાગ બિગારી,
ઐસો મહા મૂઢ અનારી. હોરીખેલ. ૧
બાજત બીન મૃદંમ મુરલિયાં,
શંખ ઝાંઝ ડફ ભારી;
મતિકો હીન સુનત કછુ નાહીં,
હોત શબ્દ ધુન પ્યારી.
સુરત નહિ જાત સવારી. હોરી ખેલ, ૨
નાચત નાચ ભાવ બતલાવત,
ગાવત તાન દે તારી;
અંતર છબી નિરખે નહિ મૂરખ,
ચેતન તત્વ વિચારી.

ફૂલિ અદ્‌ભુત પુલવારી. હોરી ખેલ- ૩
વિષય ભોગહી સેવત સેવત,
નિર્મળ બુદ્ધિ વિસારી;
નામ અમીરસ ચાખત નાહીં,
દેત નઇ નિત ગારી;
કઠિન નિર્ભય સંસારી હોરી ખેલ. ૪

નિર્ભય.

૧૦૯.

કાફી.

રામકી દિવાની મેરા દર્દ ન જાને કોઇ,(ટેક.)
ઘાયલકી ગતિ ઘાયલ જાને,
જો કોઈ ઘાયલ હોઇ. રામકી. ૧
શેષ નાગપૈ સેજ પિયાકી,
કિસ બિધિ મિલનાં હોઇ; રામકી. ૨
દરદકી મારી બન બન ડોલું,

વૈદ્ય મિલા નહિ કોઇ. રામકી. ૩
મીરાંકી પીર પ્રભુ કૈસે મિટેગી,
વૈદ્ય સાંવલિયા હોઇ. રામકી. ૪

મીરાંબાઇ.

૧૯૦

જોગીયા.

ભજન બિન જન્મ અકારથ ખોયો,
સઠતેં નરકો નામ ડુબાયો; (ટેક.)
બાલ સમો સબ ખેલ ગંવાયો,
ગુન ઔગુન નહિ જોયો;
તરૂણ સમય તરૂણી રંગ રચ્યો,
હુઇ અચેત ચિત સોયો.ભજન. ૧
મધ્ય બૈસ ધન ધામ લોભ કરિ,
બીજ નરક હિત બોયો;
કરિ છલછદ્ર લૂટિ લોગનકો,

૧૯૦

બોઝ પાપકો ઢોયો. ભજન. ૨

વૃદ્ધ ભયે ઇન્દ્રી સબ થાકી,
તૃષ્ણા નહિ વિછોયો;
મિથ્યા બોલ મલિન મન કીન્હોં,
સત્ય સલિલ નહિ ધોયો. ભજન. ૩

જબ જમદૂત આયકે ઘેરો,
કાયા નગર થથોયો;
રામલાલ તબ ચેત ચકિત હુઇ,
હરિકો શરણુ ટટોયો. ભજન. ૪

રામલાલ.

૧૧૧

ભૈરવા.

સબ દિન હોત ન એક સમાન. (ટેક.)

પ્રગટત હે પૂર્વકી કરણી,
ત્યજ મન સોચ અજ્ઞાન. સબ. ૧

કબહુક રાજા હરિશ્ચંદ્ર ગૃહ,
સંપતિ મેરૂ સમાન;
કબહુક દાસ શ્વપચગૃહ વચકે,
અંબર હરત મસાન. સબ. ૨
કબહુક યુદ્ધિષ્ઠિર રાજ સિંઘાસન,
અનુચર શ્રી ભગવાન;
કબહુક પદસુતા કૌરવ વશ,
કેશ દુશાસન તાન. સબ. ૩
કબહુક દુલ્હે બન્યો વરાતિ,
ચહું દિશા મંગલગાન;
કબહુક આપ મૃત વ્હે જાત હેં,
કર લંબે પદ પાન. સબ.
કબહુક રામ સહિત જાનકી,
વિચરત પુષ્પ વિમાન;
કબહુક રૂદન કરત ફિરત હે,

મહાવન ઉદ્યાન. સબ. ૫

જનની જઠર જન્મો જા દિનતે,
લિખ્યો લાભ અરૂ હાન;
સૂરદાસ યતન સબ ઝૂઠે,
વિધિકે અંક પ્રમાન. સબ. ૬

સૂરદાસ.

૧૧૨

દેશ.

ધિઃક્કાર એ અધિકારને,
ઉપકાર જોન કંઇ કર્યો. (ટેક.)
ધન ધામ કામ વિલાસમાં,
પરવશ પડયો મોહ પાશમાં;
નિષ્ફલ થયો નિજ આશમાં,
ઘટમાળ સમ ફેરા ફર્યો. ધિક્કાર. ૧
ધન મેળવ્યાથી શું વળ્યું,

કરથી કંઈ નહિ વાવર્યું;
મારૂં મારૂં વ્યર્થ કર્યા કર્યું,
તેથી તું શું અંતે તર્યો. ધિઃક્કાર. ૨
કર હાથ સાથ તે આવશે,
સર્વેશને મન ભાવશે;
અન્ય આશામાં નહિ ફાવશે,
ખાલી ખુમારીમાં રહ્યો. ધિક્કાર. ૩
ભાવિ લાભ ભય જોયાં કરે,
અભિમાન વચનો ઉચ્ચરે;
પળની ખબર નહિ આખરે,
કાન કાળ કેમ વહી ગયો. ધિક્કાર. ૪

કાન.

૧૧૩

મહાવીર સ્તુતિ રાગ માઢ.

જયવંતા પ્રભુ વીર,

હમારા જયવંતા પ્રભુ વીર;
શાસન નાયક ધીર,
હમારા જયવંતા પ્રભુવીર. એ ટેક.
શાસ્ત્ર સરોવર સરસ આપનું,
તત્વ રસે ભરપુર;
તેમાં ન્હાતાં તરતાં નિત્યે,
શુદ્ધ થાય અમ ઉર. હમારા. ૧
સાત્વિક ભાવે જેહ પ્રકાશ્યું,
વાસ્તવિક તત્વ સ્વરૂપ;
આસ્તિકતામાં રમીએ તેથી,
આનંદ થાય અનૂપ. હમારા. ૨
આપ પ્રકાશિત જ્ઞાન બગીચે,
ખીલ્યાં છે બહુ ફૂલ;
સુગંધિ વાયુની સરસ લહેરથી,
અમે થયાંઓ મશગુલ. હમારા. ૩
આપ વિશાલ વિચાર ભૂમિયે,

ઉછર્યા કલ્પ અંકુર;
રસભર તેનાં ફલ ચાખીને,
રહેસું આપ હજુર. હમારા. ૪
નામ આપનું નિશદિન પ્યારૂં,
સુણતાંથી રહકે શૂર;
તેની ખાતર પ્રાણ અર્પવા,
અમને છે મંજૂર. હમારા. ૫
માર્ગ બતાવા અમ ઉપર જે,
કર્યો મહા ઉપકાર;
અર્પણ કરીએ સર્વ તથાપિ,
થાય ન પ્રત્યુપકાર. હમારા. ૬
ચરણ આપના શરણ હમારે,
જાય સર્વ ભય દૂર;
લોભી ચાતક રત્નચન્દ્ર જ્યમ,
તુમ દર્શન આતુર. હમારા. ૭

શતાવધાની મુનિ રત્નચંદ્રજી.

२२

बाललग्न विषये.

सोरठ.

आर्याः संप्रति भारत सन्ततिः

सततं पीडयतेरे,

एतद्भूलहर बालविवाहफलं किं नेक्ष्यतेरे

(इदं ध्रुवपदं)

काचित् कुक्षिस्था नश्यन्ती,

काचिज्जन्मक्षणे त्रस्यन्ती;

कष्टेनैव प्रसूतप्रणष्टा दृश्यतेरे. आर्या ?

जाता साप्याखु परिमाणा,

निःसत्त्वा विकलाङ्गविधाना;

नानामयपरिग्रस्ता त्रस्ता लोक्यतेरे.

आर्या. २

कापि लम्बोदरकपिवदना,
उघटिताखिलशरीरसदना;
मदनातुरपितृकेयं परिभाव्यतेरे.

आर्या. ३

पुनर्बालविवाहे क्षीणे,
वीर्येऽपरिपक्वेच विशीर्णे;
यत्किञ्चिदपि प्राप्तं तेजो ग्रस्यतेरे.

आर्या. ४

युवत्वेपि शक्तिविहीना,
गच्छन्त्यपि पतन्ती खिन्ना;
लीना निद्रादेव्यां कालः क्षिप्यतेरे.

आर्या. ५

औदासीन्यं वदने भाति,
प्रसादो न कदापि विभाति;
शान्तिलेशो न मनसि यस्या विद्यते रे.

आर्या. ६

स्वल्पं चेत्परिश्रमं दधाति,
चिरं रोगविवशत्वं याति;
अधिकाभ्यासे राजयक्ष्मणा तुद्यते रे.

आर्या. ७

अकाण्डेपि पलितं मुण्डं,
तेजोहीनं यस्यास्तुण्डं;
विनादण्डं पदमपि गन्तुं न शक्यते रे.

आर्या. ८

प्रातः वाञ्छति सायं कालं,

सायं वाञ्छति प्रातः कालं;
नालं चैकक्षणोऽपि मोदेऽतीयतेरे.

आर्या. ९

क्लिष्टः कुर्यात् क्लेशविचारं,
द्वेषकदाग्रहवैरप्रचारं;
पारं नैति नौका तस्य विभज्यतेरे.

आर्या. १०

द्रुतं पूर्णीकरोति प्रवासं,
दुःखमयमातितयाऽविलासं;
पञ्चाशत्तमवर्षो नैवोल्लंघ्यतेरे.

आर्या. ११

पाश्चात्या अद्यापि जीवन्ति,
वर्षशताधिकमार्ति स्थानन्ति;

उभयबलं नान्यूनं तेषां श्रूयतेरे.

आर्या. १२

योग्यायोग्यफलं प्रत्यक्षं,
दृष्ट्वा सद्यो दत्वा लक्ष्यं;
रक्ष्यं भारतसन्ततिरत्नं न लीयतेरे.

आर्या. १३

સતાવધાની મુનિ रतनचंद्रजी.

२३

कन्याविक्रय विषये.

मथुरानावासी एवा न बनीयेजी·ए राग.

दुःखदारी सुखकारी मम तातरे,
तवचरणे शरणाभिलाषा;-
कारिणी बाला हम्. (इतिध्रुवपदं)

ललितां लतिकां माला,-
कारो निहन्ति नो;
आश्रययेत्तरुशाखां. म० १
मालिनिर्मिता माला,
नृपकण्ठधार्याऽस्ति;
यत्रकुत्राप्य क्षेपणीया. म० २
कन्यां विक्रेतुमिच्छेद्,
राक्षसो नरो नायं;
कथितं विष्टाया अप्यनिष्टं. म० ४
माता न कालिकेयं,
पिता प्रेतरूपोऽस्ति;
अन्यथा न पुत्रीमांसं वांच्छेत्. म० ५
वित्तार्थी कन्याचित्तं,

प्रेक्षते न हितं तस्याः

अशीतिवर्षाय दत्ते बाळां. म० ६

अयुक्तयुगलेन दुःखं,

यच्चिरं समायाति;

तस्या जीवनतो मरणं श्रेयः म० ७

मदानन्दाहुत्या यदि,

वित्तसाधनेहा ते;

देहि मे गरलं मरणशरणं. म० ८

वृद्धेनोद्वाहे दुःखं,

जीवनावधि मे स्यात्;

पातकसहस्रं पुण्यघाति. म० ९

मरणेतु क्षणिकं दुःखं,

पुनः शोचनं न स्यात्;

पुत्रीवधमात्रं तव पापं. म० १०
तस्माद्विज्ञप्तिरियं,
मनसीह धारणीया;
कर्तव्यो नैव विक्रयो मे. म० ११

શતાવધાની મુનિ रत्नचंद्रजी.

૧૧૬

શ્રવણ વિષે.

(ગોવિંદ ગુણ ગાવોરે હે નરનાર)

શ્રવણ શુદ્ધ કરવારે,
નિશ્ચય મન ધાર;
પંક્તિમાં આસને વાળી પલાંઠી,
હાથ સંપુટ રૂપે ધરવારે. નિશ્ચય. ૧
રાખવી દૃષ્ટિ વક્તાની સન્મુખ,
અહીં તહીં દે નહી ફરવારે. નિશ્ચય. ૨

નિદ્રા તંદ્રા સુસ્તિને આલસ્ય,
વિકથાની વાતો પરિહરવારે. નિશ્ચય. ૩
આવી અસુરે વચ્ચે ન ઘસવું,
સભાની શાંતિને સાચવવારે. નિશ્ચય. ૪
આવતાં જાતાં પાસે બેઠેલાને,
પગસંચાર દે ન સુણવારે. નિશ્ચય. ૫
ચિત્ત ચંચલતા દૂર કરીને,
એકાગ્રે દે મન ઠરવારે. નિશ્ચય. ૬
આદિથી અંત લગી બેસ નિરંતર,
અક્ષરે અક્ષર સંગ્રહવારે. નિશ્ચય. ૭
ભુખ્યો ભોજન ચાહે, તરસ્યો પાણી,
વાણી ચાહના તેવી ધરવારે. નિશ્ચય ૮
ભક્તિ વૈરાગ્ય રસ કરૂણાને વીરે,
અશ્રુ પ્રવાહને દે ઝરવારે. નિશ્ચય. ૯
ઉપયોગી શિક્ષાને તત્વની વાતો,

નોંધવી નોટે યાદ કરવારે. નિશ્ચય.૧૦
વ્યાખ્યાન ઉઠયા પછી શંકાઓ પૂછવી,
ખુબીથી ખુલાસો મેળવવારે. નિશ્ચય.૧૧
શ્રદ્ધા ભક્તિ અને બહુ માનથી જે,
સાંભળે તત્ત્વ સમજવારે. નિશ્ચય.૧૨
જ્ઞાન આરાધે ત્રિરત્નને સાધે તે,
જન્મ જરા દુઃખ હરવારે. નિશ્ચય.૧૩

શતાવધાની મુનિ રત્નચંદ્રજી.

૧૧૭

નવ તત્ત્વ વિષે.

(જગતણી અટપટ ખટપટ છોડી
એ રાગ.)

શ્રાવક તનથી મનથી ધનથી,
મેળવે જ્ઞાન જ્યોતિ;
માર્ગદર્શક એ છે સમકિત વિરતિનું,

મેળવે જ્ઞાન જ્યોતિ.
જીવ અજીવ જાણે,
સુખ દુઃખ મનમાં આણે;
પોતા સમાન ગણે,
અન્યને અંતરેથી. શ્રાવક. ૧
જીવ અજીવયોગી,
શાથી છે ભોગી રોગી;
ટાળવાના સાધનો શું છે!
બરાબર તેહ જાણે. શ્રાવક. ૨
શોધી લે પુણ્યસત્વ,
પિછાને પાપ તત્વ;
લાભ અલાભની તુલના કરે,
બુદ્ધિ પ્રમાણે. શ્રાવક. ૩
પુણ્ય છે જલધિ તરણી,
મોક્ષે ચડવા નિસરણી;

આદરવા યોગ્ય જ્યાં સુધીં ન,
સિદ્ધિ મેળવી છે. શ્રાવક. ૪
આશ્રવે શું કર્યું છે,
સંવરથી શું થયું છે;
હાંનિ કે લાભ સમજે,
તત્ત્વની બુદ્ધિથી તે. શ્રાવક. ૫
પ્રકૃતિ સ્થિતિ અનુભાગ,
પ્રદેશ કર્મ વિભાગ;
આત્મ સંબંધ તેનો થાય છે,
કેવી રીતે. શ્રાવક. ૬
ક્રમે ક્રમે કર્મ છુટે,
આત્મ સંબંધ ત્રુટે;
નિર્જરા કહેવાય શાથી થાય તે,
તત્ત્વ જાણે. શ્રાવક. ૭
આત્મા નિર્લેપ થાય,

સર્વથા કર્મો જાય;
આનંદરૂપ મોક્ષ એહ તત્ત્વનું,
સત્ત્વ કેવું ! શ્રાવક. ૮
અનુભવિ સંત પાસે,
જાણે તત્ત્વો ઉલ્લાસે;
પોપટીઆ જ્ઞાનથી ન થાય,
શુદ્ધિ રત્નત્રયની. શ્રાવક. ૯

શતાવધાની મુનિ રત્નચંદ્રજી.

સદ્ગુરૂ શોધકનો અંત્ય ઘોષ.

(રાધાને કાન રમેરે, રાધાને કૃષ્ણ રમેરે એ લહેર.)

કોઇ આવો યોગીરાજ,
કોઇ આવો ગુરૂરાજ;
મ્હારા અંતરની પોથી ઉકેલવા.

મ્હારૂં કાંઠડે ડુબે ઝાજ,
કોઇ ધારો દિલદાઝ;
કોઇ આવી રાખો લાજ,
એ....આવો અભેદરસ રેલવા.
એ....આવો શાન્તિરસ રેલવા. કોઇ૦ ૧
ભવ ભય ભંજન તત્ર જાણીયું રે,
નહિ માણી શકાય;
એ દુઃખ દર્દ છે દોહલ્યુ,
કોઇ ભેદુ ભેટી જાયઃ—
કોઇ વૈદ મલી જાય,
તો તો રોગ શાન્તિ થાય;
નહિં તો જીવનરત્ન હરાય જશે. કોઇ. ૨
નથી શાસ્ત્રનું કંઇ જ્ઞાન,
નથી ધર્મનું કંઈ ભાન,
નથી સાધ્ય સાધન ધ્યાન;—

(પણ) પૂર્વકર્મ સંજોગથી,
મરૂ ભૂમિમાં ખીલી વેલડીરે,
માળી વિણુએ સુકાય;
રસીક વિણુ એ કરમાય,
કોઈ માળી મળી જાય,
કોઇ રસીક મળી જાય;—
નહિં તો જીવન ફુલડું ખરી જશે. કોઇ૦ ૩
વૃત્તિકૃતિ મ્હારી ફેરવોરે,
દીયો પુન ર્જન્મ;
એજ એક માર્ગ ભાસે છે,
વિનય લય ઉદય પુનઃ થાય,
સદ્‌ગુરૂ સંજોગ થાય,
ભવોભવની ભાવઠ જાય.
આવો અભેદ રસ રેલવા
હું બોલું અંતર બોલ,

તેનો કરે કોઇ તોલ;
અંદર ઉંડી છે પોલ,
ભાગ્યશાળીકો વસ્તુ ભરો,—
નહિં તો સરવાળે શુન્ય,
હવે રહીશ હું મૌન;
શું અનાથનો નાથ,
નહિ કો વિશ્વમાં. કોઇ૦ ૪

વિનયચંદ્ર.

સાચા સંતને આત્મગોષ્ટિ માટે આમંત્રણ.

(વાટ જુવે મીરાં રાંકડી–એ લય.)

ત્રિનય જુવે સંત વાટડી,
વારી વારી ત્રિનય જુવે સંત વાટડી;
વે'લા વે'લા આવો ખોલું છતડી,

વારી વારી વિનય જુવે સંત વાટડી. ટેક.

સંત સરોવર માંહે,
મન મછ ઉછળે રે;
તૈયાર ઉભી છું વાળી ઘાટડી.
વારી વારી વિનય જુવે સંત૦ ૧

આત્મ સ્વરૂપે સંતો,
તમે અમે એક છીયે;
જાઈ જુઇ પુષ્પ એકજ જાતડી.
વારી વારી વિનય જુવે સંત૦ ૨

વાંકી ચુંકી વાટ વ્હાલા,
વિકટ વિષયનીરે;
ગુરૂગમ ટાળે ભ્રમ ભાતડી.
વારી વારી વિનય જુવે સંત૦ ૩

મનડાના મોર સંતો,
ચિત્તના ચકોર સંતો;

તજી તંત કરો સંત વાતડી.
વારી વારી વિનય જુવે સંત૦ ૪

હૈડાના હીર સંતો,
નયનોના નિર સંતો;
હેતે હળી મળી ખોલો હાટડી,
વારી વારી વિનય જુવે સંત૦ ૫

સંત પ્રેમ પંથરાજે,
રમણુજ કરવા કાજે;
વીતાડી છે મેં કાળી રાતડી.
વારી વારી વિનય જુવે સંત૦ ૬

વિનયચંદ્ર.

સાચા સંત પ્રત્યે દ્રઢ શ્રદ્ધાળુ સુમતિનો સહાય નાદ.

(આજ મ્હારી ઝુંપડીમાં આવો. એ લહેર.)

વેગે વે'લા આવો ધાઓ,
વ્હારે ગુજરાજ,
રાખો આ રાંકડીની લાજ;
એ નાથ રાખો આ૦— ટેક૦

જુઠા લોકડીયા મેણુલા નિત્ય મારે છે,
નહિ દાઝડલી દિલડાની કોઇ ધારે છે;
હુવે બળી હાં હુવે બળી, કરૂં અરદાસ.
ગુરૂરાજ રાખો આ રાંકડી૦ ૧

મ્હારી આંતરડી ઘડી ઘડી છળી બાળતા,

ખોટાં આળને ગાળ શિરપર ચડાવતા;
થશે ઘાત, હાંહાં થશે ઘાત,
ધરો હાથ, ડુબે ઝાજ. ગુરૂરાજ રાખો૦ ૨
વ્હાલા ગુરૂજી નામ નવી ઘડી વિસરૂં,
શ્વાસો શ્વાસમાં સુવાસ સઘળે વિસ્તરૂં;
શાન્ત ઠામ, હાંહાં શાન્ત ઠામ,
ગુણગ્રામ, શિરતાજ. ગુરૂરાજ રાખો૦ ૩
નથી જ્ઞાન ધ્યાન ભક્તિ પ્રીતિ લેશ જાણતી,
શાન્તિનાથ ચંદ્રકાન્ત મને વ્હાલાં પ્રાણથી;
ઠરૂં ફરૂં ઘરૂં વિનયવર સંગ હું વિલાસ.
રાખો આ રાંકડીની૦ ૪

વિનયચંદ્ર.

જીવે કરેલા પાપનું પ્રાગટ્ય. પશ્ચા- તાપરૂપે આલોચના સંવાદ.

(પાપ ત્હારૂં પ્રકાશ જાડેજા, ધર્મ ત્હારો સંભાલરે. એ લય.)

પાપ ત્હારૂં પ્રકાશ જીવડલા,
સ્વરૂપ ત્હારૂં સંભાલરે;
ત્હારી બેડલીને બૂડવા નહિ દઉં,
જીવડલારે જીનવર કે'છે. ટેક.
કર્યા મેં કર્મ અપાર જીનવરજી,
કર્યા મેં કર્મ અપારરે.
દયા તે દિલમાં નવ ધરી,
જીનવરજીરે હું કેમ તરૂં. ૧
ફેલતો જે વિષની જ્વાળ જીવડલા,
ફેલતો જે વિષની જ્વાળરે;
એવો ચંડ કૌશિક નાગ તારીયો,

જીવડલ રે જીનવર કેછે. ૨

નાગ મુખેતો રહે ઝેર જીનવરજી,
નાગ મુખેતો રહે ઝેરરે;
પણ મારે રોમેરોમ ઝેર ભર્યું,
જીનવરજીરે હું કેમ તરૂં. ૩

કરતો જે હિંસા અપાર જીવડલા,
કરતો જે હિંસા અપારરે;
એવો કસાઇ કુકર્મી ઉધારીયો,
જીવડલારે જીનવર કેછે. ૪

ઉચકુલ ધર્મને પામી જીનવરજી,
ઉચકુલ ધર્મને પામીરે;
કસાઇ થઇ નિચ કર્મ કર્યાં,
જીનવરજીરે હું કેમ તરૂં. ૫

બ્રહ્મબાલ ગોતણો ઘાતી જીવડલા,
બ્રહ્મબાલ ગોતણો ઘાતીરે;

એવો દ્રઢ પ્રહારી ચોર તારીયો,
જીવડલારે જીનવર કહેછે. ૬
દ્રઢ પ્રહારી ચોર તાર્યો જીનવરજી,
દ્રઢ પ્રહારી ચોર તાર્યોરે;
પણ અદ્રઢ વિચારી હું પાપીયો,
જીનવરજીરે હું કેમ તરૂં. ૭
સાહસી ચેલાતી પુત્ર જીવડલા,
સાહસી ચેલાતી પુત્રરે,
ક્ષણવારમાં સ્વર્ગ સોંપીયું,
જીવડલારે જીનવર કેછે. ૮
હૈયાકુટો મતિહીણ,
જીનવરજી હૈયાપુટો મતિહીણરે;
શ્રદ્ધાહીણો હું અભાગીયો,
જીનવરજીરે-હું કેમ તરૂં. ૯
માથાનાં જેટલાં વાળ, જીનવરજી,

માથાનાં જેટલા વાળરે;
એટલાં કુકર્મો મ્હેં કર્યાં,
જીનવરજીરે હું કેમ તરૂં. ૧૦
બા'નું તમારૂં મેં ધાર્યું જીનવરજી,
બા'નું તમારૂં મેં ધાર્યુંરે,
વિનય પાપીની પત રાખજો;
જીનવરજીરે વિશ્વાસ તમારો. ૧૧

વિનયચંદ્ર.

ભજન.

સાર આ સંસારમાં ન જોયો,
મેં બહુ રીતે તપાસતાં—સાર આ.
ધન ધરા સુત તાતની પ્રીતે,
મોંઘા અવસરને મેં ખોયો—મેં બહુ૦

મૃગજળ પીવા કામ ન આવે,
વ્યર્થ ઇંદ્ર જાળમાં હું મોહયો—મેં બહુ.
બુધ્ધદેવ.

લાવણી.

" રત્ન કુંખ ધારણી સ્ત્રીઓને તુચ્છ
ગણશો નહિ. "

દેવી ભાવથી દેવ બને છે,
ગોલીથી ગોલા થાવે;
ઉંદરડી સમજે સ્ત્રીનેતો,
તેમાંથી ઉંદર પાવે. ૧

ગુલામડીથી ગુલામ પાકે
રાણી રાણાને પ્રસવે.
એહ ન્યાય સમજો અંતરમાં,
કદિ, અપમાન કરો ન હવે૦ ૨

જેવી અંતર કરો ભાવના,
તેવા ફળ તમને મળશે;
કુદરતનો એ અચલ કાયદો,
સુખમય સમજે તે બનશે. ૩

આંબે અમૃત સમફળ ઉપજે,
આકથી આક ફળો આવે;
સંત શિષ્ય સમજી દ્રષ્ટાંતો,
ભવિષ્ય સરસ કરો ભાવે૦ ૪

મુનિશ્રી નાનચંદ્રજી.

કાલીંગડો.

" મુખડા દર્પનમેં કયા દેખતે હો ? "

કયા દેખો દરપનમેં, મુખડા,
કયા દેખો દરપનમેંજી;

મહા મૈલ ભરાના મનમેં, મુખડા,
કયા દેખો દરપનમેંજી;
ખાયા પીયા ખેલ ઉડાયા,
ધુવા લગ્યા ધનમેંજી;
ગંડુસમ સબ કાલ ગુમાયા,
બહુત રહા બચપનમેં, મુખડા૦ ૧
મુખ માંજત આંજત અંખીયા નિત્ય,
તાલ કરત સબ તનમેંજી;
પીયા ઝેરી મોહ મદીરા,
મૂરખ રહા મગનમેં. મુખડા૦ ૨
જબ પંજરસેં પ્રાન છુટે ગો,
છાક હઠેગો છીનમેંજી;
દાસ સદા ગુરૂ કં દેવચંદ્ર,
કહે શીખ કાનનમેં૦ મુખડા૦ ૩

મુનિશ્રી નાનચંદ્રજી.

કવ્વાલી.

માતૃ વન્દના.

ઐ માતૃભૂમિ !
તેરે ચરણોમેં શિર નમાવું,
મેં ભક્તિ ભેટ અપની,
તેરી શરણમેં લાઉં ॥ ઐ૦ ૧
માથે પૈ તું હો ચન્દન,
છાતી પૈ તું હો માલા ॥
જિહ્વા પૈ ગીતતું હો,
મૈં તેરા નામ ગાઉં ॥ ઐ૦ ૨
જિસસે સુપૂત ઉપજે
શ્રીરામ કૃષ્ણ જૈસે ॥
ઉસ તેરી ધૂલિકો મેં
નિજશીસ પૈ ચઢાઉ ॥ ઐ૦ ૩
મા સમુદ્ર જિસકી,
ધુલિકા પાન કરકે;

કરતા હૈ માન તેરે,
ઉસ પૈર કો મનાઉ ॥ ઐ૦ ૪
વે દેશ માનવાલે,
ચઢકર ઉતર ગયે સબ;
ગોરે રહેન કાલે
તુઝકો હી એક પાઉં ॥ ઐ૦ ૫
સેવામેં તેરી સારે
ભેદોકો ભૂલ જાઉં;
વહ પૂણ્ય નામ તેરા,
પ્રતિદિન સુન સુનાઉં ॥ ઐ૦ ૬
તેરે હી કામ આઉં
તેરાહી મન્ત્ર ગાઉં ॥
મન ઔર દેહ તુઝપર,
બલિદાન મેં ચઢાઉં ॥
એ માતૃભૂમિ ? તેરે
ચરણોમેં સિર નમાવું ॥

અજ્ઞાત.

પ્રિયતમ પ્રભુ કરીયે વંદના,
જયઘોષ સહીત આનંદના; પ્રિય. ૧
આપ પ્રભુ અમ ચાલક પાલક,
સાચું ધન અમ રંકના. પ્રિય. ૨
ક્ષણ ક્ષણના છો આપજ સહાયક,
છો સાથી ભવ અંતના; પ્રિય. ૩
સત્તારૂપે વિશ્વ સકલમાં,
વ્યાપક આપ નિરંજના. પ્રિય. ૪
શુભ જોનારા આપ ન જોશો,
દોષો આ મતિમંદના; પ્રિય. ૫
અમ સત્તાધન અમને સોંપો,
બાળક અમે શ્રીમંતના. પ્રિય. ૬
નિજ સત્તા ધન અધિક પ્રકાશો,
કરવું પડે આક્રંદના; પ્રિય. ૭
સદ્ગુરૂ સત્તા સ્વરૂપે પ્રગટો,

પ્રેમાનંદ સ્વામિ.

(રાગ ભૈરવી અથવા આશાવરી.)

આનંદકો ઘર પાયો,
અબ હમ આનંદકો ઘર પાયો;
જબસે કૃપા ભઈ સદ્ગુરૂકી,
નિર્ભય નિશાન બજાયો.
કામ ક્રોધકી ગાગર પુટી,
મમતા નિર બહાયો ।   અબ. ૧
તેજ પ્રપંચ બેદકી ક્રીયા,
ચરણુ કમલ ચિત્ત લાયો;
ચાંદ સૂરજ દીવસના રજની,
વહાં જા લાડ લડાયો.   અબ. ૨
હદ છોડ બેહદ ધર આસન,

ગગન મંડલ મઠ છાયો;
કહે કબીરા કોઇ પીયાજીકે પ્યારે,
પીયા પીયા રટન લાયો.   અબ. ૩
કબીર.

કચ્છી ભાષા.

(વાલા વેગે આવોરે) એ દેશી;

સુણુ તું મુંજા વલારે,
શેખ કીં જ્ઞાન કલા રે;
નરદેહ તો જો એરેં વેંજેં તો રે,
આલશમેં વેં જેંતાં તો જારે દીંઅ;
વીર પ્રભુજી આણુ કે,
મનમેં હાણે ધાર;
સદ્‌ગુરૂ શીખ સુણી કરે,
ચિત્તમેં કીંક વિચાર;

સચો રૂપ તો જો ભલા.
એકાંતેનું ન્યાર,
વેંધા મેળે ઠલારે,
નર દેહ તો જો. સુણતું. ૧
આશા રૂપી નદી વડી,
તેં જો નાં એ પાર;
સંતે ભેરોવઇ કરે,
તો જો રૂપ સંભાર;
ક્રોધ કરે ને કેં કે પણ,
કદેમ તું તાંબાર;
કુડેલા અઇખલા રે,
નરદેહ તો જો. સુણ તું ૨
ભોલે ચોકે પણ કેંકેંભી,
કદે મદીજ તું ગાર;
તો જેડા સમજી મેળે,

બોધ દઇને ઠાર;
મૂરખ જીવે કે હૈયા,
સંસાર સમુદ્રથી તાર;
શિવદે એડી સલા રે,
નરદેહ તો જો. સુણ તું ૩
[શિવ

(ચાદર જીણી રામજીણી) એ દેશી.
અંઇ સમતાથી પોઢા સોજા,
ક્ષમા કરે ને રોજા અંઇ૦
સંતોષ સુખ કે વડો ગણેને,
સચી ગાલ અંઇ ચોજારે;
એકાંતે વઇ પેંડ જા દુરગુણ,
વિચારે ને લોજા. અંઇ ૧
વગર વિચાર્યા કમ કરેને,
ખડમેં કેડાં મપોજારે;

૨૩૦

શિવપદ કે અંતરમેં ધારે,
ભક્તિ નદિમેં વોળા. અં'ઈ. ૨

શિવ૦

હમેશાં યાદ રાખવા યોગ્ય.

એક સુચના

તમોને
કોઇપણુ વખતે કોઇપણુ પુસ્તકની
જરૂર પડે
ત્યારે

મુંબાઇમાં પ્રસિદ્ધ થયેલી અમારી

કુંપનીને
પહેલી ખબર આપજો

બહારગામના ઓડરો બહુજ કાળજીપૂર્વક અને તાકીદે રવાના કરી ગ્રાહકોને સંતોષ આપવામાં આવે છે તેની નોધ લેવી વિસારશો નહિ.

સરનામું:—

મેસર્સ મેઘજી હીરજીની કું.
પુસ્તકો વેચનાર અને પ્રસિદ્ધ કરનાર
પાયધુની નં. ૫૬૬–મુંબાઇ.

જૈન સાહિત્ય નવયુગ પ્રથમ કિરણ.

શ્રી મહાવીર જીવનવિસ્તાર.

આ ગ્રંથ માટે જાણીતા જૈન અને જૈનેતર વિદ્વાનોના સંખ્યાબંધ ઉત્તમોત્તમ અભિપ્રાયો મળ્યા છે જેમાંનો એકજ અભિપ્રાય અમો અત્રે પ્રગટ કરીએ છીએ.

શ્રી જૈન શ્વેતાંબર કૅાન્ફરન્સ હેરલ્ડના માનવંતા તંત્રી

શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇ

બી. એ એલએલ. બી. લખે છે કેઃ-

*મહાવીર જીવનવિસ્તાર—લેખક, શ્રીયુત **સુશીલ** પ્રયોજક-**પરી ભીમજી હરજીવન, પ્રકાશક મેસર્સ મેઘજી હીરજીની કુંપની** મુલ્ય રૂ. ૧-૮-૦.

---

*આ ગ્રંથની નકલો શિલકમાં માત્ર ૧૫૦ છે, કારણ કે આઠસો નકલના ગ્રાહક તો પુસ્તક છપાયા પહેલાંજ થઇ ગયા હતા માટે વહેલો તે પહેલો.

"અમે જ્યારે "શ્રી મહાવીરનો સમય અને ધર્મપ્રવર્તક તરીકે મહાવીર" એ નામનો લેખ લખી આ માસિકના ગત વર્ષના પર્યુષણ સમયે કાઢેલા શ્રીમાન્ મહાવીર અંકમાં પ્રસિદ્ધ કર્યો હતો ત્યારે આ પુસ્તક અપ્રસિદ્ધ હતું અને તેની સહાય લેવામાં આવી છે એવું સ્વીકાર કરી સ્પષ્ટ જણાવ્યું હતું કે "આ પુસ્તક જો કે નાનું થશે, પણ એવી સુરમ્ય, ચિત્તાકર્ષક, બોધપ્રદ અને શૌર્યાન્વિત ભાષા શૈલીમાં વિચારપૂર્વક રા. સુશીલે રચ્યું છે કે તે એક વખત વાંચવા લીધું તો પડતું મૂકવું નજ ગમે એમ અમને તેની હસ્તલિખિત પ્રતને આ તક મળ્યા પછી છાતી ઠોકીને કહેવામાં કશો બાધ

આવતો નથી."—આ લખ્યા પછી લગભગ એક વર્ષે આ પુસ્તક બહાર પારવામાં આવ્યું છે પણ તેની અંદર ચિત્રો તદ્દન નવીન અને કલ્પનામિશ્રિત મુકી તેનો પરિચય જુદાજ રંગીન કાગળપર કરાવી પાકા પુઠામાં બહાર પાડવા માટે મેસર્સ મેઘજી હીરજી પોતાના સાહસ માટે મગરૂરી લઇ શકે તેમ છે. આ પુસ્તકમાં રા સુશીલે જે વિચારો દર્શાવ્યા છે તે સર્વેને સંમત નહિ થઇ શકે છતાં તે જણાવવામાં પોતે કોઇ પણ અભિનિવેશથી દોરાયા છે એવું તો તેઓમાંનો કોઇ પણ સજ્જન સ્વીકારી શકશે નહિ રા. સુશિલ જૈન લેખકોમાં એક સ્વતંત્ર વિચારક, પ્રખર અધ્યાયી અને નિડર લખનાર તરીકે પ્રસિદ્ધ

થયેલા છે, છતાં જણાવવું પડે છે કે તે ઘણું થોડું લખે છે. પરંતુ તે જે કંઇ લખે છે તેમાં વિલક્ષણતા, અને પ્રતિભા ખાસ તરી આવે છે. તેમના લખેલા સંવાદો, આત્મા અને કર્મનો સંયોગાદિ તત્વજ્ઞાનના લેખો, તથા જે કંઇ તેમણે લખેલું હોય તે સર્વ એક પુસ્તકના આકારમાં બહાર પાડવાની વિનંતી આ પુસ્તકના પ્રકાશકને કરીશું કે જેથી ઘણું અજવાળું પડવાનો સંભવ છે. આ પત્રમાં રા સુશીલે અંગ્રેજીમાંજ બે ત્રણ લેખો લખી મોકલેલા તે પ્રસિદ્ધ થયા છે. તેથી રા. સુશીલના વિચારનો વધુ પરિચય ગુજરાતીમાં કરવા ઈચ્છતા જ-નોને આ પુસ્તક તેમજ હવે પછી જે જે નીકળે તે વાંચવા-મનન કરવાની ભલામણ કરીશું.”

રૂપ

જૈન-સાહિત્ય નવયુગ દ્વિતીય કિરણ

શ્રી મહાવીરભક્ત-મણીભદ્ર.

સચિત્ર

બે હજાર પૂર્વે પુણ્યભુમિ ભારતવર્ષમાં જૈન શાસનનો કેવો પ્રબલ પ્રતાપ વર્ત્તતો હતો, પૂર્વે આ ભારત ભુમીમાં કેવા કેવા સંયમી અને ધાર્મિક પુરૂષો ઉત્પન્ન થતા હતા, બે સહસ્ર વર્ષ પહેલાં ભારત માતાએ રત્નમાળા જેવી કેવી પવિત્ર ચેતાતેજસ્વિની નારીઓ ઉત્પન્ન કરી હતી તેનું સંક્ષિપ્ત દિગ્દર્શન કરવું હોય તો એકવાર **મહાવીરભક્ત મણીભદ્ર** વાંચો આ પુસ્તક વાંચવાથી જૈનયુગનું આબે-હુબ ચિત્ર તમારી દ્રષ્ટિ સન્મુખ ખડું થશે. પુત્રોનું પુત્રીઓનું કિંવા સંતાનોનું ચારિત્ર સુધારવા માટે, તમને પવિત્ર

અંતઃકરણવાળા તથા ધર્મપરાયણ બનાવવા માટે કોઇપણ જાતના સંકોચ વગર આ પુસ્તક તેમના હાથમાં આપો! બાળકો બાળિકાઓ તથા નવયુવકોના ચિતને ચંચલ કરે એવું એક પણ પાત્ર આ નવલકથામાં નથી દોષથી વર્ત્તમાન નવલકથાઓ નિંદાપાત્ર ગણાય છે તેવો એક પણ અંશ આ વાર્ત્તામાં નથી. છતાં ખુબી તો એ છે કે આદિથી લઇને અંતપર્યંત એવો તો સતત રસ વહે છે કે એકવાર વાંચન શરૂ કર્યા પછી પુસ્તક પાછું મુકવું ગમતું નથી? ભુખ-તૃષાપણ ભુલી જવાય છે. કિંમત રૂ. ૧-૦-૦.

મેસર્સ મેઘજી હીરજીની કું૦
જૈન બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ.
પાયધુની—મુંબઈ.

વાંચવા લાયક ચિત્ર

પુસ્તકો.

1. [illegible]
2. [illegible]
3. [illegible]
4. [illegible]
5. [illegible]
6. [illegible]
7. [illegible]

[illegible]

[illegible]

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ.

[illegible]